કુમાર

સંસ્થાપક : સ્વ. રવિશંકર રાવળ · આદ્યતંત્રી : સ્વ. બચુભાઈ રાવત

આવતી કાલનાં નાગરિકો માટેનું માસિક

વર્ષ ૬૧મું · અંક ૩જો · માર્ચ ૧૯૮૪

તંત્રી · બિહારીલાલ ટાંક





નન્હા ઉસ્તાદ

ડાબી બાજુ : 'ત્રિશૂલ' ગિરિશિખરો

ફોટોગ્રાફર

રમુભાઈ અ. આચાર્ય

(જુઓ આ અંકની 'કલાવાર્તા')

રસ્તાના અધિકારી



સળંગ

૭૨૩

મો અંક



રાગ વસંત • 'ઋતુનાં કુસુમાકરઃ' કહી ગીતામાં શ્રીકૃષ્ણે જેને ગૌરવ પ્રદાન કર્યું છે તે વસંત ઋતુને આવકારતાં - બિરદાવતાં અનેકાનેક સુંદર વર્ણનો છેક **ઋગ્વેદથી** મળતાં રહ્યાં છે. વાલ્મિકી અને માઘે બહુ રસિકતાથી તેને વર્ણવી છે. કાલિદાસે તો તેની સૌંદર્યશ્રીની ઉન્માદકતાનાં અત્યંત પ્રભાવક વર્ણનો કર્યાં છે. ભારવી અને શ્રીહર્ષે પણ તેને અતિ કલ્પકતાથી આલેખી છે, અને કવિ જયદેવની હૃદયસ્પર્શી અભિવ્યક્તિ તો સદીઓ પછી યે એટલી જ મધુર લાગે છે. નવયૌવનમાં થનગનાટ પ્રેરતી શૃંગારભાવઉદ્દીપક આ ઋતુને દુનિયાભરના સર્જક - કવિ, લેખક, ચિત્રકાર, સંગીતકાર કે નૃત્યકારને નિત્ય નવીન પ્રેરણા આપી છે.

શીતકાળની ઠંડી જઇને હવા જ્યારે ખુશનુમા બની હોય, ખેતરોમાંથી પાક લેવાયા પછી કાળી મજૂરીમાંથી મુક્ત બનેલા લોકો તૃપ્તિ અનુભવતા હોય, ત્યારે વાતાવરણથી માંડી માનવ-મનમાં પ્રસન્નતા છવાઈ રહેતાં આનંદોત્સવોની સ્ફુરણા પ્રકટે એ સ્વાભાવિક છે. સર્જક કલાકારો પણ એમાંથી કેમ બાકાત રહે? સંગીતકારોએ તો તેનો એક રાગ - વસંત રાગ રચ્યો છે. શૃંગાર રસજનક ગંભીર પ્રકૃતિનો એ રાગ છે. તેનું સ્વરૂપ સમજાવતાં લક્ષણગીતોમાં વસંત રાગનો વર્ણ ચંદન અર્ચિત શ્યામ, રક્તવર્ણી વસન, એક હાથમાં આમ્રમંજરી ને બીજામાં તાંબુલ ઇત્યાદિ કલ્પી તેનું વર્ણન કર્યું છે. વસંત ઋતુને અનુરૂપ આ લક્ષણો સાથે વસંતોત્સવ, મદનોત્સવ, ફાગોત્સવ, હોલીખેલન વગેરેનું અનુસંધાન પણ તેમાં સ્પષ્ટ છે. રાગરાગિણીનાં અનેક શૈલીનાં ચિત્રોમાં વસંત રાગનાં ચિત્રો અચૂક હોય જ. આ પણ એક એવી જ કૃતિ છે. અઢારમી સદીમાં ગુજરાતના સીમાપ્રદેશ પરના સીરોહી રાજ્યમાં થએલા આ ચિત્રમાં નવમંજરીયુક્ત આમ્રવૃક્ષો, ને તેમાં ગહેકતા મોર સાથે વસંત રાગ સાથે ઋતુની લાક્ષણિકતાઓ સાંકળી લઇને હોલીખેલનનું એ કાળની શૈલીએ સુંદર આલેખન કર્યું છે.

અપીલ

ધર્મયજ્ઞમાં સહભાગી બનો   અંતરાત્માને પૂછો અને જલ્દી નિર્ણય કરો

ગ્રામવિકાસ ટ્રસ્ટ અને ગુજરાત રાજ્ય રાહત સમિતિ

આદ્યપ્રમુખ: શ્રી રવિશંકર મહારાજ   પ્રમુખ: શ્રી દિલખુશભાઈ દીવાનજી

કાર્યાધ્યક્ષ: શ્રી પ્રભુદાસ બાલુભાઈ પટવારી

દાદાએ તા. ૨૯-૨-૮૪ના રોજ સો વર્ષ પૂરાં કર્યાં છે.

ત્યારે એમનું પ્રિય કામ તરસ્યાને પાણી આપવાનું કરીએ.

ભાવનગર જિલ્લાના વાવાઝોડામાં આ ટ્રસ્ટોએ રૂા. ૯૦ લાખનાં મકાનો સો ગામડાંઓમાં બાંધી આપ્યાં. બે વર્ષમાં ગુજરાત ભરનાં ૧૦૧ ગામડાંઓમાં પાણીની સુવિધા કરી આપીછે. જૂનાગઢ પોરબંદર વિસ્તારના રેલરાહતમાં પણ ખેડૂતોને અને કારીગરોને મકાનો બાંધવામાં ટ્રસ્ટે સારી સહાય કરી છે. આસામના નિર્વાસિતો માટે રૂા. ૪ લાખ ખર્ચ્યાં હતા અને ઓરીસ્સાના અને તામીલનાડુના પૂરમાં સારી સહાય કરી છે. હવે આ વર્ષથી ગુજરાતના બાકી રહેતા જરૂરિયાતવાળા અને બીજાં ગામડાંઓ કે જ્યાં બહેનોને પાણી ભરવા માટે ૨–૪ માઈલ રોજિંદી પદયાત્રા કરવી પડે છે તેમને પાણીની સુવિધા આપવા પૂ. રવિશંકર દાદાની તીવ્ર લાગણી મુજબ કાર્યવહી હાથ ધરી છે. આ કાર્ય માટે હાલ તુરત રૂ. પચાસ લાખની જરૂર છે. કૂવા માટે રૂ. વીસ હજારનું દાન આપનાર સંસ્થા કે વ્યક્તિના નામની તે કૂવા પર આરસની તકતી મુકાય છે. બોર-વેલમાં રૂ. પચાસ હજાર આપનાર વ્યક્તિ કે સંસ્થાના નામની તકતી મુકાશે. ટ્રસ્ટને જણાવતાં આનંદ થાય છે કે ગુજરાતના દરેક જિલ્લામાં ટ્રસ્ટે પાણીની સુવિધા કરવાનું કાર્ય કર્યું છે અને પ્રભુકૃપા અને પૂ. રવિશંકર દાદાના આશીર્વાદથી આ બધાં સ્થળોએ ખૂબ મીઠું પાણી નીકળ્યું છે. ધોલેરામાં બોરિંગમાં એક કલાકે ૧૧૦૦ ગેલન પાણી ઊછળીને આવે છે પરંતુ તે ખારું હતું. આ ટ્રસ્ટે રૂા સાઠ હજાર ખર્ચી ખારા પાણીમાંથી મીઠું પાણી કરવાનું મશીન મૂકયું છે અને તેથી ભાલ વિસ્તારને ઘણો લાભ થયો છે. અમરેલી જિલ્લાના લીલીયા મહાલમાં ગામડાંઓમાં ત્યાંનાં પાણી પીવાથી ગ્રામજનો સવારમાં દોરડા કે લાકડીની મદદ સિવાય ઊભાં થઈ શકતાં ન હતાં ત્યાં મોટું ખર્ચ કરી નાલગોન્ડા ટેકનિક દ્વારા શુદ્ધ પાણીની વ્યવસ્થા પ્રાયોગિક ધોરણે કરી આપી છે.

દરેક શાળા, કૉલેજ અને સંસ્થાઓ ફાળો ઉઘરાવવાનું કાર્ય હાથ ધરી સૌને આ શુભ કાર્યમાં સહભાગી બનાવે.

અમને શ્રદ્ધા છે કે રૂ. ૫૦ લાખની થેલી ટૂંકમાં ભરાઈ જશે. ટ્રસ્ટના દાતાઓને ૧૫૦ ટકા રાહત મળે છે. ૫૦ ટકા ઈન્કમટેક્સની અને ૧૦૦ ટકા દુઃખીયા ગ્રામવાસીઓના સાચા દિલના આશીર્વાદની. આપનું દાન તાત્કાલિક મોકલો. રૂ. ૧ થી લાખો રૂપિયા દાતાઓ આપે છે. યથાશક્તિ દાન દ્વારા આપ આ માનવતાના ભગીરથ યજ્ઞમાં સહભાગી બનો.

ગુજરાત રાજ્ય રાહત સમિતિ

લાલદરવાજા, અમદાવાદ ૧

કુમાર

માર્ચ ૧૯૮૪

સળંગ અંક ૭૨૩

ચિત્રો

રમુભાઈ આચાર્યના ફોટોગ્રાફો   પૂઠું
રાગ વસંત   ત્રિરંગી મુખચિત્ર

કાવ્યો

છેટું (ઉશનસ્)   ૫૨
ક્યારે (શશિશિવમ્)   ૫૨
પદધ્વનિ (નલિન રાવળ)   ૫૨
જિંદગી (શોભન)   ૫૨

ચરિત્ર

ગેલન   ૫૩
જમાલ ધોબી (ચરિત્ર નિબંધ)   'આનંદશર્મન' ૭૨

વાર્તા

ઍટેચીની અદલબદલ   સુકન્યા ઝવેરી ૫૫
શ્રવણ (લઘુકથા)   પ્રફુલ્લ રાવળ ૬૨

લેખો

માંડવી અને કચ્છનાં નાનાં બંદરો ડૉ. શિવપ્રસાદ રાજગોર ૬૦
જલન માતરી (વિનોદની નજરે)   વિનોદ ભટ્ટ ૬૪
દસ   રતિલાલ હરિભાઈ નાયક ૬૭
ડેનિસ કેઈથ લિલી (ટેસ્ટ-શતાબ્દીની વિશ્વએકાદસ-૯)
ભરત ના. ભટ્ટ ૬૯
બ્રિજ અને શતરંજ   સુરેશ મોદી ૭૦

વિભાગો

કુમારનાં પારિતોષિકો   ૬૩
કલાવાર્તા (રમુભાઈ આચાર્ય)   જયંત સિદ્ધપુરા ૬૫
ટિકિટસંગ્રહ   ૭૩
સાહિત્યસંપર્ક   ૭૪
છેલ્લું પાનું   ૭૫

અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી પહોંચી વળવાનો પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા અંકો ભરપાઈ કરી આપવાનું બંધન અમારે માથે રહેતું નથી.

'કુમાર' કાર્યાલય લિમિટેડ તરફથી મુદ્રક અને પ્રકાશક : અશોકભાઈ બચુભાઈ રાવત - મુદ્રણ અને પ્રકાશન-સ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમારકાર્યાલયલિમિટેડ • ૧૪૫૪ રાયપુર ચકલા • અમદાવાદ-૩૮૦૦૦૧, ફોન નં. ૩૬૩૭૪૫ - વાર્ષિક લવાજમ : રૂ. ૩૦-૦૦; પરદેશ : રૂ. ૬૦-૦૦ અથવા પાઉન્ડ ૪ અથવા ડૉ. ૧૦; છૂટક નકલ : રૂ. ૩-૦૦

છેટું / ઉશનસ્

મૃદંગ-સૉનેટ

ખાંધે ચઢાવી પગલે દ્રુત વાટ કાપીને
એ લોક રોકી ડૂસકું, ઉરભાર સંઘરી
આવ્યું લઈ સ્વજનદેહ ફૂલોથી લાદીને
આ ભસ્મભોમ હળુ ચેહ પરે દીધો ધરી;
સૌયે ગયું નિકટ છેલ્લું જવાય એટલું,
સૌથી ગયું નિકટ તે સગું આગ મૂકવા,
ધીમેધીમે વિખરી લોક ગયું, મસાણિયા
ઘાટે નવાણુ મહીં નાહી સંબંધ જેટલું;
વાતો હવે નીકળી છે સઘળી જ કાળમાં
પાછા જતાં સ્વજન જે ગત-ની પ્રશસ્તિમાં,
પાછા ફરે મરઘટેથી પથો ય હસ્તીમાં;
પ્રોવાઈ રૂહે પછીથી વર્ષથી વર્ષ હારમાં;
છેટું હવે સમયમાં પડી જાય સર્વથા,
ને છેટું જે સ્થળનું તેહની ક્યાંય ના કથા!

પદધ્વનિ / નલિન રાવળ

ગુલબંકી

અજાણુ પંખીના અદીઠ સૂરના સમી
બપોર આંખમાં ઢળી...
સર્યો નિવાસ-બ્હાર
બ્હાર ગામની ય બ્હાર...
પાર એ સમયની પાર
ગ્રીષ્મ આભની તળે ખીલેલ બાગ
બંધ દ્વાર
બંધ દ્વારની કને ઊભો
ઊભો
વિમાસતો
હું કોણુ? ક્યાં અહીં?
ખૂલ્યાં સવેગ દ્વાર...સૌરભે ભરી હવા મને લઈ ગઈ
વસંતભારથી લચેલ ડાળીઓ મહીં
સુણી રહ્યો પદે પદે પદધ્વનિ મહીં ઝીણી સૂરાવલી
નિહાળતો ફૂલેફૂલે કુમાશ નીતર્યા શિશુમુખો
શિશુમુખો
હજાર ખિલખિલાટ હાસ્યછોળમાં
ડુબાવતા
ખીલેલ બાગ
ગ્રીષ્મ આભ
આ અદીઠ પંખીસૂરના સમી બપોર ને મને
કહીં ઊડે ઊડે?

ક્યારે ? / શશિશિવમ્

ગાન

મારાં નૅણુને નયન ક્યારે મળશે ?
વહેલા પરોઢની શીતલ પણુ રણકે
ને ક્યારે કમળ સળવળશે ?...મારાં૦

સરવરમાં ડૂબેલાં પંકમાં પોઢેલાં
રાતના કાજળથી આંજેલાં,
તલનાં તિમિર થકી ઘેરાયાં વ્હાલમા !
સોનેરી સરવર માંજેલાં
એવાં ક્યારે કમળ સળવળશે ?...મારાં૦

ખૂલ્યા ક્ષિતિજના રંગો સોહામણા
ને આભના ઉજાશ ધીરા સરકે,
ધરતીની કોર કૈંક સોનેરી ચળકે
ને વાયુનાં અણુઅણુ મરકે;
હવે ક્યારે કમળ સળવળશે ?...મારાં૦

જિંદગી / શોભન

હરિગીત

આ જિંદગી તમને મળી
તે જોઈ લો, છે કેવડી?
'સુખી થવું'...'દુખી થવું',
બસ, બે ક્રિયાપદ જેવડી!

આ જિંદગી તમને મળી
તે જોઈ લો, છે કેવડી?
'રડવું છૂપા'...'હસવું પરાણે',
એ બે ક્રિયાપદ જેવડી!


આ જિંદગી તમને મળી
તે જોઈ લો, છે કેવડી?
'મળવું' અને 'જુદા થવું',
બસ, બે ક્રિયાપદ જેવડી!

આ જિંદગી તમને મળી
તે જોઈ લો, છે કેવડી?
'જન્મી અને પાછા જવું'
એ બે ક્રિયાપદ જેવડી!

એક વિશાળ વૃક્ષ છે, જેનાં પાન સતત ખરતાંરહે છે.–ઈ. ૧૬૦૯ના વનસ્પતિશાસ્ત્રના એક લખાણમાં આ રીતે આરંભ કરીને આગળ વર્ણવ્યું છે કે, 'આ પાન એક બાજુ પાણીમાં પડે છે ને ધીરેધીરે તેમાંથી માછલાં બને છે, તો બીજી તરફ એ પાન ભૂમિ ઉપર પડી તેમાંથી પંખીઓ પેદા થાય છે.'

સજીવ પદાર્થો કઈ રીતે પ્રકટે છે અને કઈ રીતે કાર્ય કરે છે તેનું વિજ્ઞાન માત્ર માહિતીઓથી અજ્ઞાનનો અવકાશ ભરી દઇને નહિ, પણ ગેરમાર્ગે દોરનારી માન્યતાઓને ધીરેધીરે નાબૂદ કરીને રચાયું છે. મધ્યયુગના લોકોના કુતૂહલને સંતોષતી આવી તો અનેક માન્યતાઓ પ્રચલિત હતી. સોળમી સદીનો વિખ્યાત વૈદ્ય અને કીમિયાગરોમાંનો એક પારાસેલ્સસ પોતાના કાળનો બહુ બુદ્ધિશાળી ગણાતો માણસ હતો. એ પણ એવું માનતો હતો કે પ્રયોગશાળામાં વૈજ્ઞાનિક રીતે માનવજીવની ઉત્પત્તિ કરી શકાય, એટલું જ નહિ, એણે તો જાણે પોતે એ સિદ્ધ કર્યું હોય તેટલી શ્રદ્ધાથી તેની રીત પણ બતાવી હતી.

આજે જેને આપણે તરંગી દિમાગની પેદાશ ગણીએ એવા અનેક તુક્કાઓ ત્યારે પ્રકટતા અને વિલાતા રહેતા હતા. વાસ્તવિક્તા અને કલ્પના વચ્ચેનો તફાવત તારવવો ત્યારે શક્ય નહોતો. અને જ્યાં સુધી–એટલે કે નવજાગૃતિના કાળમાં નવા અભિગમો પ્રકટવાનો આરંભ થયો ત્યાં સુધી વિજ્ઞાનનો વિકાસ થઈ શક્યો નહોતો. પણ પછી વૈદ્યો અને વાઢકાપ-નિષ્ણાતોએ શરીરનાં ચોકસાઈભર્યાં નિરીક્ષણો કરવા માંડ્યાં અને વૈદ્યકમાંથી જીવવિજ્ઞાનનો ઉદય આરંભાયો. છતાં ઈ. ૧૮૦૨ સુધી જીવવિજ્ઞાન–'બાયોલૉજી' શબ્દ પ્રચલિત બન્યો નહોતો. તો યે આ વિજ્ઞાનશાખાનો આગવો વિકાસ ઈ. ૧૬૧૫થી આરંભાયો તેમ કહી શકાય. ઈંગ્લૅન્ડના ચાર્લ્સ પહેલાના ખાસ દાક્તર વિલિયમ હાર્વેએ હૃદયને પંપ જેવું વર્ણવી તેના દ્વારા શરીરમાં લોહી ફરતું હોવાનો ખયાલ રજૂ કર્યો, અને શરીરના કાર્યને યાંત્રિક કામગીરી સાથે સરખાવી શકાય તેવી કલ્પના પ્રકટ કરી, એ માણસના બૌદ્ધિક વિકાસના ઇતિહાસમાં એક સીમાસ્તંભ ગણી શકાય. બાકી ત્યાં સુધી જીવન એક ચમત્કાર ગણાતું અને તેના વિષે બુદ્ધિ લડાવવી એ પણ અપવિત્ર સાહસ મનાતું. છતાં બે હજાર વર્ષ પૂર્વે ગ્રીક લોકોએ જીવનનું રહસ્ય પામવા પ્રયત્નો કરેલા, અને એ રીતે જીવવિજ્ઞાનનો ઇતિહાસ તેમનાથી આરંભાયો તેમ પણ કહી શકાય.



ઈસ્વી સન પૂર્વે ૫૦૦ વર્ષ પહેલાં આલ્કેમીઅન નામના એક ગ્રીકે પ્રથમ શરીરછેદન કર્યાની માહિતી મળે છે. આંખના જ્ઞાનતંતુઓ અને મોં તથા કાનની વચ્ચે એક નળી હોવાનું તેણે વર્ણવ્યું છે. બે હજાર વર્ષ પછી એસ્ટુચી નામના એક રોમન વૈદ્યે એ નળીને વિગતે વર્ણવી. એના નામ પરથી આજે આપણે તેને 'અસ્ટુચીએન ટ્યૂબ' તરીકે જાણીએ છીએ. ઈંડાંઓ સેવીને તેમાં વિકસતા ગર્ભનો પણ તેણે અભ્યાસ કરેલો. આ રીતે એ ગર્ભવિકાસશાસ્ત્રનો પણ સ્થાપક ગણાય. સાગરખેડૂ ગ્રીકોએ માછલીઓનો પણ અભ્યાસ કરેલો.

ઔષધીઓનો મહાન જ્ઞાતા હિપોક્રેટિસ પણ જીવવિજ્ઞાનનો જનક ગણી શકાય, કારણ આ વિજ્ઞાન વૈદ્યકના જ્ઞાનમાંથી પ્રકટ્યું છે. કાળા અને પીળા પિત્ત, લોહી અને કફ એ ચાર ધાતુઓ પર આધારિત સિદ્ધાંતો સાથે એ વૈદ્યકનું શિક્ષણ આપતો. આમાંની જે ધાતુઓનો પ્રભાવ વધારે હોય તે પ્રમાણે માણસ ઉદાસીન, તામસી, ઉમંગી કે જડ હોય તેમ ત્યારે મનાતું. 'એકને માટે પોષણ તે બીજાને માટે ઝેર હોઈ શકે' જેવાં અનેક સૂત્રો એણે પ્રચલિત કરેલાં.

લગભગ આ અરસામાં પ્લૅટો અને ઍરિસ્ટોટલના શિષ્ય થીઓફ્રેસ્ટોસે એકદળ અને દ્વિદળ વનસ્પતિઓ વચ્ચેના તફાવતો તારવી લગભગ ૫૦૦ જાતના છોડનું વર્ણન આપ્યું હતું. પશ્ચિમી જગતનો એ પહેલો વનસ્પતિશાસ્ત્રી ગણાય છે.

ઈસ્વી સન પૂર્વે ૩૫૦માં પ્લૅટોના શિષ્ય અને મહાન સિકંદરના ગુરુ ઍરિસ્ટોટલે પણ કટલફિશ, ઇલેક્ટ્રિક ઈલ અને ઍન્જલર માછલીનાં નિરીક્ષણો કરેલાં. શાર્ક જેવા મત્સ્યનું છેદન કરી તેણે એનાં બચ્ચાં ગર્ભમાં કઈ રીતે વિકસે છે તે જોવા પ્રયાસ કરેલો. એનાં ઈંડાં ગર્ભાશયમાં આવી તેની દીવાલ સાથે જોડાએલી ઓરમાંથી નીકળતી નાળ દ્વારા પોષણ પામે છે એવું એણે તારવેલું. ૨૨૦૦ વર્ષ સુધી તો તેના આ તારણ પ્રતિ લક્ષ અપાયું નહિ. સસ્તન પ્રાણી જેવી આ ખાસિયત મત્સ્યમાં હોવાનો ખયાલ એક ગપ્પું જ મનાતું રહ્યું. પણ ૧૯મી સદીમાં જોહાનિસ મ્યૂઅલરે કેટલાંક મત્સ્યોમાં આ લાક્ષણિક્તા હોવાનું શોધી ઍરિસ્ટોટલના કથનને ખરું ઠેરવ્યું. ઍકેલસ નદીમાં થતી કૅટફિશની પ્રજનનની ખાસિયતો પણ ઍરિસ્ટોટલે વર્ણવી હતી, પણ યુરોપની કૅટફિશમાં એ જોવા મળી નહોતી. એટલે તેનું વર્ણન પણ હસી કઢાતું. પરંતુ ૧૯મી સદીના મધ્યમાં સ્વિસ પ્રકૃતિવિદ લૂઈ અગાસિઝે અમેરિકન કૅટફિશનો અભ્યાસ કરી ઍરિસ્ટોટલના વર્ણનને સાચું ઠરાવેલું. આમ, ઍરિસ્ટોટલે પણ જીવવિજ્ઞાનમાં આગવું પ્રદાન કર્યું હતું. વ્હેલ, પૉર્પોઇઝ અને ડૉલ્ફિન જેવા ગરમ લોહીવાળા જળજીવોને એણે ઠંડા લોહીવાળા જળજીવોથી અલગ તારવવા સાથે લગભગ ૫૨૦ જાતના જીવોનું તેણે વર્ણન આપ્યું હતું. જો કે એનું એકેય અસલ લખાણ મળતું નથી, પણ તેનાં કેટલાંક ભાષાંતરો મળે છે. એમાં યે કેટલાંક તો બીજાનાં લખેલાં પણ હોવાનું મનાય છે. એણે પોતે જે જોયું તથા બીજાઓએ અગાઉ જે લખેલું તેનો સ્વીકાર કરી લઈ તેણે એ બધાં જ્ઞાનનો વ્યવસ્થિત સમન્વય કર્યો હશે. એમ દા. ત. હિરોડોટસના વર્ણનને શબ્દશ: સ્વીકારી લઇ તેણે મગરનાં ઉપર-નીચેનાં જડબાં એકબીજા સાથે જોડાએલાં વર્ણવ્યાં છે.

◁ ભૂંડના દેહછેદન દ્વારા ગેલને સાબિત કરી બતાવેલું કે સ્નાયુઓ ઉપર જ્ઞાનતંતુઓનો કાબૂ છે. આજે જેને આપણે 'ન્યૂરોફિઝિયોલૉજી' તરીકે ઓળખીએ છીએ તેના પ્રારંભિક વિકાસની દિશામાં તેની આ શોધ એક લાંબુ કદમ હતું. આ આલેખન તેના પુસ્તકની ઈ. ૧૫૪૧માં પ્રકટ થએલી આવૃત્તિમાં આપવામાં આવેલું.

પ્રાચીન જીવવિજ્ઞાન-શાસ્ત્રીઓમાં છેલ્લો અને હિપોક્રેટિસ પછીનો બીજો મહાન ગ્રીક વૈદ્ય-ફિલસૂફ

ગેલન



એ જ રીતે સિંહનાં હાડકાં વિષે તેણે લખ્યું છે કે તે એટલાં તો સખત હોય છે કે ચકમકના પથ્થર પેઠે એકબીજા સાથે ઘસતાં તેમાંથી તણખા ઝરે. દેહધર્મ વિષેના એના વિચારો અને જાદુઈ ખયાલો વચ્ચે બહુ અંતર નથી. પુરુષ ઉષ્ણ હોય છે, અને એથી એ વધુ ક્રિયાશીલ તત્ત્વો ધરાવે છે, તથા સ્ત્રી ઠંડી હોય છે, ને તેથી નિષ્ક્રિય તત્ત્વો ધરાવે છે, અને ઉત્તરની ઠંડી હવા પુત્રીઓ પેદા કરવામાં પ્રેરક છે. આવીઆવી ઘણી માન્યતાઓ તેના થકી પ્રસરી હતી. પણ મધ્યયુગમાં તેના પ્રતિ એટલો બધો આદર હતો કે ઑક્સફર્ડની યુનિવર્સિટીમાં એના કહ્યાથી ભિન્ન એવું કોઈ કંઈ શીખવે તો તે સજાને પાત્ર ગણાતું. પરિણામે જીવવિજ્ઞાનના વિકાસમાં રૂકાવટ આવી ગઇ હતી.

પણ ઍરિસ્ટૉટલે એક મહત્ત્વનું કાર્ય પણ કરેલું. વનસ્પતિ અને ક્ષુદ્ર જીવોથી આરંભી કવચવાળા પ્રારંભિક જીવો, પછી સરિસૃપ, પક્ષી, મત્સ્ય અને ઉભયચર જીવો સહિત ઈંડાં મૂકતાં પ્રાણીઓ, તે પછી સસ્તન પ્રાણીઓ અને છેવટ માનવ, એમ ઉત્તરોત્તર ચઢતા ક્રમમાં એણે બધા જીવોની એક વ્યવસ્થિત ગોઠવણ કરી આપી હતી. અઢારમી સદીમાં વિકસેલા ઉત્ક્રાંતિના વિચારનું આ રીતે એણે બીજ રોપ્યું હતું.

વનસ્પતિ, પ્રાણીઓ અને માણસ માટે ત્રણ જુદાજુદા પ્રકારના પ્રાણની તેણે કલ્પના કરેલી. કોઈ ચમત્કારિક શક્તિ વિષેની તેની એ કલ્પના હતી. કંઈક વધુ અજ્ઞાત દ્વારા તે અજ્ઞાતને સમજાવવા જેવું હતું. અને આ બધો પ્રયાસ વિશ્વરચના વિષેની ઉપપત્તિ ને તત્ત્વજ્ઞાનના અટપટા માળખામાં મેળ બેસારવાનો હતો.

જીવવિજ્ઞાનના વિકાસની આ આછીશી ભૂમિકા ગેલનની મહત્તા સમજવામાં સહાયક બનશે.

ગેલનને 'વિચક્ષણ'–'ધ બ્રિલિયન્ટ'નું બિરુદ અપાયું છે. પ્રાચીન કાળનો એ છેલ્લો મહાન જીવવિજ્ઞાની ગણાય છે. ખરું ને ખોટું એણે જે જ્ઞાન આપ્યું તેનો પછીનાં ૧૫૦૦ વર્ષો સુધી ઘણો પ્રભાવ રહ્યો હતો. એની એ આભા આજે યે તેના નામની આસપાસ રહી છે.

એશિયા માઇનોરમાં પ્રાચીન ગ્રીક રાજ્ય અને પછી ત્યાંના રોમન પ્રાંતનું પર્ગામમ (અથવા પર્ગામૉન) નામે પાટનગર હતું. અંદાજે ઈ. ૧૩૦માં અહીં ગેલનનો જન્મ થએલો. એના સ્થપતિ પિતાએ એને ધનનો મોટો વારસો આપેલો. બહુ નાનપણથી ગેલન તે કાળે પ્રચલિત વિધવિધ ફિલસૂફોની વિચારશૈલીઓથી પરિચિત બન્યો હતો. પોતાના વિચારો રજૂ કરવામાં એ કંઈક આક્રમક પણ બની જતો. એના કહેવા પ્રમાણે એની આ ખાસિયત એની માતાનો વારસો હતી. માતા હમેશાં ગેલનના પિતા સામે બરાડા જ પાડ્યા કરતી અને ક્યારેક તો ચિડાઇને ઘરનોકરડીને બચકાં યે ભરી લેતી. 'ગેલન' એટલે શાંત અને ઠાવકું. કદાચ કંઈક સારી આશાથી તેને આ નામ અપાયું હશે!

ઈ. ૧૪૬માં એણે વૈદ્યકનો અભ્યાસ આદર્યો, બે વર્ષ પછી તે સમયના વિખ્યાત વૈદ્ય પેલપ્સનાં વ્યાખ્યાનો સાંભળવા છેક સ્મીર્ના ગયેલો. જ્ઞાનની ખોજમાં એણે ગ્રીસ, સિલિસીઆ, ફિનિશીઆ, પૅલેસ્ટાઈન, ક્રેટ, સાયપ્રસ અને અંતે ઍલેક્ઝાંડ્રિયાની શાળાઓમાં પણ એ ગયો હતો. ઈ. ૧૬૪માં એ રોમ જઈ વસ્યો, જ્યાં બહુ થોડા સમયમાં ધંધાકીય પ્રતિષ્ઠા પ્રાપ્ત કરવા સાથે ત્યાંના ઉચ્ચોચ્ચ વર્તુળમાં તેણે ગાઢ પરિચય પણ સાધ્યા હતા. આગળ જતાં એ રોમન સમ્રાટના અંગત વૈદ્યનું પદ પણ પામેલો, અને એની આ ચઢતી અનેકની ઇર્ષ્યાનું કારણ પણ બનેલી.

આરંભમાં પર્ગામમમાં ગ્લેડીએટરો માટેનો એ દાક્તર હતો. એ વખતે એણે જોયું કે કોઈ ગ્લેડીએટને કરોડમાં ઘા પડતાં તેની નીચેનાં અંગો પંગુ કે જડ બની જતાં. આ પરથી તેને લાગ્યું કે કરોડની અંદરના જ્ઞાનતંતુઓનો તે અંગો ઉપર કાબૂ હોવો જોઇએ. જીવતા ભૂંડના શરીરના છેદનમાં અકસ્માત તેનાથી એક જ્ઞાનતંતુ કપાઈ જતાં તરફડાટ કરતું ભૂંડ, પછીનું છેદન ચાલુ હોવા છતાં પણ, એકદમ શાંત પડયું રહ્યું. એ પરથી સ્નાયુઓ પરના જ્ઞાનતંતુના કાબૂ વિષે તેને સાબિતી મળી ગઈ. અને પછી તો તેણે આ વિષે સારું એવું જ્ઞાન મેળવી લીધું. ઍરિસ્ટૉટલે કહ્યા પ્રમાણે જ્ઞાનતંતુઓનું મૂળ છાતીમાં હોય છે ને તેમાંથી અવાજ પ્રકટે છે, એ દૃઢ થઈ ગએલી માન્યતાની સામે ગેલનની આ શોધ એક મોટા આગેકદમ જેવી હતી. આ ઉપરાંત ગેલને લગભગ ૩૦૦ સ્નાયુઓ વિષે લખ્યું છે, અને એ પ્રત્યેક સ્નાયુ એક જ દિશામાં સંકોચાય છે, અને એથી એને અનુરૂપ હલનચલન થઈ શકે છે, તથા તેમ કરવા સ્નાયુની સાથે જોડાએલો જ્ઞાનતંતુ પ્રેરે છે તે પણ તેણે શોધી કાઢયું. પણ ગેલન રક્તાભિસરણ અંગે એવું માનતો કે ફેફસાંમાંથી હવા હૃદયમાં જાય છે, ત્યાં એ લોહીમાં ભળે છે અને તેમાંથી દોષ ખેંચી લઈ ફેફસાંમાં પાછી ફરી બહાર નીકળી જાય છે. આથી ફેફસાં માત્ર અવાજ જ કરે છે. વળી, તે ધારતો હતો કે રક્તવાહિનીઓમાં ધુરા અને બીજી નસોની ગોઠવણ એકબીજીથી ભિન્ન છે અને તેમાં લોહીની ભરતી-ઓટ ચાલ્યા કરે છે.

એ સમજતો કે હવામાં શરીરને જરૂરી એવું કંઈક હોવું જ જોઇએ, જે લોહી ગ્રહણ કરે છે. આ 'કંઈક'ને તે પ્રાણ, અને તે વિશ્વ સમગ્રમાં પ્રસરિત પ્રાણમાંથી આવતો હશે. આ પ્રાણના પ્રાકૃતિક, જીવનોપયોગી અને પ્રાણીઓની કાઈરત કરતો પ્રાણ એવા ત્રણ પ્રકાર એ માનતો. આમાંનો જીવનોપયોગી પ્રાણ હવા દ્વારા પ્રસરી શરીરમાં પેસી લોહીને શુદ્ધ કરે છે ને તેનો લાલ રંગ પાછો આણે છે એવો તેનો ખયાલ હતો. (આ જીવનોપયોગી પ્રાણને આપણે ઑક્સિજન ગણીએ તો એ સત્યની નજીક હતો તેમ કહી શકાય.) તેના મતે પ્રાકૃતિક પ્રાણ આહારમાંથી આવે છે (આપણે તેને 'શક્તિ' કહીએ) અને તે કાળજા દ્વારા લોહીમાં ભળે છે. છેલ્લે લોહી જ્યારે મગજમાં પહોંચે ત્યારે તેમાંના પ્રાણી-પ્રાણથી ઉત્તેજના પ્રકટે છે (આને જ્ઞાનતંતુઓની વિદ્યુત શક્તિ કહી શકીએ,) જે જ્ઞાનતંતુ દ્વારા શરીરમાં ફેલાય છે. ગેલને આના પરિણામે થતા મિશ્રણની શોધ માટે અનેક પ્રયોગો કર્યા પણ તેમાં તેને સફળતા મળી નહિ.

શરીરમાં શુદ્ધ લોહી કેમ ફરી વળે છે તે એ સમજાવી શક્યો નહિ, એટલે એણે એવી કલ્પના કરી કે હૃદયમાં જમણી તરફથી ડાબી તરફ જતું લોહી તે બે વચ્ચેની છિદ્રાળુ દીવાલમાંથી પસાર થાય છે. પણ એ છિદ્રો કોઈ ખાળી શક્યું નહિ. છતાં ૧૫૦૦ વર્ષ સુધી ગેલનના ખયાલને કોઇએ નકારવાની હિંમત કરી નહોતી. ગમે તેમ પણ ગેલને આ અગાઉનો નસોમાં હવા ભરી હોય તેવો પ્રચલિત ખયાલ તો દૂર કરેલો જ.

ગેલને લગભગ ૫૦૦ જેટલા પ્રબંધો લખેલા, જે ઍથેન્સની ઍટિક ગ્રીક ભાષામાં હતા. આમાં એણે પોતે નોંધ્યા પ્રમાણે (અનુ. પૃ. ૭૬)

સત્યજિત રાયની એક રહસ્યકથા

એટેચીની અદલબદલ

—સુકન્યા ઝવેરી—

પૂર્વકથા : દિલ્હીથી કલકત્તા આવતાં દીનાનાથ લાહિડીની ઍટેચી બૅગ સાથેના કોઈ એક પ્રવાસી સાથે બદલાઇ ગઈ છે. એ ઍટેચીના માલિકને શોધી તેને તે પહોંચાડવાનું તથા પોતાની ઍટેચી પાછી મેળવવાનું કામ એ ફેલુદાને સોંપે છે. કંઈ પણ આધાર વિના ફેલુદા તે ઍટેચીના માલિક મિ. જી. સી. ધમિજાનો પત્તો મેળવે છે, એટલે દીનાનાથબાબુ તે ઍટેચી મિ. ધમિજાને પહોંચાડવા ફેલુદાને સિમલા મોકલે છે. દરમિયાન દીનાનાથના ભત્રિજા પ્રવીર લાહિડીનો પણ ફેલુદાને પરિચય થાય છે. તે ફિલ્મમાં એક્ટિંગ કરતો હોય છે, અને દીનાનાથને તે પસંદ નથી. ફેલુદા સિમલા જાય એ પહેલાં પેલી ઍટેચી કલકત્તામાં જ એક સ્થળે પહોંચાડવા દિનાનાથબાબુને ફોન મળે છે, ફેલુદા એ માટે જાય છે ને ત્યાં તેના ઉપર હુમલો કરી ગુંડાઓ ઍટેચી ઉઠાવી જાય છે. પરંતુ ફેલુદાની અગમચેતીથી તેઓ ઉતરાય છે અને ખરી ઍટેચી સલામત રહે છે. અંતે ફેલુદા અને તપેશ સિમલા જવાની તૈયારી કરે છે, તેની જાણ થતાં લાલમોહનબાબુ–'જટાયુ' પણ તેમની સાથે જવા તૈયાર થાય છે. પણ ફેલુદા કલકત્તાથી નીકળે તે પહેલાં......

આવતી કાલે તો સિમલા જવાનું હોઈ આજે આખો દિવસ ફેલુદા ખૂબ રોકાએલા રહ્યા. આ એક જ દિવસમાં તો એમના હાવભાવ બિલકુલ બદલાઈ ગયા છે. એમનું ચિત્ત ઠેકાણે નથી એ તો એ વારંવાર આંગળીઓના ટચાકા ફોડયા કરે છે તે પરથી જણાઈ આવે છે, અને એ પણ સમજાય છે કે, પેલી મિ. ધમિજાની ઍટેચીમાં કિંમતી કહેવાય એવું કશું જ નથી તે છતાં બદમાશોએ એ હાથ કરવા શા માટે પ્રયત્ન કર્યો એ જેમ મને સમજાતું નથી તેમ ફેલુદા પણ તે અંગે કશો ખયાલ બાંધી શકતા નથી. કાલે ઘેર આવીને ફરી વધુ એક વાર એમણે મિ. ધમિજાની ઍટેચીમાંની એકએક ચીજ ધ્યાન દઇને તપાસી હતી, એ તો ઠીક, પણ ટુથપેસ્ટ અને શેવિંગ ક્રીમની ટ્યૂબો પણ દબાવીને અંદરની પેસ્ટ સુધ્ધાં બારીકાઈથી જોઈ–તપાસી હતી. ઍટેચીમાંથી મળેલાં છાપાં પણ ઉખેળીને તેના પાનેપાને નજર ફેરવી હતી. અરે હજામતની બ્લૅડ પરનો કાગળ ખોલીને તેને ય બરાબર જોયો હતો. પણ આમાં કયાંયે સંદેહજનક કશું જ મળ્યું નહોતું.

સવારે આઠ વાગતાં ફેલુદા બહાર નીકળી ગયા હતા. જેમતેમ કરી મેં થોડા કલાક ઘરમાં એકલા બેસી રહેવા માટે મનને તૈયાર કર્યું. બાપુજી પંદરેક દિવસ માટે મેસેનજોર ગયા છે. એમને પત્ર લખીને સિમલા જવાની વાત જણાવી દેવી પડશે. જતી વેળા ફેલુદા કહી ગયા છે કે એ અગિયારેક વાગતાં સુધીમાં પાછા આવી જશે, પણ એ દરમિયાન જો કોઈ કૉલબેલ વગાડે તો મારે જાતે જઇને બારણું ન ખોલતાં શ્રીનાથને કહેવું.

ખેર, બાપુજીને પત્ર લખી, વાર્તાનું એક પુસ્તક લઈ મેં બેઠકખંડના સોફા ઉપર લંબાવ્યું. પણ મગજ પર ઍટેચીનું રહસ્ય સવાર થઈ બેઠેલું હોઈ વાંચવામાં ચિત્ત લાગ્યું નહિ. જેમજેમ હું વિચારતો ગયો તેમતેમ મનમાં ગૂંચવાડો જ વધતો ગયો. દીનાનાથબાબુ, એમનો પેલો ઍક્ટર ભત્રિજો, તોછડા સ્વભાવવાળા નરેશ પકડાશી, ઍપલવાળા સિમલાવાસી ધમિજા, વ્યાજવટુ કરતા વ્રજમોહન, બધા જ જાણે બુરખાધારી માણસો. એ તો ઠીક, પણ એર ઇન્ડિયાની ઍટેચી અને તેમાંની ચીજો પણ જાણે છદ્મવેષધારી બની બેઠી હતી. અને ઓછામાં પૂરો કાલે રાતે મિટારિયા સ્ટ્રીટમાં અમારા પર થએલા હુમલાનો બનાવ...

અંતે વિચારવાનું બંધ કરી, પેલી વાર્તાની ચોપડી મૂકી દઇને મેં એક ફિલ્મી સામયિક ઉપાડયું. 'તારાબાજી' એનું નામ. ઓહ, આ તો પેલું જ સામયિક જેમાં મેં અમરકુમારનો ફોટો જોયો હતો. આ રહ્યો એ. નીચે લખ્યું છે: 'શ્રીગુરુ પિક્ચર્સની નવી ફિલ્મ 'અશરીરી'-માં નવાગત અદાકાર અમરકુમાર'. માથા પર દેવઆનંદના 'જુએલ થીફ'માં એણે પહેરી હતી તેવી ટોપી, ગળા પર વિંટાળેલો મફલર, પાતળી મૂછ ને તેની નીચે હોઠને ખૂણે જેને ક્રૂર કહી શકાય તેવો મરકાટ. હાથમાં પાછી એક રિવૉલ્વર, જે જોતાં જ બનાવટી લાગતી હતી.

એકાએક મનમાં એક તુક્કો આવ્યો. ટેલિફોન ડિરેક્ટરી ખોલી એક નામ શોધી કાઢયું–શ્રીગુરુ પિક્ચર્સ, ત્રેપન નંબર, બેન્ટિક સ્ટ્રીટ. ફોન નંબર ટુ ફોર ફાઈવ ફાઈવ ફાઈવ ફોર. તુરત એ નંબર જોડયો. સામે છેડે ઘંટડી સંભળાયા પછી અવાજ આવ્યો, 'હલો !'

'શ્રીગુરુ પિક્ચર્સ ?' મેં પૂછ્યું. છએક માસથી મારો ઘાંટો બદલાઇને પુરુષ જેવો અવાજ બનવા લાગ્યો છે એટલે મને ખાતરી હતી કે એ લોકો મારા અવાજ પરથી મારી સાડા પંદર વર્ષની ઉમર જરૂર નહિ કળી શકે.

'હા જી, શ્રીગુરુ પિક્ચર્સ.' જવાબ મળ્યો.

'આપના 'અશરીરી' પિક્ચરમાં જે નવા ઍક્ટર અમરકુમાર કામ કરે છે એમના સંબંધે...'

'આપ મિસ્ટર મલ્લિક સાથે વાત કરો.' અને પછી લાગ્યું કે મિ. મલ્લિકને લાઈન આપવામાં આવી.

'હલો !' હવે મિ. મલ્લિક જ બોલતા લાગ્યા.

'આપની ફિલ્મ 'અશરીરી'માં અમરકુમાર નામના એક નવા ઍક્ટર કામ કરે છે ને ?'

'હા, પણ એ તો તેમાંથી હવે કૅન્સલ થઈ ગયા છે.'

'કૅન્સલ થઈ ગયા છે ? એટલે કે હવે તેઓ એ ફિલ્મમાં નથી ?'

'હા, એમ જ છે. પણ આપ કોણ વાત કરો છો ?'

'હું...' પણ શું નામ આપવું તે ન સૂઝતાં મેં બુદ્ધુની જેમ તુરત ફોન મૂકી દીધો. અમરકુમારને ફિલ્મમાંથી રદ કર્યાનું મને આશ્ચર્ય થયું. જરૂર એમના અવાજને કારણે જ હશે. એ અવાજ વિલનના પાત્રને યોગ્ય નહોતો જ. પણ શું અમરકુમારને આની જાણ નહિ હોય ? આ સામયિકમાં એમની છબી છપાઈ ગયા પછી એમને કૅન્સલ કર્યા હશે ? કે પછી જાણવા છતાં અમરકુમારે એ હકીકત છુપાવી હશે ?

આવા બધા વિચારોમાં હું લીન હતો ત્યાં એકાએક ટેલિફોનની ઘંટડી રણકતાં હું ચમકી ગયો. હાંફળાફાંફળા થઈ મેં ફોન ઉપાડી 'હલો' કહ્યા પછી થોડી વાર સુધી તો સામેથી કશો જ અવાજ ન સંભળાયો. એ પછી એક ખટકાર કાને પડ્યો. ખયાલ આવી ગયો કે ફોન

પબ્લિક બૂથમાંથી જોડાયો હતો. ફરી મેં હલો કહ્યું અને સામેથી કોઈ બોલ્યું, ધીમો પણ સ્પષ્ટ અવાજ હતો, 'સિમલા જવાના છો ને?'

કોઈ અજાણ્યો માણસ અમારા સિમલા જવા વિષે જાણે અને આમ અચાનક ગંભીરતાથી પૂછે એથી હું તો આભો બની ગયો. થૂંક ગળી હું ચૂપ જ રહ્યો. ત્યાં ફરી એ અવાજ આવ્યો. એકએક અક્ષર સ્પષ્ટ સંભળાય તેમ ટાઢકથી તેણે કહ્યું : 'જશો તો મુસિબતમાં મુકાઈ જશો, સમજ્યા? મુસિબતમાં!'

અને પછી તુરત એ માણસે ફોન મૂકી દીધો. એને કંઈ પણ કહેવા જેવી મારી સ્થિતિ પણ હતી નહિ. પેલા નશાખોર રાણા ઉપર વાઘ ત્રાટક્યો ત્યારે એની બંદૂક કાંપતી હતી એવી જ રીતે કાંપતા હાથે ફોન મૂકી દઈ હું મૂઢ બની બેસી રહ્યો.

અર્ધોએક કલાક પછી ફરી ઘંટડી રણકી. સાંભળતાં જ મારા શરીરમાં પાછો કંપ ફરી વળ્યો, પણ પછી તુરત ખયાલ આવ્યો કે આ રણકાર ફોનનો નહિ, ડોરબેલનો હતો. ઘડિયાળ પર નજર પડતાં લાગ્યું કે હવે ફેલુદા જ પાછા ફર્યા હશે. મેં જ જઇને બારણાં ખોલ્યાં. એ જ હતા. હાથમાં મોટું બંડલ જોઈ સમજાઈ ગયું કે અમારાં બંનેનાં ગરમ કપડાં ધોવાઇને આવી ગયાં છે. ફેલુદાએ એક આડી નજર મારા પર ફેરવી લીધી ને તુરત પૂછ્યું, 'કેમ હોઠ કરડે છે? કોઈ અજાણ્યા ફોનથી ગભરાઈ ગયો છે કે શું?'

'શી રીતે જાણ્યું કે ફોન આવ્યો હશે?' આશ્ચર્ય પામતાં મેં પૂછ્યું.

'રિસીવર જે રીતે મૂક્યું છે એ પરથી જ ખબર પડે છે. વળી, આપણા હાથ પરનો આ ગૂંચવાડાભર્યો કેસ જોતાં આવો ફોન ન આવે તો જ આશ્ચર્ય લાગે. ખેર, કોણે કર્યો હતો ફોન, અને શું કહ્યું એણે?'

'કોણે કર્યો હતો એ તો ખબર ન પડી, પણ કહે કે સિમલા જશો તો મુસિબતમાં મુકાશો.'

પંખાની સ્પીડ વધારી પાટ ઉપર લંબાવતાં ફેલુદાએ પૂછ્યું, 'તેં શું કહ્યું?' 'કંઈ જ નહિ.'

'ઇડિયટ! તારે કહેવું જોઇતું હતું કે આજકાલ તો કલકત્તાના રસ્તા કે ઘાટ પર ચાલવું એ પણ રણાંગણની મુસિબત જેવું છે, તો પછી સિમલાની શી વિસાત છે.'

ફેલુદાએ ધમકીને એવી રીતે ઉડાવી દીધી કે પછી તો મારામાં યે હિંમત આવી ગઈ. મેં પૂછ્યું, 'લૉન્ડ્રી સિવાય બીજે ક્યાંક્યાં જઈ આવ્યા?'

'એસ. એમ. કેદિયાની ઑફિસે. વ્રજમોહન બહુ ભલો માણસ લાગ્યો. બંગાળી બહુ સાફ બોલે છે. ત્રણ પેઢીથી કલકત્તામાં છે. નરેશ પકડાશી સાથે ખરેખર એને લેવડદેવડનો વ્યવહાર થયો છે. હજી યે પકડાશી એનો દેવાદાર છે. ધર્મિજાનું સફરજન એણે પણ ખાધું હતું. એની પાસે એર ઇન્ડિયાની બ્લ્યૂ ઍટેચી નથી. ટ્રેનમાં મોટે ભાગે ઊંઘીને યા આંખ મીંચી પડ્યા રહીને સમય વિતાવ્યો હતો.'

મારે પણ ફેલુદાને પેલા ખબર આપવાના હતા. 'અશરીરી' ફિલ્મમાંથી અમરકુમારની બાદબાકી થઈ ગયાની વાત મેં ફેલુદાને કહી. સાંભળીને એ કહે, 'આ પરથી તો લાગે છે કે એ છોકરો ખરેખર સારી ઍક્ટિંગ કરી શકે છે!'

એ પછીના દિવસ દરમિયાન અમે અમારો સામાન તૈયાર કરવાનું પતાવી નાખ્યું. કાલે સવારે સાડા ચાર વાગ્યે તો ઊઠવાનું હોઈ પછી કદાચ એ માટે સમય ન મળે. માત્ર ચારેક દિવસ માટે જ જવાનું હોઈ જરૂર પૂરતાં કપડાંથી વિશેષ ખાસ કશું લેવાનું પણ નહોતું. સાંજે લગભગ સાડા છએ 'જટાયુ' ઉર્ફે લાલમોહનબાબુનો ફોન આવ્યો. કહે, એક નવી જાતનું શસ્ત્ર ખરીદ્યું છે. દિલ્હી પહોંચ્યા પછી બતાવીશ.' એમને પાછો આવો અસ્ત્રશસ્ત્ર એકઠાં કરવાનોય શોખ છે. રાજસ્થાનમાં અમારી સાથે જોડાયા ત્યારે એક ભુજાલી સાથે લઇને આવેલા. જો કે એની ક્યાંય જરૂર પડી નહોતી. એમણે પોતાની ટિકિટ લઈ લીધી હતી. સવારે દમદમ હવાઈમથકે એ એમને મળવાના હતા.

રાતના આઠ વાગ્યા પછી દીનાનાથબાબુનો ડ્રાઈવર અમારી દિલ્હીના પ્લેનની અને દિલ્હીથી સિમલાની ટ્રેનની ટિકિટો આપી ગયો. સાથે એમનો એક પત્ર પણ હતો—

પ્રિય મિસ્ટર મિત્તિર,

દિલ્હીમાં જનપથ હોટેલમાં એક દિવસ અને સિમલામાં ક્લાર્ક્સ હોટેલમાં ચાર દિવસ માટેનું તમારા માટે રિઝર્વેશન કરાવી લીધું છે. તમારા કહેવા પ્રમાણે સિમલા મિ. ધર્મિજાને તાર કરેલો તેનો જવાબ આવી ગયો છે. તેમાં જણાવ્યા પ્રમાણે મારી ઍટેચી એમણે સંભાળીને રાખી છે. તેઓ પરમ દિવસે સાંજના ચાર વાગ્યે પોતાને ત્યાં તમારી રાહ જોશે. એમનું સરનામું તો તમારી પાસે છે જ. તમે મારી ઍટેચીમાંની વસ્તુઓની યાદી માગી હતી, ફરી યાદ કરતાં લાગ્યું કે મારે માટે કિંમતી એવી એક જ ચીજ તેમાં હતી, અને તે વિલાયતમાં બનેલી ઍન્ટેરોવાયોફૉર્મ ગોળીઓની એક બાટલી. દેશી ગોળીઓ કરતાં એ વધુ અસરકારક લાગી છે. તમારી સફર નિરાપદ અને સફળ હો એ જ પ્રાર્થના કરું છું.–ઇતિ ભવદીય–દીનાનાથ લાહિડી.

સવારે બહુ વહેલા ઊઠવું પડશે એટલે આજે વહેલા જમી-પરવારી દસેક વાગતામાં સૂઈ જવાનો અમારો ઇરાદો હતો. પણ પોણા દસે અમારી ડોરબેલ રણકી ઊઠી. બારણું ખોલતાં હું આશ્ચર્યથી થંભી ગયો. આવનાર વ્યક્તિને અમારે આંગણે જોવાની કલ્પના જ આવે તેમ નહોતી. ફેલુદા પણ પળભર અચંબો પામી અવાક્ બની ગયા, પણ પોતાનો મનોભાવ કળાવા દીધા વગર તુરત તે બોલ્યા, 'ઓહો! ગુડ ઇવિનિંગ મિસ્ટર પકડાશી. આવો, અંદર આવો.'

મિ. પકડાશી અમારે ત્યાં આવે એ તો નવાઈ હતી જ, પણ એમના ચહેરા પર નરમાશ અને મનમાં કદાચ કંઈ અવઢવ હોવાનો ભાવ તથા હોઠો પર ખસિયાણું હાસ્ય એ તો એકદમ આશ્ચર્યજનક પરિવર્તન હતું.

નરેશબાબુ અંદર આવીને કોચના બદલે ખુરશી પર બેસતા બોલ્યા, 'રાત બહુ વીતી ગઈ છે... મેં પાંચેક વાર ફોન કર્યો, પણ લાગ્યો નહિ, એટલે થયું કે જાતે જ જઈ આવું. માઠું તો નહિ લાગે ને?'

'જરા ય નહિ, બોલો, શી વાત છે?' ફેલુદાએ બહુ સ્વાભાવિકપણે કહ્યું.

'એક અરજ...એક ખાસ જાતની અરજ...અથવા તમે કદાચ બેહૂદો ગણો એવો અનુરોધ કરવા આવ્યો છું.'

'બોલો એવી તે શી ફરજ છે?'

'દીનાનાથની ઍટેચીમાં જે હસ્તપ્રત હોવાની તમે વાત કરી હતી તે શું 'તેશઈ'ના રચયિતા શંભુચરણની લખેલી હતી?'

'હા. પણ એ લખાણ તો એક ભ્રમણકથા છે.'

'ઓહ, માઈ ગોડ!'

ફેલુદાએ કંઈ પ્રતિભાવ ન દર્શાવ્યો. નરેશબાબુ પણ થોડી વાર કંઈ બોલ્યા નહિ. મને લાગ્યું કે તેઓ ઉત્તેજનાના ભાવને દબાવી રહ્યા હતા. જરા વાર પછી એ બોલ્યા, 'તમે જાણો છો કે ભ્રમણકથાઓનાં જેટલાં અને જેવાં પુસ્તકો મારા સંગ્રહમાં છે એટલાં અને એવાં કલકત્તામાં કોઈની પાસે નથી?'

'એ માની શકાય તેવું છે.' ફેલુદાએ કહ્યું, 'કબાટમાંનાં તમારાં પુસ્તકો પર મારી નજર નહોતી પડી એમ નહોતું. સોનેરી અક્ષરોમાં- કેટલાંક નામોમાં મેં સ્વેન હેડિન, ઈબ્ન બતુતા, ટ્રેવેનીએર, હૂકર...'

'તમારી નજર તો અદ્ભુત લાગે છે!'

'એને ભરોસે જ તો મારું કામ ચાલે છે.'

હવે નરેશબાબુએ એમની વળાંકવાળી પાઈપ મોંમાંથી બહાર કાઢી ફેલુદા ભણી તાકીને પૂછ્યું : 'તમે સિમલા જાઓ છો ને ?'

હવે ફેલુદાને લાગેલી નવાઈ છૂપી ન રહી શકી. નરેશબાબુને એની જાણ શી રીતે થઇ એ ભલે તેણે પૂછ્યું નહિ, પણ તેની નજરનો ભાવ એ જ હતો. આ જોઈ નરેશબાબુ જરા હસીને બોલ્યા, 'દીનુ લાહિડીની ઍટેચી ધમિજાની જોડે બદલાઈ ગઈ છે એ તમારા જેવા કુશળ માણસ માટે શોધી કાઢવું ચોક્કસ મુશ્કેલ નથી. ધમિજા નામ એની સ્યૂટકેસ ઉપર લખેલું હતું અને પોતાની એર ઇન્ડિયાની ઍટેચી મેં એમને વાપરતા જોયા હતા. એ ઍટેચીમાંથી શેવિંગનો સામાન કાઢીને એમણે દાઢી કરી હતી.'

'પણ ગઈ કાલે તો તમે મને એ વાત કરી જ નહોતી.'

'હું કહું એ કરતાં તમે પોતે જ બુદ્ધિ કસીને એનું નામ ખોળી કાઢો એમાં વધુ આનંદ નથી? આ તમારો કેસ છે, એ માટે તમને પૈસા પણ મળશે. પછી સામે ચાલીને હું શા માટે હેલ્પ કરું ? કહો.'

ફેલુદાના ચહેરા પરનો ભાવ જોતાં મને લાગ્યું કે નરેશબાબુની વાતનો એ અસ્વીકાર નહોતા કરતા. 'પણ તમારો બેહૂદો અનુરોધ શો છે એ તો તમે હજી કહ્યું નહિ.' તેણે કહ્યું.

'બીજું કશું નથી. લાહિડીની ઍટેચી તો તમને ચોક્કસ મળશે જ, અને એ સાથે પેલી હસ્તપ્રત પણ. મારી અરજ એ છે કે તમે એ હસ્ત-પ્રત લાહિડીને પાછી ન આપતા...'

'એટલે ?' ફેલુદા વચ્ચે જ બોલી ઊઠયા.

'એટલે કે લાહિડીના બદલે તમે એ મને આપજો.'

'તમને ?' ફેલુદાનો અવાજ ઉપર ચડી ગયો.

'મેં કહ્યું જ હતું ને કે મારી માગણી જરા બેહૂદી છે. પણ તમારે એ કબૂલ રાખવી જ પડશે.' પછી પોતાનાં ઘૂંટણો ઉપર બંને હાથની કોણી ટેકવી જરા આગળ નમી એ બોલ્યા, 'એનું પ્રથમ કારણ એ છે કે દીનાનાથને માટે એ હસ્તપ્રતનું મૂલ્ય સમજવું સંભવ નથી. એના ઘરે કબાટમાં તમે એક પણ સારું પુસ્તક જોયું? નથી જ જોયું. બીજું આ કામ હું તમને વિના કૉમ્પેન્સેશન કરવા નથી કહેતો. એ માટે હું તમને...' કહેતાં નરેશબાબુએ પોતાના કોટના અંદરના ખિસ્સામાંથી એક મોટું કવર બહાર કાઢી તે ખોલીને ફેલુદા સામે ધર્યું. એક જાણીતી વાસનો મારા નાકને અનુભવ થયો. એ વાસ હતી નવી કડકડતી કરન્સી નોટોની. સોસોની નોટોની એ થોકડી હતી.

'આ બે હજાર રૂપિયા છે. એ આગોતરા છે. પેલી હસ્તપ્રત મારા હાથમાં મૂકશો ત્યારે બીજા બે હજાર આપીશ તમને.'

ફેલુદાએ એ કવર પર નજર નાખીને તુરત પાછી વાળી લીધી. પછી પોતાના ખિસ્સામાંથી ચારમિનારનું પાકીટ કાઢી તેમાંથી એક સિગારેટ લઇને પેટાવી, અને પછી નિરાંતથી તેનો કસ લઈ મોંમાંથી ધુમાડો છોડતા બોલ્યા, 'મને લાગે છે કે દીનાનાથ લાહિડી એ હસ્તપ્રતની કદર કરે કે ન કરે તે આમાં અગત્યનું નથી. મેં જે કામ હાથમાં લીધું છે તે છે એમની ઍટેચી સિમલાથી લાવીને એમના હાથમાં સોંપવી – એમાંની બધી જ વસ્તુઓ સહિત. બસ, પતી ગયું.'

નરેશબાબુ આનો કંઈ ઉત્તર આપી શકયા નહિ. પછી કહે, 'ભલે, એ બધું જવા દઇએ. મારા અનુરોધની વાત પર પાછો આવું. લખાણ તમે મને લાવી આપો. દીનુ લાહિડીને કહેજો કે એ મિસિંગ છે, યા કહેજો કે ધમિજાએ કહ્યું છે કે ઍટેચીમાં એ હસ્તપ્રત હતી નહિ.'

'એમાં મિ. ધમિજાની શી પૉઝિશન થાય તે તમે વિચાર્યું છે? એક બિલકુલ નિર્દોષ માણસ પર હું આવી રીતે ચોરીનું આળ ચડાવવા માની જઈશ એ તમે શી રીતે માની લીધું ? માફ કરજો, મિ. પકડાશી, તમારો આ અનુરોધ માન્ય રાખવો મારા માટે શકય નથી.' અને આટલું કહી સોફા ઉપરથી ઊભા થતાં બહુ સભ્યતાપૂર્વક ફેલુદા બોલ્યા, 'ગુડ નાઈટ, મિ. પકડાશી. આશા રાખું છું કે તમે મને સમજ-વાની કોશિશ કરશો.'

નરેશબાબુ આ સાંભળી થોડી પળો તો ગૂપચૂપ બેસી રહ્યા. પછી રૂપિયા ભરેલું કવર પોતાના ખિસ્સામાં પાછું મૂકી ફેલુદા ભણી એક શુષ્ક હાસ્ય કરી ઊઠીને ચાલતા થયા. તેઓ ગુસ્સે થયા હતા, હતાશ થયા હતા કે એમને અપમાન લાગ્યું હતું એ હું કળી ન શકયો. પણ ફેલુદા માટે હું ગૌરવ અનુભવી રહ્યો. એના બદલે કોઈ બીજો ડિટેક્ટિવ હોત તો ? હું મનોમન વિચારી રહ્યો.

ઇન્ડિયન એર લાઇન્સની બસો ત્રેસઠ નંબરની ફ્લાઇટમાં અમે ત્રણ જણ દિલ્હી જવા નીકળ્યા. દમદમ વિમાનમથકના વેઇટિંગ-રૂમમાં હતા ત્યારે જ ફેલુદાએ ઍટેચી બદલાઈ જવાના કેસની અત્યાર સુધીની બધી વાત ટૂંકમાં લાલમોહનબાબુને કહી દીધી. એ સાંભળતી વખતે 'જટાયુ' વારંવાર ઉત્તેજિત થઈ થ્રિલિંગ, હાઈલી સસ્પિશીઅસ વગેરે વગેરે બોલી ઊઠતા હતા. તેમાં યે પ્રિટોરિયા સ્ટ્રીટમાં અમારા પર હુમલો કરનારાઓએ પોતાની સલામતી ખાતર શરીરે તેલ ચોળ્યું હોવાની વાત તો તેમણે પોતાની નાનકડી નોંધપોથીમાં તુરત ટપકાવી પણ લીધી. અમે વેઇટિંગરૂમમાં હતા ત્યારે ફેલુદાએ એમને એ પણ પૂછી લીધું કે આ અગાઉ તેઓએ કયારેય પ્લેનમાં સફર કરી હતી કે નહિ. અને એમણે જવાબ આપેલો કે, 'કલ્પનાથી દોડી શકતો માણસ પોતે કશું જ ન કર્યું હોય તો યે બધું જ કરી શકે છે. પ્લેનમાં અગાઉ હું બેઠો તો નથી, પણ તમે જો પૂછતા હો કે પ્લેનની સફરમાં હું નર્વસ-નેસ ફિલ કરું છું કે નહિ, તો હું કહીશ, નૉટ અ બિટ. કારણ કલ્પનામાં તો હું પ્લેનમાં જ નહિ, રૉકેટમાં બેસીને મૂન સુધી જઈ આવ્યો છું.'

આમ કહ્યા છતાંય પ્લેન રન-વે ઉપર તીર વેગે દોડીને જરા ત્રાંસું થઈ ઉપર ચડવા માંડયું ત્યારે જોયું કે લાલમોહનબાબુએ પોતાની સીટના બંને હાથા એવા તો જોરની જકડી લીધા કે એમની આંગળીઓના સાંધા ફિક્કા પડી ગયા હતા, અને હોઠના બંને બાજુના છેડા નીચા ઊતરી જઈ એમના નીચલા દાંતની પંક્તિ દેખાવા લાગી હતી, તથા ચહેરા પરથી જાણે લોહી જ ઊડી ગયું હતું.

પછી જ્યારે મેં પૂછ્યું તો કહે, 'એવું તો થાય જ. રૉકેટ જ્યારે પૃથ્વી છોડી શૂન્યમાં ઉપર ચડવા માંડે ત્યારે ઍસ્ટ્રોનોટના ચહેરા પણ આ જ રીતે વંકાઈ જતા હોય છે. અસલમાં ઉપર ચડતી વખતે માણસ અને મધ્યાકર્ષણ વચ્ચે લડાઈ ચાલતી હોય છે, અને એ લડાઈની છાપ માણસના ચહેરા ઉપર પડે છે. તેથી આવું થઈ જાય.'

મારી કહેવાની ઇચ્છા હતી કે જો એમ થતું હોય તો સાથેના બીજા બધા પ્રવાસીઓના ચહેરા પર પણ એવી જ અસર થવી જોઇએ, માત્ર એમના જ ચહેરા પર એ કેમ દેખાઈ, પણ સજ્જને પોતાની જાતને સંભાળી લીધી હતી અને હવે એ સફરના આનંદમાં આવી ગયા હતા એટલે હું ચૂપ રહ્યો.

પ્લેનમાં બ્રેકફાસ્ટ વખતે ટ્રેમાં પાઉં, માખણ, માર્મલેડ, ઇંડાંની ઑમલેટ, બેક્ડ બીન્સ, સંતરાં, કૉફી અને મરી–મીઠાની ડબ્બીઓ

સાથે પ્લાસ્ટિકની થેલીમાં સંખ્યાબંધ કાંટા-ચમચા ને છરી વગેરે આવ્યાં. લાલમોહનબાબુએ કૉફીની ચમચી વડે ઑમલેટ કાપીને ખાધી. છરીને ચમચા જેમ વાપરીને લુખ્ખું મામૅલેડ પણ ખાધું અને પછી કાંટા વડે સંતરું છોલવા લીધું, પણ એ ન ફાવતાં અંતે હાથ વડે છોલીને ખાધું. નાસ્તો પતાવ્યા પછી એમણે ફેલુદાને પૂછયું, 'તમને મેં હમણાં સોપારી ખાતા જોયા હતા, હજી છે વધુ?'

ફેલુદાએ પોતાના બે પગ વચ્ચે રાખેલી મિ. ધમિજાની ઍટેચી ખોલી તેમાંથી પેલી ક્રેડાકની ડબ્બી કાઢીને લાલમોહનબાબુને આપી. મને થયું આ એક સાદી ઍટેચી આપવા અને એના જેવી જ બીજી પાછી લાવવા ખાતર જ અમે કલકત્તાથી બારસો માઈલ દૂર સાત હજાર ફૂટની ઊંચાઇએ બરફીલા પ્રદેશમાં છેક સિમલા જતા હતા!

પ્લેનમાં ચડ્યા પછી થોડી જ વારમાં ફેલુદાએ પોતાની લીલી ડાયરી (વૉલ્યુમ નં. સાત) બહાર કાઢી તેમાં પોતાની અગડમ-બગડમ રીતે જાતજાતની નોટ્સ ટપકાવવા માંડી હતી. વચ્ચેવચ્ચે એ પેનનો છેડો મોંમાં ભેરવી બારી બહાર નીચે પથરાએલાં વાદળોની સફેદસફેદ બિછાત તરફ જોઈ કોઈ ઊંડા વિચારમાં સરી પડતા હતા. મેં તો હવે આ કેસ અંગે વિચારવાનું જ છોડી દીધું હતું. કારણ આમાં ખરું રહસ્ય કયાં હતું એ જ હજી હું સમજી શકયો નહોતો.

દિલ્હી પહોંચીને પ્લેનમાંથી બહાર નીકળતાં જ ઠંડી હવાના સ્પર્શથી શરીરમાં થરથરાટી ફરી વળી. ખૂબ જ ઠંડી હતી ત્યાં. ફેલુદાએ કહ્યું કે સિમલામાં તાજેતરમાં જ સ્નૉફૉલ થયો હશે. બરફ પડવાને કારણે ત્યાંની ઠંડી હવા દિલ્હી સુધી પહોંચી અહીં પણ ઠંડી વધારી દે છે. મિ. ધમિજાની ઍટેચી ફેલુદાએ પોતાના હાથમાં જ રાખી હતી, એટલું જ નહિ, પળભર પણ તેણે તે અળગી કરી નહોતી. લાલમોહનબાબુ આગ્રા હોટેલમાં ઊતરવાના હતા, એટલે નાહી-પરવારીને બારેક વાગ્યે અમારી હોટેલ પર આવવાનું કહી તે છૂટા પડ્યા. સિમલા જવા માટે અમારી ટ્રેન રાતે આઠ વાગ્યાની હોઈ, સાથે જ લંચ લીધા પછી અમે દિલ્હીમાં ઘૂમવા-ફરવાનું વિચારેલું.

જનપથ હોટેલ તો છ માળવાળું એક આલિશાન મકાન હતું. એના પાંચમા માળે પાંચસો બત્રીસ નંબરની ડબલ રૂમમાં અમારો સરસામાન યથાસ્થાને રાખી ફેલુદાએ પલંગ પર લંબાવ્યું. મારા દિમાગમાં ક્યારનોય એક પ્રશ્ન ઘુમરાતો હતો તે, આ તક મળતાં ફેલુદાને પૂછી નાખ્યો : 'આ ઍટેચી બદલાઈ જવાની બાબતમાં તમને સૌથી વધુ રહસ્યમય શું લાગે છે?'

'છાપાં.' ફેલુદાએ તુરત જ ઉત્તર આપ્યો.

'છાપાં!' મને કંઈ સમજાયું નહિ. એ કઈ રીતે તે સમજાવવા મેં ફેલુદાને ડરતાંડરતાં કહ્યું.

'મિસ્ટર ધમિજાની ઍટેચીમાં બબ્બે છાપાં ઘડી કરીને રાખેલાં એ તો તું જાણે છે. એ શા માટે? અત્યારે તો મારા માટે આ જ એક મોટો કોયડો છે. ટ્રેનમાં વાંચવા ખરીદેલું છાપું મોટે ભાગે તો લોકો ટ્રેનમાં જ મૂકી જાય યા ફાડીને તેનો બીજો કોઈ ઉપયોગ કરે, પણ ઘડી વાળી સાચવીને રાખે તો નહિ જ. અને છતાં...'

આ છે ફેલુદાની ખાસિયત! અચાનક આવો જ કોઈ મુદ્દો ખોળી કાઢી તેના પર એ વિચારવા માંડે. આવી મામૂલી લાગતી બાબત બીજા કોઈના ભેજામાં તો કદાચ આવે પણ નહિ.

દિલ્હીમાં અમે જેટલું રોકાયા તેમાં નોંધવા જેવી બે જ ઘટના બની. પહેલીમાં તો ખાસ કંઈ મહત્ત્વ નહોતું, પણ બીજી તો નોંધવી જ પડે તેવી હતી.

લગભગ સાડા બાર વાગ્યે લાલમોહનબાબુ આવ્યા. લંચ પતાવીને અમે 'જંતરમંતર' જોવા જવાનું વિચાર્યું. જયપુરના મહારાજાએ અઢીસો વર્ષ પહેલાં બનાવેલી આ ઑબ્ઝર્વેટરી અમારી જનપથ હોટેલથી ચાલીને જઇએ તો દસેક મિનિટના રસ્તે જ હતી. ઍટેચીની જાળવણી માટે ફેલુદાએ તો રૂમ પર જ રહેવાનું નક્કી કર્યું, એટલે લાલમોહનબાબુ અને હું એકલા જ નીકળ્યા. અને ત્યાં આ પ્રથમ ઘટના બની. થોડું ઘૂમ્યા પછી અચાનક લાલમોહનબાબુએ મારા કોટની બાંય ખેંચી બહુ ધીમા સ્વરે મને કહ્યું, 'એક સસ્પિશીઅસ કૅરેક્ટર લાગે છે. આપણને ફૉલો કરે છે.'

અને પછી આંખની ઇશારત કરી એમણે મને જે માણસ બતાવ્યો તે એક વૃદ્ધ હતો. માથા ઉપર નેપાળી કૅપ, આંખ પર કાળાં ચશ્માં અને કાનમાં રૂ. હરતાંફરતાં થોડી વાર ધ્યાન રાખી જોયું તો ખરેખર તક મળતાં એ માણસ અમારી હીલચાલ પર નજર ફેરવી લેતો હોય તેવું લાગ્યું.

'એ માણસને હું ઓળખું છું.' લાલમોહનબાબુ ધીમેથી બોલ્યા.

'એટલે! તમે એને કઈ રીતે ઓળખો છો?'

'પ્લેનમાં એ મારી બાજુમાં જ બેઠો હતો. મને સેફ્ટીબેલ્ટ બાંધવામાં એણે મદદ પણ કરેલી'.

'કંઈ વાત થઈ હતી તમારી સાથે?'

'ના. મેં એને થૅન્કયુ કહેલા, પણ એ કંઈ જ બોલ્યો નહોતો. વેરી સસ્પિશીઅસ!'

અમે એના વિષે જ વાત કરીએ છીએ એ કદાચ એ માણસ સમજી ગયો હશે. કારણ થોડી વાર પછી એ અમારી નજરે ક્યાંય પડ્યો નહોતો.

લગભગ સાડા ત્રણે અમે હોટેલમાં પાછા ફર્યા. રીસેપ્શન ક્લાર્ક પાસે જઈ મેં પાંચસો બત્રીસ નંબરના રૂમની ચાવી માગી, પણ એ તો ત્યાં હતી જ નહિ. પ્રથમ તો હું ગભરાઈ ગયો, પણ પછી થયું કે કદાચ હું જ એ અહીં આપતાં ભૂલી ગયો હોઈશ. ખિસ્સાં ફંફોસવા મેં હાથ લંબાવ્યો ત્યાં તુરત યાદ આવ્યું કે ચાવી ક્યાંથી હોય, રૂમમાં તો ફેલુદા રોકાયા હતા. એટલે રૂમ વાસ્યો જ ક્યાં હતો? હોટેલોમાં રહેવાનો બહુ અનુભવ નહિ એટલે જ આવો છબરડો થયો.

પાંચમા માળે લાંબા કોરીડોરમાં ચાળીસેક ફૂટ ચાલ્યા પછી જમણી બાજુ અમારી રૂમ છે. ત્યાં પહોંચી બારણે ટકોરા માર્યા. અંદરથી કંઈ જવાબ મળ્યો નહિ.

'કદાચ તારા મોટાભાઇ 'નૅપ' (વામકુક્ષી) લેતા હશે.'

મેં ફરી બારણે ટકોરા માર્યા. કંઈ જવાબ નહિ. બારણાનું હૅન્ડલ ફેરવ્યું તો લાગ્યું કે લૉક ખુલ્લું જ હતું. જરા ધક્કો માર્યો તો બારણું ખસ્યું ખરું પણ ખૂલ્યું નહિ. પેલી બાજુથી જાણે કંઇક નડતું હતું. જેટલું ખસ્યું હતું તેટલાથી પડેલી ફાટમાંથી મેં રૂમમાં નજર ફેરવી અને હું થીજી જ ગયો. બારણાની બરાબર પાછળ ભોંય ઉપર ફેલુદા ઊંધે માથે પડ્યા હતા.

અનેક કુશંકાઓથી હું ગભરાઈ ગયો. લાલમોહનબાબુ અને મેં મળીને બહુ સાવધાનીથી ધીરેધીરે ધક્કા મારી બારણાને વધુ અંદર ધકેલી રૂમમાં પેસવા જેટલો માર્ગ કર્યો.

અંદર ફેલુદા બેભાન પડયા હતા. લાલમોહનબાબુ દોડીને અંદરથી પાણીનો ગ્લાસ ભરી લાવ્યા. અને ફેલુદાના મોં પર છંટકોરવા લાગ્યા. જરા વારે ઊંહકારા કરતા ફેલુદાએ આંખો ખોલી. પછી માથા ઉપર સહેજ હાથ ફેરવતા મોં વાંકું કરી બોલ્યા. 'એ ચોક્કસ નથી જ.' એ

શું કહેવા માગતા હતા તે તો ન સમજ્યો, પણ તુરત હું દોડીને બાજુના ખંડમાં નજર નાખી આવ્યો અને કહ્યું, 'ના ફેલુદા, ઍટેચી ક્યાંય નથી.'

'નૅચરલી!' આટલું કહી ફેલુદાએ ઊઠવા પ્રયત્ન કર્યો. અમે બંનેએ ટેકો આપવા હાથ લંબાવ્યા, પણ એ કહે, 'આઈ કૅન મૅનેજ. માથે બરાબર તાળવા પર વાગ્યું હતું. હવે ઠીક છું.'

એ પછી બેએક મિનિટ આરામ કરી, હાથપગ હલાવી જોઈ એણે ફોન ઉપાડી રૂમમાં ચા મોકલવા કહ્યું, અને પછી શું થયું હતું તે કહેવા માંડ્યું:

'તમારા ગયા પછી અર્ધોએક કલાક પથારીમાં પડ્યાપડ્યા મેં થોડીક નોંધો લખી. કાલે રાતે બરાબર ઊંઘ થઈ શકી નહોતી એટલે એકાદ ઝોકું ખાઈ લેવા વિચારતો હતો ત્યાં ટેલિફોન આવ્યો.'

'ટેલિફોન!' મને આશ્ચર્ય થયું કે અહીં અમને કોણે ફોન કર્યો હશે.

'સાંભળ તો ખરો! ફોન લીધો તો રીસેપ્શન કાઉન્ટર પરના માણસે કહ્યું, કે 'મિસ્ટર મિત્તિર, એક સજ્જન નીચે ઊભા છે. તેઓ તમને વિખ્યાત ડિટેક્ટિવ તરીકે ઓળખે છે. તમારો ઑટોગ્રાફ લેવા ઇચ્છે છે. ઉપર મોકલું?'

વચ્ચે અટકીને ફેલુદાએ મને કહ્યું, 'ઑટોગ્રાફ લેવા કરતાં આપવાની લાલચ માણસમાં કંઈ કમ પ્રબળ હોતી નથી. હવે પછી હું પણ સાવધાન રહીશ. આ એક પાઠ મળ્યો ન હોત તો કદાચ હું આવી સાવધાની રાખતાં શીખત નહિ.'

પછી પોતાની વાત આગળ લંબાવી, 'મેં કહ્યું, મોકલી દો. એ માણસ ઉપર આવ્યો. બારણા પર નૉક કર્યું. અને જેવું મેં બારણું ખોલ્યું કે મારા માથા પર પ્રહાર થયો. બસ પછી તો મારી આંખે અંધારું વ્યાપી ગયું. પેલા માણસે મોં પર રૂમાલ બાંધ્યો હતો એટલે એનો ચહેરો પણ પૂરો જોવાયો નહિ.'

મને મારી જાત પર ચીડ ચડી. જંતરમંતર જોવા ન ગયો હોત તો શું ખાટુંમોળું થઈ જવાનું હતું? લાલમોહનબાબુ તુરત બોલ્યા, 'દિલ્હીમાં છીએ તો પ્રાઈમ મિનિસ્ટરને ફોન કરીએ તો કેમ?'

સુક્કું હસી ફેલુદા બોલ્યા, 'ઍટેચી ઉઠાવી જવામાં એને શો લાભ થયો હશે એ તો એ જાણે, પણ આપણને એ ભારે મુસિબતમાં મૂકી ગયો.'

પછી થોડી વાર તો અમે ગુમસૂમ બેઠા જ રહ્યા. અંતે ફેલુદા બોલ્યા, 'એક રસ્તો છે. સાવ સીધો તો નથી, પણ એ સિવાય બીજો કોઈ માર્ગ નથી. કેમ કે ખાલી હાથે તો આપણાથી સિમલા જઈ શકાય તેમ છે જ નહિ.'

ફેલુદાએ ટેબલ પરથી પોતાની લીલી નોટબુક ઉપાડી. તેમાં એણે મિ. ધમિજાની ઍટેચી અને તેમાંની વસ્તુઓની વિગતવાર નોંધ કરેલી હતી. એના પર નજર ફેરવી લઈ એ બોલ્યા, 'આમાં જો કે એવી કોઈ વસ્તુ નથી કે જે આપણને દિલ્હીમાંથી ન મળે. આ નોંધમાં છે એ જ પ્રમાણે આપણે એવી બધી ચીજો લઈશું. બધી વસ્તુઓ મેં એટલી બધી વાર નીરખી છે કે તે દરેકની અવસ્થા કેવી હતી તે ખુદ મિ. ધમિજાને પણ યાદ નહિ હોય તેટલી મને યાદ છે. તેથી એ અંગે તો ફિકર નથી. શેવિંગ ક્રીમ અને ટૂથપેસ્ટ જેટલી વપરાઈ હતી તેટલી ખાલી કરીને પેલીની જેમ જ વાળી દઈશું. સફેદ રૂમાલ ખરીદી તેના ઉપર 'જી' અક્ષર ભરી લેવાનું યે આજ ને આજ થઈ શકશે, મને તેનો રંગ અને વળાંક બરાબર યાદ છે. છાપાં બંને કદાચ એ જ તારીખનાં ન મળે, પણ એ તરફ ધમિજાનું લક્ષ કદાચ ન પણ જાય. બાકીમાં પેલી કોડાક ફિલ્મની ડબ્બી. એ માટે એક ફિલ્મ રોલનો ખર્ચ...'

'અરે થોભો, થોભો.' જટાયુ બોલી ઊઠ્યા, 'એ તો તેમાંથી સોપારી ખાવા મને પ્લેનમાં આપી હતી. તે હજી મારા ખિસ્સામાં જ જ પડી છે.' કહીને એમણે એ ડબ્બી ખિસ્સામાંથી કાઢીને ફેલુદાના હાથમાં મૂકી.

'વેરી ગુડ! ચાલો આ એક ચિંતા તો ઓછી થઈ! પણ આ ડબ્બી કાઢતાં તમારા ખિસ્સામાંથી પેલું શું પડ્યું?'

ડબ્બી સાથે લાલમોહનબાબુના ખિસ્સામાંથી કાગળની એક ચબરખી પણ બહાર પડી હતી જે ફેલુદાએ જોઈ. વાંકા વળી એમણે એ ઉપાડી લઇને ખોલી. તેમાં લાલ પેન્સિલથી લખ્યું હતું:

'જીવ વહાલો હોય તો સિમલા જશો નહિ.' (ચાલુ)

જમાલ ધોબી (અનુ. પૃ. ૭૨ થી) 'સાસકિન'નો કોટ લટકતો રહેતો. ધૂળ ચડેલી એના ઉપર. મેં હસતાંહસતાં કહ્યું 'એ કોટ પહેરવા જેવો છે.'

'હમારી શાદીકા હૈ.' એણે કહેલું.

'કેમ લટકાવી રાખ્યો છે?'

'કોઇ પૂછે તો કહ શકું કી ઐસા લટક રહા હૂં મૈં શાદી કે બાદ.'


આમ હસતાંહસતાં ક્યારેક જીવનનું સત્ય કહી નાખતો એ.

સમયની હરણફાળે એ વૃદ્ધત્વ પ્રતિ ગતિ કરતો રહ્યો, હું યૌવન પ્રતિ. નવા સમાગમે જમાલનો પરિચય ઘટતો ગયો. હવે તો એ પણ રસ્તા પરથી નીકળું ત્યારે હાથ ઊંચો કરી મને સલામ કરતો થઇ ગયો.

જમાલનો મોટોભાઇ બચુ એક મારામારીમાં મૃત્યુ પામ્યો. બચુના કુટુંબની જવાબદારી જમાલ પર આવી પડી. જીવનનો ઉલ્લાસ ઓગળતો ગયો. અસહ્ય મોંઘવારીમાં એનું વ્યક્તિત્વ હણાઈ ગયું. માંડમાંડ પૂરું કરતો'તો. મોંમાંથી દાંત પડી ગયા. બોખો લાગવા માંડ્યો એ. ચોકઠું કરાવવાની ઇચ્છા ખરી, પણ પૈસાની પાકી ખેંચ. એમ જ વૃદ્ધત્વ સવાર થઇ ગયું. જમાલના ચહેરા પરનું નૂર ઘટવા લાગ્યું. કંકાસ-કલેશ ઘર કરી ગયો હતો. બધું જ સહન કરી લેતો એ. છેલ્લે દિવાળીની મોડી રાતે એને જોએલો. સ્મૃતિમાં એ જ છેલ્લું દર્શન અકબંધ છે. લગભગ મધરાતે એકલોએકલો ઇસ્ત્રી કરતો'તો. દુકાનમાં બીજું કોઇ નહિ. મારી નજર પડી. ત્યાં ગયો, કુતૂહલથી પૂછ્યું, 'કેમ એકલા?'

'તન્હાઇ તો સાથ મેં હૈ.'

હું સહેજ હસ્યો. અને 'કેમ છો?' પૂછીને ચાલતો થયો. કેવી ખોખલી પૃચ્છા કરતા હોઇએ છીએ આપણે?! આવી પૃચ્છાનો સમાસ જ આપણી અર્ધી જિંદગી છે જાણે? જમાલ સાથેની એ ટૂંકી મુલાકાત જ આજે મારી સ્મૃતિમૂડી છે. જમાલને યાદ કરું છું ત્યારે પેલો 'તન્હાઇ' શબ્દ ઝબકી જાય છે. તન્હાઇને પોતીકી ગણતો જમાલ એમ જ તન્હાઇમાં ક્યાંક ગુમ થઇ ગયો. આથી જ ક્યારેક 'જમાલને જોયો?' એમ તન્હાઇને પૂછવાનું મન થાય છે. પરંતુ એ વાચાહીન છે, અને હું વાચાળ છું. □



△ કચ્છ-કંઠારનાં બંદરો અને ખ્યાત સ્થળો દર્શાવતો નકશો (શ્રી રામસિંહજી રાઠોડ કૃત 'કચ્છનું સંસ્કૃતિદર્શન'માંથી સાભાર)

માંડવી અને કચ્છનાં અન્ય નાનાં બંદરો

ડૉ. શિવપ્રસાદ રાજગોર

એક કાળે માંડવી કચ્છનું મુખ્ય બંદર હતું. હિંદુસ્તાન, આરબ દેશો અને પૂર્વ આફ્રિકા સાથે દરિયામાર્ગે એ કચ્છને જોડતું હતું. કચ્છની દક્ષિણ કંઠારે ૨૨°-૧૯' ઉ. અક્ષાંશ અને ૬૯°-૨૧' પૂર્વ રેખાંશ પર તેનું સ્થાન છે. હાલ પણ લગભગ એકાદ લાખ ટન જેટલો તેનો આયાત-નિકાસનો વહેવાર હોઈ ગુજરાતનાં મધ્યમ કક્ષાનાં બંદરોમાં તેની ગણના થાય છે, અને મહાબંદર કંડલાને બાદ કરતાં કચ્છનાં બંદરોનું એ વહીવટી મથક છે. સમુદ્રની ભરતી-ઓટ ઉપર તેના વહાણવટાનો આધાર હોઈ ત્યાં ૧૫ મેથી ૧૪ સપ્ટેમ્બર સુધી વ્યાપારી વહાણો તથા સ્ટીમરોની અવરજવર બંધ રહે છે. આથી એ 'ફેર-વેધર પોર્ટ' એટલે કે સારી ઋતુના બંદર તરીકે પણ ઓળખાય છે. કાંઠાનાં બંદરો તથા પરદેશનાં નજીકનાં બંદરો સાથે તેનો વેપાર-વ્યવહાર ચાલે છે.

'માંડવી' એટલે દરિયાઈ જકાતનું થાણું. જૈન પ્રબંધોમાં 'રિયાણ-પત્તન' નામે આ સ્થાનનો ઉલ્લેખ મળે છે. આ ઉપરથી તે રાયે (એટલે કે રાજાએ) વસાવેલું પુર—રાયપુર પણ કહેવાતું હતું. કચ્છના રાવ ખેંગારજી પહેલાના સમયમાં–ઈ. ૧૫૮૦માં આજના માંડવીની સ્થાપના થઈ હતી. તેના બંદર તથા વેપારના વિકાસમાં નગર ઠઠ્ઠાથી આવેલા ભાટિયા વેપારી ટોપણ શાહનો મહત્ત્વનો ફાળો હતો. ખેંગારજીનું સમગ્ર કચ્છ ઉપર શાસન હતું, અને તેમના પછીના રાજવીઓએ પણ માંડવીના વિકાસમાં રસ લીધો હતો. પરંતુ રાવ ગોડજી બીજાના સમય (ઈ. ૧૭૬૦–૧૭૭૮) દરમિયાન માંડવીની જાહોજલાલી ટોચ પર પહોંચી હતી. માંડવીમાં એમણે એક ધક્કો અને એક રાજઆવાસ બંધાવ્યા હતા. એ કાળે અહીં જહાજવાડો પણ હતો, અને ત્યાં બંધાતાં વહાણો ઉપર એમની જાત-દેખરેખ રહેતી. આથી અહીં બંધાએલાં વહાણોની ખ્યાતિ વધી હતી. અહીં બંધાએલું એક વહાણ તો કેપ ઑવ ગુડહોપ થઈને છેક ઇંગ્લૅન્ડ જઈ, ત્યાંથી મલબાર થઈને કચ્છ પાછા ફરવા જેટલી લાંબી ખેપ કરી હતી. આમ, આફ્રિકાની પૂર્વ અને પશ્ચિમ તરફના સાગરમાં બબ્બે વારની એ અતિ લાંબી ખેપ સામે પણ ઝીંક ઝીલી શકવા જેટલી તેની તાકાત પુરવાર થઈ હતી. માંડવીના જહાજવાડામાં કેવાં ઉમદા અને ટકાઉ વહાણો બનતાં તે આના પરથી સમજી શકાય છે. ઈ. ૧૭૮૦માં એકલા માંડવીના વેપારીઓનાં ચારસો વહાણો હતાં. ઈ. ૧૭૪૨થી '૬૨ દરમિયાન રાવ લખપતજીના સમયમાં, યુરોપમાં છેક હોલૅન્ડ વગેરે દેશોમાં રહીને મીનાકારી, કાચ ઢાળવાની અને તોપ ઢાળવાની તથા ચાંદીના બારીક કોતરકામની કળા શીખી આવેલા રામસંગ માલમે કચ્છના કારીગરોને એ વિદ્યાઓ શીખવીને માંડવીમાં કાચનું કારખાનું અને લોખંડ ગાળવાની ભઠ્ઠીઓ ઊભી કરી હતી. કચ્છના કેટલાક વેપારીઓ મસ્કતના આરબ સુલતાનના નાણાંકીય સલાહકાર હતા. ઈ. ૧૭૮૦માં મસ્કતના સુલતાને પોર્ટુગીઝો પાસેથી ઝાંઝિબાર જીતી લેતાં કચ્છી વેપારીઓ પણ ઝાંઝિબાર અને પૂર્વ આફ્રિકાના કિનારાના પ્રદેશમાં પહોંચી જઈ વસ્યા હતા. જયરામ શિવજી, ઈબજી શિવજી, થાર્યા ટોપણ વગેરે કચ્છી શાહ-સોદાગરોની ઝાંઝિબારના સુલતાન પર સારી એવી વગ હતી. ત્યાંની જકાત ઉઘરાવવાનો ઇજારો વરસો સુધી કચ્છના લધા દામજીને હસ્તક હતો. ત્યાંનાં લવિંગનાં વાવેતર, ગુલામોના વેપાર તથા નાણાંની ધીરધાર વગેરેમાં જ નહિ, આફ્રિકાના એ તરફના અંદરના પ્રદેશોમાં સુલતાનની સત્તા ફેલાવવામાં પણ આ સોદાગરોનો મોટો હિસ્સો હતો.

રાયધણજી બીજાના વખતમાં–ઈ. ૧૭૮૪માં માંડવી કચ્છના રાજશાસનમાંથી અલગ થઈ રામજી ખવાસની આગેવાની નીચે સ્વતંત્ર બન્યું હતું. રાયધણજીને પદભ્રષ્ટ કરીને સ્થપાએલા બારભાયા-શાસનમાં માંડવીનું મહાજન બહુ પ્રબળ હતું, અને ઓખામંડળના ચાંચિયોની

કનડગત તથા શાસનની અંધાધૂંધીના સમયમાં યે માંડવીનો વેપાર ધમધોકાર ચાલતો રહ્યો હતો. જમીન માર્ગે સિંધ, મારવાડ, રાજસ્થાન ને ઉત્તર ગુજરાત તથા જલમાર્ગે દમણ, મુંબઈ, કોંકણ, કાલીકટ, કોલંબો અને રાતા સમુદ્ર તથા ઈરાનના અખાતનાં બંદરો અને પૂર્વ આફ્રિકાનાં બંદરો સાથે તેનો વેપાર હતો.

ફત્તેહમહમદ જમાદારે માંડવી કબજે કરવા પ્રયાસ કરેલો પણ તેમાં સફળતા મળી નહોતી. માંડવી હંસરાજના કબજામાં હતું. તેણે ઇસ્ટ ઇન્ડિયા કંપની સાથે ૪૦ સૈનિકોનું માંડવીમાં થાણું રાખવા અંગે એક સમજૂતી પણ કરેલી, પણ તેના એકાએક અવસાનથી તે સંધિનો અમલ થઈ શક્યો નહોતો. હંસરાજ પછી તેના ભાઈ ટોકરશીએ માંડવીનો વહીવટ સંભાળ્યો, અને ફત્તેહમહમદનો સફળતાથી સામનો કરેલો. દીવાન દેવકરણે ઓખાના ચાંચિયાને અંકુશમાં રાખવા ઓખા નજીક કચ્છીગઢનું થાણું સ્થાપેલું, અને એથી માંડવીનું વહાણવટું સલામત બન્યું હતું.

ઈ. ૧૮૧૩ના અરસામાં જમીનમાર્ગે મારવાડ ને માળવા સાથે માંડવીનો વેપાર ચાલતો હતો. દરિયાઈ રસ્તે અરબસ્તાન, મુંબઈ, મલબાર સાથે યે ત્યારે ધીકતો વેપાર હતો. રૂ, રેશમી તથા જાડું સૂતરાઉ કાપડ, ફટકડી અને ઘીની નિકાસ થતી, જ્યારે દમણ અને મલબારથી અનાજ, ઇમારતી લાકડું તથા નાળિયેરની આયાત થતી હતી. મસ્કત અને બસરાથી ખજૂર, તથા પૂર્વ આફ્રિકાથી હાથીદાંત, ગેંડાનાં શિંગડાં તથા ચામડું આવતાં. કચ્છી સોદાગરો ગુલામીના વેપારમાં નાણાં ધીરતા. આગળ જતાં સાકર અને તેલની નિકાસ ઉમેરાઈ હતી, જ્યારે સીસું, ત્રાંબુ, એલચી, સૂંઠ, મરી, વાંસ, સાગ, કસ્તૂરી, રંગો, દવાઓ, નાળિયેર અને તેજાનાની આયાત થતી હતી. ૮૦ થી ૧૮૦ ટનનાં ૮૦૦ જેટલાં વહાણો આ બધા વેપારમાં દરિયો ખેડતાં હતાં. પછી ખાડીમાં કાંપથી પુરાણ વધવા માંડતાં મોટાં વહાણોને કંઠારથી દૂર લંગર નાખવું પડતું અને હોડી દ્વારા માલની હેરફેર કરવી પડતી. આગળ જતાં ૧૮૨૩ના અરસામાં તો મધ્યમ કદનાં વહાણોને પણ બંદરગાહમાં આવવું મુશ્કેલ બનવા લાગ્યું, પરિણામે માંડવીના બંદરી વ્યાપારમાં તેની માઠી અસર વરતાવા લાગી.

સન ૧૮૨૩માં માંડવી આવેલા કર્નલ ટૉડે કરેલી નોંધ પ્રમાણે ગુલામોનો વેપાર બંધ થવાથી તથા મારવાડ–માળવા સાથેના વેપારમાં યે ઓટ આવ્યાથી માંડવીના બંદરી વેપારને સહન કરવું પડયું હતું. ૧૮૨૭માં સર એ. બર્ન્સે પણ માંડવીમાં બંધાતાં વહાણો, ગામના ગલીકૂંચીવાળા સાંકડા રસ્તાઓ અને કાપડની નિકાસ તથા ખજૂર, કૉફી, દ્રાક્ષ, હાથીદાંત વગેરેની આયાતનો ઉલ્લેખ કરેલો છે. ૧૮૨૮માં કૅપ્ટન મૅકમર્ડો પણ અહીં આવેલો. ૧૮૪૦ના અરસામાં માંડવીની દરિયાઈ તથા જમીન માર્ગે થતી જકાતની લગભગ વાર્ષિક આવક અઢી લાખ રૂપિયા જેટલી હતી. ઈ. ૧૮૬૧માં નિકાસ કરતાં આયાતનું ચાર ગણું પ્રમાણ નોંધાયું હતું, જેમાં રૂ, લાકડું, કાળું કાપડ, લસણ, ઘી અને ફટકડીની નિકાસ તથા અનાજ, ત્રાંબા-પિત્તળનાં વાસણો, કાપડ, ગાંધીયાણું, મરી, હાથીદાંત અને લોખંડના સામાનની આયાત હતી. કરાંચી, મુંબઈ, મલબાર, કલકત્તા અને ઈરાની અખાત તથા પૂર્વ આફ્રિકાનાં બંદરો સાથે માંડવીનો વેપાર હતો.

પણ ૧૮૭૦ પછી આગબોટોનો યુગ આરંભાતાં માંડવીનાં પાણી વળતાં થયાં. ૧૮૭૨–'૭૩થી પૂર્વ આફ્રિકા તરફ જતા મુસાફરો માંડવી બંદરેથી સ્ટીમરોમાં જતા થયા. ૧૭૮૦માં જ્યાં ૪૦૦ વહાણોની સંખ્યા હતી ત્યાં ૧૮૭૩માં ૨૬૦ વહાણો સુધી ઊતરી ગઈ હતી. વળી, કરાંચીનું બંદર થતાં સિંધનો વેપાર ત્યાં ખેંચાઈ જતાં એની યે માંડવી પર માઠી અસર પડી હતી. 'ઑરીએન્ટલ કૉમર્સ' નામના પુસ્તકમાં મિલ્બર્ને માંડવીને કચ્છનું સૌથી મોટું બંદર ગણાવ્યું હતું. ઈ. ૧૮૭૫માં રાવ પ્રાગમલજીના વખતમાં આઠ લાખ રૂપિયાના ખર્ચે માંડવીના દરિયામાં એક બ્રેકવૉટર બાંધવામાં આવ્યો હતો. ઇ. ૧૮૭૮માં માંડવીના વેપારીઓનાં કુલ ૧૫૧૪૦ ટનનાં ૨૩૫ વહાણો હતાં.

રાવ ખેંગારજી ત્રીજાના વખતમાં દરિયાઈ વેપારના રક્ષણાર્થે મરીન પોલીસનું એક દળ શરૂ કરાયું હતું. સન ૧૮૫૫માં કચ્છના મીઠાની નિકાસ પર અંકુશ મુકાયો. તેથી માંડવીનો વેપાર ઘટયો હતો. ૧૮૧૯ અને ૧૮૫૧ની સંધિ પ્રમાણે કચ્છનાં બંદરોને ઇસ્ટ ઇંડિયા કંપનીએ બ્રિટિશ બંદરો જેટલો હકદરજ્જો આપેલો તે આગબોટોના આગમન પછી, સંધિમાં ઉલ્લેખિત 'વેસલ્સ' શબ્દનો અર્થ 'માત્ર દેશી વહાણો' એવો ઘટાવીને, બ્રિટિશ શાસને વીરમગામ અને વાગડમાં જકાતનાકાં ઊભાં કરી સ્ટીમરો દ્વારા આવતા માલ પર જકાત ઠોકી બેસાડી હતી. કચ્છ હિંદી કસ્ટમ યુનિયનમાં જોડાયું નહિ તેનું આ વટક વાળ્યું હતું. વળી, રેલવે અને નવા રસ્તાઓ બંધાતાં સૌરાષ્ટ્રનાં ભાવનગર, વેરાવળ, પોરબંદર, સલાયા, બેડી અને નવલખી બંદરોને પણ ઉત્તર ભારતનાં મહત્ત્વનાં શહેરો સાથે જોડાણ મળતાં તેની અસર પણ માંડવી પર પડી હતી. આમાં યે ખાસ કરીને નવલખી બંદર કચ્છના અખાતને પૂર્વ છેડે હંજસ્થળની ખાડી પર જ આવેલું હોઈ કચ્છનાં બંદરો અને ખાસ તો માંડવીના વેપાર પર માઠી અસર પડી હતી. ગોવા, કોલંબો, મસ્કતથી વગર જકાતે આવતો માલ પણ ઘટી ગયો, કારણ બ્રિટિશ નાકાને લીધે તેનો નિકાલ અટકી જતો. આમાંનો જે કંઈ માલ કચ્છ બહાર જતો એ મોટે ભાગે દાણચોરીથી બ્રિટિશ હદમાં જતો. આ રીતે જાપાનથી ચાંદી, બાસ્કી વગેરે રેશમી કાપડ ઠીકઠીક આવતું હતું. અંજારથી અને તુણાથી ભુજ અને ભચાઉ વચ્ચે રેલમાર્ગ શરૂ થતાં તુણાનું મહત્ત્વ વધી ગયું, અને આગળ જતાં – ૧૯૩૦ પછી (જૂના) કંડલાનું પણ મહત્ત્વ વધતાં માંડવીના વેપારને એનો પણ માર પડ્યો.

ભારતના સ્વાતંત્ર્ય બાદ કચ્છ તેની સાથે જોડાતાં ત્યાં નવા યુગનો આરંભ થયો. નવા માર્ગો અને કોસ્ટલ હાઇવે બનતાં માંડવી ભુજ ઉપરાંત મુંદ્રા, જખૌ, કોટેશ્વર અને લખતર સાથે જોડાણ પામ્યું છે. અલબત્ત, રેલવેના લાભોથી એ વંચિત છે. ઈ. ૧૯૫૧થી '૬૬ દરમિયાન બંદરની સુધારણા માટે ૪૧-૩૩ લાખ રૂપિયા વપરાયા છે. સ્થાનફેર કરતા રેતીના ઢૂવાને લીધે બંદરની ખાડીમાં થતા રહેતા પુરાણને અટકાવવા તેમાં અમુક વનસ્પતિઓના વાવેતરના પ્રયત્નો પણ થયા છે. ૧૮૫૦ ફૂટ (૫૬૩ મી.) લાંબા બ્રેકવૉટરથી નૈઋર્ત્યના મોસમી પવન સામે બંદરને રક્ષણ અપાયું છે. આથી બે થી ત્રણ મીટર ડ્રાફ્ટનાં વહાણો મોટી ભરતી વખતે બંદરમાં પ્રવેશી શકે છે. જ્યારે સ્ટીમરોને ત્રણેક કિલોમીટર દૂર લંગર નાખવાં પડે છે, જ્યાં પોણાચાર ફેધમ (૬ મીટર) જેટલાં ઊંડાં પાણી હોય છે. મોટી ભરતી વખતે સમુદ્રના પ્રવાહની ગતિ ત્રણ નોટ તથા નાની ભરતી વખતે બે નોટ કરતાં યે ઓછી હોય છે. અર્ધ ભરતી વખતે ખાડીમાં પાણી રહેતું નથી એટલે પૂર્ણ ભરતીમાં જ વહાણો બંદરમાં આવી શકે છે.

મળતી વિગત પ્રમાણે ઈ. ૧૯૫૩–'૫૪માં માંડવીમાં ૨૮૧૮૩ ટન માલની આયાત-નિકાસ થએલી. '૫૬–'૫૭માં તે ૩૬૦૫૧ ટન હતી. પછી '૫૯–'૬૦માં તે ઘટીને ૧૧૦૦૦ ટન થએલી. આમ, ૧૯૫૩–'૫૪થી ૧૯૬૬–'૬૭ દરમિયાન માંડવીમાં સરેરાશ વર્ષે ૨૧૬૦૫ ટનનો વેપાર થયો હતો. આમાં '૫૩–'૫૪માં સૌથી વધુ આયાત ૩૨૬૮૪ ટન હતી, જ્યારે સૌથી ઓછી નિકાસ એ વર્ષે ૨૬૦૮ હતી. ૧૯૬૧–'૬૨થી

'૬૫-'૬૬ દરમિયાન નિકાસનું પ્રમાણ ૧૦,૦૦૦ ટનથી વધુ હતું. ૧૯૫૩-'૫૪થી ૧૯૬૬-'૬૭ દરમિયાન નિકાસનું સરેરાશ પ્રમાણ ૭૯૪૪ ટન હતું. ૧૯૫૮થી '૬૫-'૬૬ સુધીમાં ઉત્તરોત્તર વધીને પંદર હજાર ટન સુધી પહોંચેલો નિકાસનો આંક બેન્ટોનાઈટ અને બૉક્સાઈટને કારણે હતો, પણ પછી '૬૬-'૬૭માં એ આંક ઘટીને ૮૯૦૭ ટન થયો હતો. આમ, એકંદર આયાત-નિકાસ ૨૯૫૪૯ ટન રહી હતી. ૧૯૭૦-'૭૧થી '૮૨-'૮૩ દરમિયાન સરેરાશ આયાત-નિકાસ ૧૭૫૧૮ ટન હતી. આમાં' ૮૦-'૮૧માં ૪૪૮૬૧ ટન માલની આયાત-નિકાસનો આંક સૌથી વધુ હતો. આ માટે માટી, બેન્ટોનાઈટની તથા બૉક્સાઈટની નિકાસમાં થએલો વધારો કારણભૂત છે.

હાલમાં માંડવીથી મગમાટી, બેન્ટોનાઈટ, ખોળ, બૉક્સાઈટ, એરંડા, શીંગદાણા, રૂ, ખોળ, હાર્ડવેર વગેરેની નિકાસ થાય છે, જ્યારે નળિયાં, ઈંટો, ઇમારતી લાકડું, સિમેન્ટ, ખજૂર, શાકભાજી તથા પરચૂરણ માલની આયાત થાય છે. આમાંનું બૉક્સાઈટ યુરોપીય દેશોમાં, બેન્ટોનાઈટ પેટ્રોલિયમ ઉત્પન્ન કરતા ઈરાની અખાતના દેશો અને ઇન્ડોનેશિયા જાય છે. ખોળ અને શીંગદાણા યુરોપના દેશોમાં અને રૂ મુંબઈ જાય છે. મલબારથી નળિયાં અને ઈમારતી લાકડું'ને ઇરાકથી ખજૂર આવે છે, પણ માંડવીનો મોટા ભાગનો વેપાર પશ્ચિમ ભારતના કાંઠાનાં બંદરો સાથે છે. ઇરાની અખાત તથા યુરોપના દેશો સાથેનો તેનો વ્યવહાર વહાણો તેમજ સ્ટીમરો દ્વારા ચાલે છે. આરબ દેશો સાથેના વેપારમાં બહુધા સઢવાળાં ને યાંત્રિક વહાણો વપરાય છે. બહેરીન, મસ્કત, બસરા, બુશાયર વગેરે બંદરો સાથેનો માંડવીનો નાતો ચાર સદી જેટલો જૂનો છે. સ્વાભાવિક રીતે જ માગ અને જરૂરત-પ્રમાણે આયાતનિકાસ થતા માલમાં ફેરફાર અને વધઘટ થતી રહી છે.

અગાઉ માંડવીથી કરાચી અને પૂર્વ આફ્રિકાના પ્રવાસીઓ સ્ટીમર-માં જતા. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન દેશી વહાણો દ્વારા એ અવરજવર ચાલતી રહેલી. ૧૯૬૫માં પાકિસ્તાન સાથેના યુદ્ધ પછી કરાચી સાથેના વ્યવહારનો અંત આવ્યો છે. અગાઉ માંડવી-ઓખા વચ્ચેનો ફેરી સાંવસ પણ ચાલતી. પવન અનુકૂળ હોય તો સઢવાળાં વહાણો દ્વારા આ જળમાર્ગ દોઢેક કલાકમાં જ કાપી શકાય છે.

ઈ. ૧૯૭૧-'૭૨ થી ૧૯૮૧-'૮૨ સુધીમાં માંડવી બંદરે માત્ર ૨૬ સ્ટીમરો આવી હતી, જેમાં ૧૯૮૦-'૮૧માં વધુમાં વધુ - આઠ સ્ટીમરો આવેલી. જ્યારે વચ્ચે અમુક વર્ષે તો એક પણ સ્ટીમર આવી નહોતી. આ જ અરસામાં સરેરાશ વરસે ૨૮૮ જેટલાં વહાણો આવેલાં, જેમાં '૭૨-'૭૩માં ૫૫૨ વહાણો આવ્યાં હતાં, જ્યારે '૭૫-'૭૬માં માત્ર ૮૦ વહાણો જ આવેલાં. જેનું ટનેજ ૫૦ થી ૧૮૦ ટન જેટલું હતું.

માંડવીમાં એક વ્હાર્ફ તથા ૨૫૭ મીટર લાંબી પથ્થરજડિત જગ્યા પર માલ ઉતારવાની સગવડ છે. આ માલના વહન માટે ૯ બજરા, ૧ લૉંચ અને ૩ ટગ છે. જરૂર પડ્યે અહીંથી ટગ અને બજરા મુંદ્રા તથા જખૌ બંદરે મોકલાય છે. માંડવીમાં ૮૦૫ ચો.મી.ના ચાર ગોદામો અને ૨૭૦ ચો.મી.નો ટ્રાન્ઝિટ શેડ છે. મુસાફરો માટે એક વિરામસ્થાન પણ છે. ટગ-બજરાની મરામત માટે એક નાનું વર્કશૉપ છે. માછીઓની સગવડ માટે પણ કેટલાંક કામ મંજૂર થયાં છે.

માંડવીમાં ડિસેમ્બર-જાન્યુઆરી દરમિયાન દિવસે ૨૬° અને રાતે ૧૫° સે. ઉષ્ણતામાન રહે છે. મે-જૂનમાં ૩૩° અને ૨૭° ઉષ્ણતામાન રહે છે. કચ્છમાં સૌથી વધુ સરેરાશ વરસાદ ૪૦૭ સે.મી. ૧૭ દિવસોમાં પડે છે. પવનની ગતિ દર કલાકે સરેરાશ ૨૩ કિ.મી. રહે છે. શિયાળામાં ૧૫ કિ.મી. તથા ઉનાળામાં ૩૦ થી ૩૬ કિ.મી. જેટલો પવનનો વેગ હોય છે.

લઘુકથા

શ્રવણ

પ્રફુલ્લ રાવલ

નીલમની દરરોજની ટકટક અને વર્તાવથી ત્રાસીને અંતે હું બા-બાપુજીને ઘરડા-ઘરમાં મૂકી આવ્યો. એમને આટલાં વર્ષે ઘર છોડવું ગમ્યું તો નહોતું, પરંતુ 'બેટા, અમને અહીં શાંતિ રહેશે' એમ કહીને તેમણે મન મનાવ્યું.

ખિન્ન હૃદયે હું પાછો ફર્યો. ઘરમાં પગ મૂકતાં સમસમી ગયો. ઊંડું દુઃખ મારી ચોપાસ વીંટળાઈ વળ્યું. હું ખુરશીમાં ફસડાઈ પડ્યો. એટલામાં નાનો વિજય મારી પાસે દોડતો આવ્યો, અને પોતે બનાવેલું ચિત્ર બતાવી મને કહેવા લાગ્યો :

'પપ્પા, જુઓ ! માતાપિતાને કાવડમાં બેસાડીને લઈ જતા શ્રવણનું મેં ચિત્ર દોર્યું છે. સરસ છે ને?'

માંડવી બંદરે નાળમાં પુરાણ થયા કરતું હોઈ ડ્રેજિંગની જરૂર પડે છે. જો વીજળીની પૂરતી સગવડ થાય તો આ તરફથી મળતા બૉક્સાઈટમાંથી એલ્યુમિના બનાવી શકાય. જો કે આ અંગે હંગેરી સાથે વાટાઘાટો ચાલે છે. મત્સ્ય-બંદર તરીકે પણ માંડવીનો વિકાસ થઈ રહ્યો છે. પીઠપ્રદેશમાં મગફળી, અનાજ અને કપાસ વગેરેનો પાક થાય છે. અગાઉ અહીં એક મિલ પણ હતી. જિન અને તેલના ઘાણા તો છે જ. રંગાટી કામ પણ સારું થાય છે, પણ રેલવેનું જોડાણ મળે તો માંડવીનો વિકાસ થઈ શકે. અલબત્ત, મહાબંદર કંડલાને કારણે પણ માંડવીની અગત્ય ઘટી છે; છતાં અમુક નિશ્ચિત કામો માટે માંડવીનો ઉપયોગ વધારી શકાય.

ભૂતકાળમાં માંડવીના કારીગરો વહાણ બાંધવા માટે જાણીતા હતા, પણ ૧૯૪૨ પછી આ ઉદ્યોગમાં મંદી આવી છે. તો યે યાંત્રિક વહાણો અને બજરા બાંધવાની અહીં થોડી સગવડ છે. ૧૯૭૧માં અહીં ૬૧૫ ટનનું એક યાંત્રિક વહાણ બંધાયું હતું. કચ્છી કોટિયા તેની મજબૂતી અને ઝડપ માટે સદીઓથી જાણીતા તો છે જ. એટલે માંડવીને તદ્દન ભાંગી પડે તે પહેલાં થોડું વધુ વિકસાવીને તેને ઉગારી લઈ વધુ કચ્છના વિકાસમાં ઉમેરણ કરી શકાય.

જખૌ

રૂમસામથી આવેલા ગૌર વર્ણના દેખાવડા યક્ષો કે જખોએ કચ્છમાં રાપુંઅરાના વખતમાં તેનું રક્ષણ કરેલું આ જાતો પરથી નામ પામેલું કચ્છનું બંદર 'જખૌ', ભુજથી ૧૦૦ કિ.મી.દૂર, ગોડિયા ખાડી ઉપર ૨૩°-૧૫' ઉ. અ. અને ૬૮°-૩૬' પૂ. રે. પર વસેલું છે. અહીં ચોમાસામાં વહાણો આવી શકતાં નથી. વળી, કાંપના ભરાવાથી જૂનું બંદર બંધ પડી જતાં સ્વાતંત્ર્ય પછી ગોડિયા ખાડીના અંદરના ભાગમાં ૧૩ કિ.મી. દૂર નવું બંદર બંધાયું છે. ૮ કિ.મી. દૂર એની લંગરગાહ પાસે નવેક મીટર (ત્રીસેક ફૂટ) ઊંડું પાણી મળે છે. મસ્કત, મુંબઈ, દમણ સાથે તેનો થોડો વેપાર ચાલે છે. રાજ્યના ધોરી માર્ગ દ્વારા ભુજ સાથે અને કોસ્ટલ હાઇવે દ્વારા તે કંઠારનાં સ્થળો સાથે લખપત સુધી જોડાએલું છે. અહીં મીઠાનું એક કારખાનું છે. અગાઉ તો ૪૦ થી ૫૦ હજાર ટન મીઠું અહીંથી બહાર છેક દક્ષિણ કોરિયા સુધી જતું, પણ હવે તેમાં ઘટ આવી છે. આ મીઠાના કારખાનાની પોતાની જેટી છે, તે સિવાય સરકારી વ્હાર્ફ તથા ગોદામની અહીં સગવડ છે. જરૂર પડ્યે માંડવીથી ટગ-બજરા લાવવામાં આવે છે.

'કુમાર'નાં ઈ. સ. ૧૯૮૩નાં પારિતોષિકો



કુમાર ચન્દ્રક

શ્રી ચંદ્રશંકર ભટ્ટ–'શશિશિવમ્'ને
તેમનાં કાવ્યો માટે
૧૯...
નિર્ણાયકો :
શ્રી અનંતરાય રાવળ
શ્રી યશવંત શુક્લ

વર્ષભરની શ્રેષ્ઠ કાવ્યકૃતિ–'હવા' માટે
શ્રી 'શશિશિવમ્'ને એક લેખક તરફથી — રૂ. ૩૦
નિર્ણાયકો : શ્રી રાજેન્દ્ર શાહ અને શ્રી ધીરુ પરીખ

વર્ષની શ્રેષ્ઠ વાર્તા – 'ક્યાં જાય છે, કાનજી?' માટે
શ્રી સરોજ ત્રિવેદીને 'કુમાર' તરફથી — રૂ. ૩૦
નિર્ણાયકો : શ્રી અનંતરાય રાવળ અને 'કુમાર'ના તંત્રી

'કુમાર' માટે મળેલા શ્રેષ્ઠ જોડણી શુદ્ધ લખાણ માટે
ડૉ. શિવપ્રસાદ રાજગોરને
ગિરીશકાકા પારિતોષિક તેમના પરિવાર તરફથી — રૂ. ૨૫

ઈ. ૧૯૬૩–'૬૪માં ૮૩૯૮૯ ટન માલની આયાત-નિકાસ થઈ તે પછી મીઠાની નિકાસ ઘટી જતાં આ બંદરે '૮૨–'૮૩માં કુલ માત્ર ૫૦૧૨ ટન માલની જ હેરફેર કરેલી. અહીં આયાતનું પ્રમાણ ઘણું ઓછું છે. દૂર ઊભી રહેલી સ્ટીમરો દ્વારા માલની આપલે થાય છે. અબડાસા, લખપત અને ભુજ તાલુકો તેના પીઠ-પ્રદેશમાં ગણાય છે. મત્સ્ય–બંદર તરીકે તેને વિકસાવવા અહીં એક ફિશિંગ–જેટી પણ બનાવવામાં આવી છે. મુખ્યત્વે જખૌનો ઉપયોગ માલની નિકાસ માટે થાય છે.

ભરતી વખતે અહીં ૧૫ ફૂટ ઊંડું પાણી રહે છે. વરસાદ ૨૫૦ સે. મી. મુખ્યત્વે ૧૨ દિવસમાં પડે છે. હવામાન માંડવી જેવું, મીઠા સિવાય અહીં બીજો કોઈ ઉદ્યોગ નથી.

મુંદ્રા

ભુજથી ૪૬ કિ. મી. દૂર, બોચા ખાડી ઉપર મુંદ્રા શહેરથી દસ કિ. મી. દૂર મુંદ્રાનું નવું બંદર છે. ભૂખી અને કેવડીના સંગમ ઉપર આવેલું અગાઉનું જૂનું બંદર કાંપથી પુરાઈ જવાથી બિનઉપયોગી બનતાં આ નવું બંદર બન્યું છે. ઓટ વખતે પણ અહીં ત્રણેક મીટર ઊંડું પાણી રહે છે. ત્રણ કિ.મી. દૂર નવી નાળમાં સાત ફેધમ પાણી ઓટ વખતે પણ રહેતું ત્યાં લંગરગાહ રાખવામાં આવી છે, જ્યાં સ્ટીમરો થોભે છે. આ સ્ટીમરોની આવનજાવન પણ ચોમાસામાં બંધ રહે છે. પણ વહાણોની આવ-જા બારેમાસ ચાલુ રહે છે. જખૌની માફક એક કાળે આ બંદરનો વિદેશ સાથેનો વેપાર પણ ધીકતો હતો. મુંદ્રાનો વતની લધા દામજી ઝાંઝિબારમાં જેરામ શિવજીની પેઢીનો મુનીમ હોવા સાથે ત્યાંના સુલતાનનો સલાહકાર પણ હતો.

ઈ. ૧૯૫૩–'૫૪થી '૬૬–'૬૭ દરમિયાન મુંદ્રાની કુલ આયાત ૩૮૫૯૭, અને નિકાસ ૬,૨૩,૦૧૩ ટનની હતી તે ઘટીને '૭૭થી '૮૩ દરમિયાન ૫૫૨૪ ટન જેટલી આયાત, અને ૫૨,૧૯૭ ટન નિકાસ જેટલી થઈ ગઈ હતી. સિમેન્ટ, ઈમારતી લાકડું, નળિયાં, ગોળ વગેરેની આયાત, તથા મીઠું, ચીરોડી, સીંગદાણા, કપાસિયા, બેન્ટોનાઈટ વગેરેની નિકાસ એ આ બંદરનો મુખ્ય વેપાર છે. ૧૯૪૮માં મીઠાનું એક કારખાનું પણ થયું, જેની પોતાની બે જેટી છે. ઈ. ૧૯૭૭થી '૮૨ દરમિયાન ૧૮૦૦૦ ટન મીઠું અહીંથી ચડતું હતું, તે '૮૨–'૮૩માં માગ ઘટવાને કારણે ૭૪૦ ટન સુધી ઘટી ગએલું. '૭૧થી '૮૨ના ગાળામાં અહીં ૧૨૧ સ્ટીમરો અને ૭૬૩ વહાણો આવેલાં.

આ બંદરે બોચા ખાડી ઉપર એક નાની જેટી છે અને રસ્તાને જોડતી એક આર. સી. સી.ની જેટી છે. જરૂર પડયે માંડવીથી ટગ અને બજરા લાવવામાં આવે છે, માલની ચડઊતર માટે અહીંની આબોહવા સારી છે. આસપાસનો પ્રદેશ નાળિયેરી અને ફળોનાં વૃક્ષોથી આચ્છાદિત છે. સરાસરી ૩૦૦ મિ.મી. જેટલો વરસાદ અહીં પડે છે.

અન્ય બંદરો

મુંદ્રાથી બાવીસ કિ.મી. દૂર આવેલું જૈનોનું પ્રસિદ્ધ તીર્થસ્થાન ભદ્રેશ્વર ભૂતકાળમાં એક જાણીતું બંદર હતું. બારમી સદીમાં ખ્યાત જગડુશાનો અહીંથી આરબ દેશો સાથે બહોળો વેપાર ચાલતો. ઈ. ૧૧૨૫માં પડેલા ભયંકર દુકાળમાં આ જગડુશાએ બહારથી અનાજ આણીને લોકોને ઉગાર્યા હતા. આજે તો ભદ્રેશ્વરનું બંદર તરીકે મહત્ત્વ રહ્યું નથી.

કચ્છનાં બીજાં બે બંદરો ખારી રોહર અને જંગી પણ હવે તો કાંપથી પુરાઈ ગયાં છે. અગાઉ કચ્છમાં જતાં લોકો વવાણીઆથી ખારી રોહર થઈને જતા હતા.

કોટેશ્વર પણ એક કાળે જાણીતું બંદર હતું. લખપત તાલુકામાં લિગ્નાઈટ મળવાથી તેનો કંઈક વિકાસ સાધી શકાય ખરો. હાલ તો તે તીર્થસ્થાન તરીકે જાણીતું છે. ભરતી વખતે અહીં ૧૫ ફૂટ ઊંડું પાણી રહે છે, પણ ટ્રાફિકના અભાવે આ બંદર લગભગ બંધ પડયું છે.

લખપત પણ એક સમયે સિંધ સાથેના વેપારમાં મહત્ત્વનું બંદર હતું. પણ ઈ. ૧૮૧૯માં ધરતીકંપથી કચ્છના રણમાં થએલા ફેરફારથી અને ગુલામશાહ કલ્હોરાએ સિંધુ નદી આડે બંધ બાંધી દેવાથી આ બંદરની સમૃદ્ધિ નામઃશેષ થઈ ગઈ. એ તો ખયાલમાં હશે કે એક કાળે સિંધુનું મુખ હતું. ફતેહમહમદ જમાદારે તેના વિકાસ માટે પ્રયત્ન કરેલો, પણ એમાં લાંબા ગાળાની કોઈ સિદ્ધિ થઈ નહિ, અને હવે તો અઢી દાયકાથી આ બંદરનો ટ્રાફિક બંધ હોઈ ૧૯૬૩થી તો રાજ્ય સરકારે પણ આ બંદરને બંધ કરી દીધું છે.

કંડલાથી દક્ષિણે પચ્ચીસેક કિ.મી. દૂર તુણા નામનું નાનું બંદર છે. કંડલા આવતાં વહાણો અહીં જ લાંગરે છે. હાલમાં અહીં મત્સ્યોદ્યોગના વિકાસ માટે પ્રયત્નો થાય છે. આ બંદર ફતેહમહમદ જમાદારે બાંધેલું. કંડલાના વિકાસ પછી બંદર તરીકેનું તુણાથી અંજાર સુધીની નેરોગેજ રેલલાઈન ૧૯૦૫માં થઈ, ૧૯૦૯માં તે ભુજ સુધી લંબાવાઈ. અંજારથી વરસામેડી થઇને ભચાઉ સુધી પણ એક રેલમાર્ગ છે, અને કંડલા તુણા વચ્ચે મીટરગેજ રેલમાર્ગ છે. વળી તુણા–અંજાર વચ્ચે પાકો રસ્તો પણ છે. આમ, આસપાસ લાંબે સુધીના પ્રદેશો સાથે તુણાનું જોડાણ હોઈ આ બંદર તદ્દન ભાંગી પડતાં અટકી ગયું છે. તેનો વહીવટ કંડલા મહાબંદરના હસ્તક છે.

આમ, લાંબા ઇતિહાસ સાથે અનેક ચડતીપડતી જોવા પામેલાં બંદરોમાંથી આજે ઘણાં ભાંગી પડયાં છતાં કચ્છની કંઠારનું આગવું મહત્ત્વ છે. કચ્છના અખાતને પૂર્વ છેડે મહાબંદર કંડલાના વિકાસથી એમના પણ ઘણી અસર પડી છે એ ખરું, પણ આ યુગની જરૂરતો જોતાં એ તદ્દન સ્વાભાવિક લાગે છે. અને હજી યે, કચ્છનો વધુ વિકાસ થાય તો આ મૃતપ્રાયઃ બની ગએલાં બંદરોમાંથી અમુકને પુનર્જીવન પણ કદાચ મળી શકે ખરું. □

મારી (વિનોદ ભટ્ટની) નજરે જલન માતરી



એક જ પરિવારના ત્રણ સગાભાઇઓ ડૉકટર, વકીલ, ઇજનેર, નફાખોર, નશાખોર કે પાગલ હોય એવું બને. અલ્તમશના વીસે વીસ દીકરા – રઝિયા સુલતાનના ભાઇઓ – વત્તા-ઓછા પ્રમાણમાં પાગલ હતા; પણ ત્રણેય સહોદરો કવિ, સારા કવિ પાકે એવા કિસ્સા વિરલ જ હોવાના; કેમ કે ડૉકટર, વકીલ કે ઇજનેર માણસની સરજત છે. જ્યારે કવિ એ ઇશ્વરનું સર્જન છે. બાય ધ વે, કોઈ એવું કહી શકે કે હવે તો કૉમ્પ્યુટરોય કવિતા રચી શકે છે. સૂરજ, ધુત્રડ, વસંત, રિક્ત, મૃગજળ, ઝાકળ, હવા, પવન, ચીસ, કબર, અંધકાર, ભેંકાર જેવા સો-દોઢસો શબ્દો કૉમ્પ્યુટરમાં સેરવી દીધા પછી બટન દબાવતાં જ એક ડઝન કવિતાઓ બહાર આવી જશે. મંજૂર. એક ડઝન નહિ, કદાચ એક ગ્રૉસ કવિતાઓ કૉમ્પ્યુટર ઓકી નાખશે. પણ—

'કયામતની રાહ એટલે જોઉં છું
કે ત્યાં તો 'જલન' મારી મા પણ હશે.'

જેવી, હૈયાને હલબલાવી નાખે તેવી ચીજ કૉમ્પ્યુટર તેના બાપ જન્મારેય નહિ આપી શકે.

સૈયદ સઆદુદ્દીન અલવીને ત્રણ બેટા. સૌથી મોટા ફખરૂદ્દીન ઊર્ફે ફખ્ર માતરી (મૂળ વતન માતર). પાકિસ્તાનમાં ગુજરાતી ભાષાને જીવતી રાખવા આ માણસ મૃત્યુ પર્યંત લડયો. પાકિસ્તાન રેડિયો પરથી સમાચારનું પ્રસારણ ગુજરાતીમાંય કરવું જોઇએ એવા તેમના દુરાગ્રહને પરિણામે આજે યે પાકિસ્તાન રેડિયો પરથી ગુજરાતીમાં સમાચાર અપાય છે. ૧૯૬૬ના વર્ષમાં પાકિસ્તાનમાં હાર્ટ ઍટેકથી તેમનું અવસાન થયું. ઝુલ્ફીકારઅલી ભુટ્ટોએ તેમના જનાઝાને કાંધ આપેલી. આ જ એક એવો અવસર છે જેમાં માણસ વળતો વ્યવહાર કરી શકતો નથી. ફખ્ર 'ફખ્ર માતરી માર્ગ' તરીકે આજે પણ પાકિસ્તાનમાં જીવિત છે.

બીજા ભાઈનું નામ વજીહુદ્દીન યાને વજ માતરી. ઉપનામને તે વફાદાર રહ્યા છે. વજ તૂટે, પણ ઝૂકે નહિ. તેમની હૉબી છે અખબાર કાઢવાની. તેમણે અખબારો શરૂ કરવા કરતાં બંધ વધારે કર્યાં છે. અખબારો પાછળ ખુવાર થનારાઓના પાળિયા રોપાય તો વધુમાં વધુ સિંદૂરના અધિકારી ભાઈ વજ જ હોવાના.

ને ત્રીજા કુંવર તે જલાલુદ્દીન અર્થાત્ આપણા જલન માતરી. તેમને જલનસા'બ કહીએ તો રાજી થાય છે. ૧-૯-૧૯૩૪ના રોજ જન્મેલા જલનભાઇનો અભ્યાસ મૅટ્રિક સુધી. કૉલેજમાં આગળ ભણવાની મંછા પૂરી ન થતાં, કૉલેજ કેવી હોય છે એ જોવા-જાણવા માટે શાયર તરીકે કૉલેજોમાં જાય છે. એ રીતે કૉલેજનાં પગથિયાં ચડવાની તમન્ના પૂરી કરી છે. કૉલેજો જોયા પછી તેમાં નહિ ભણ્યાનો રંજ હોલવાઈ ગયો છે કે કેમ એ બાબત તેમને ક્યારેક પૂછવું પડશે.

'જલન' શાયર છે. પણ 'ફૂલ-ટાઇમ' શાયર નથી. દુષ્યંતકુમારની જેમ તેમણે કહ્યું નથી કે 'મૈં જિસે ઓઢતા બિછાતા હૂં, વો ગઝલ આપકો સુનાતા હૂં...' કારણ કે તે સારી પેઠે જાણે છે કે ગઝલમાંથી ઓઢવા-પાથરવાનું તો બાજુએ રહ્યું, ઓશિકાના ગલેફ ખરીદવા જેટલોય પુરસ્કાર નથી મળતો. આથી આજીવિકા માટે તે ગુજરાત સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કૉર્પોરેશનમાં સેવાઓ આપે છે.

ખુદા જ્યાં વરસે છે ત્યાં મન મૂકીને વરસે છે – કસર રાખ્યા વગર વરસે છે. જલનના અવાજમાં તેણે જે ભીનાશ મૂકી છે – વરસાદ પડી ગયા પછી માટીમાંથી જે સોડમ આવે છે તે સોડમની અનુભૂતિ તેમનો અવાજ કરાવે છે – તે સાંભળી મુગ્ધ થઈ જવાય છે. અવાજ જેવી જ રજૂઆતની કળા પણ તેમને બક્ષિશમાં મળી છે. તેની ગઝલના શે'ર પણ એવા જ માતબર હોય છે. મેં જલનને પૂછ્યું : 'આવી સુંદર ચીજો તમે કેવી રીતે લખી શકો છો?' જવાબમાં હસીને તે બોલ્યા : 'મૈં રૂક રૂક કે લિખતા હૂં...દેર ભી કરતા હું લિખને મેં...' તે અટકી અટકીને, વાર લગાડીને લખે છે તેમાં ઈશ્વર ફાવી જાય છે. ઈશ્વરને ઠપકારવાની એક પણ તક તે જતી નથી કરતા. પાછા કહે છેય ખરા :

'વડીલો હોય ઠપકાપાત્ર તો ઠપકારતો રહું છું,
ને તેથી માન્યતા બંધાઈ છે દુશ્મન છું ઈશ્વરનો.'
'તમારી મે'રમાની એવી વરસી કે ગળે આવ્યા,
હવે મન થાય છે કે તમને પકડી ફાંસીએ દઇએ.'

ઈશ્વર સામે બાંયો ચડાવનાર આ શાયર માટે કોઇકને કદાચ એવી ગેરસમજ થાય કે તે નાસ્તિક હશે. પણ મારા મતે આ ઝઘડો બહારનો છે – ઉપરઉપરનો છે, આશિક-માશૂક જેવો છે. અંદરથી તો જલન ઈશ્વરને પોતાનાથીયે વધુ ચાહતા હશે (જેના પર પ્રેમ હોય તેના પર ગુસ્સો પણ વધુ જ આવે.) પાંચેપાંચ ટાઈમની નમાજ તે અચૂક પઢે છે ને રોજા પણ ચુસ્તપણે પાળે છે. કહેવાય છે કે જાપાનમાં કોઈ ફૅક્ટરીમાં મૅનેજમેન્ટ સાથે કામદારોને ઝઘડો પડે ત્યારે કામદારો ફૅક્ટરીમાં હડતાલ પાડવાને બદલે બે કલાક વધુ કામ કરીને પોતાનો વિરોધ નોંધાવે છે. આપણા આ જલનનું ય એવું જ છે.


ને કવિતાને પણ તે ઈબાદતથી કમ નથી લેખતા. તેને પાક ગણીને તેની ઇજ્જત કરે છે. ગઝલ લખવા-વાંચવા માટે તેમને શરાબનો આશરો ક્યારેય લેવો પડયો નથી. જો કે શરાબને કોઈ કવિએ, 'પાણીનું પાગલપન' કહ્યું છે. પણ જલનને તો કવિતાનો નશો જ પૂરતો છે, 'ચારમિનાર' સિવાય એને બીજું કોઈ વ્યસન નથી.

કોઈ પણ વખત મદ્યના સેવન વગર લખેલ તેમની ગઝલો સાંભળનારને નશો ચઢતો મેં મારી સગી આંખે જોયો છે. 'વી વૉન્ટ જલન' એવા ઑડિયન્સના પોકાર પણ મારા સગા કાને સાંભળ્યા છે. કદાચ એટલે જ, કેટલાક કવિઓ જલન જે મુશાયરામાં હોય ત્યાં ભાગ લેવા જવાનું ટાળે છે. કારણ એટલું જ કે પ્રેક્ષકોની વધુમાં વધુ દાદ મેળવીને મુશાયરો તે એકલે હાથે લૂંટી લે છે ને લૂંટમાં કોઇને ભાગ આપતા નથી – લૂંટના સિદ્ધાંતનો છડેચોક ભંગ કરે છે.

તો ય તે સંયમની પાળ પર બેઠેલ એક સંત જેવા છે, તેમનો આ સંયમ મને ગમે છે. 'ઊર્મિની ઓળખ' નામના એક (અનુ. પૃ. ૬૭)


કલાવાર્તા


ફોટોકલાકાર રમુભાઈ આચાર્ય



ટાટા ઇન્સ્ટિટયૂટ ઑાવ ફન્ડામેન્ટલ રિસર્ચ -] કોલાબા(મુંબઇ)ના ફોટોગ્રાફી-વિભાગમાં કામ કરતા શ્રી રમુભાઇ આચાર્ય એક અચ્છા અને પ્રયોગ શીલ ફોટોગ્રાફર છે. એમની કેટલીક કૃતિઓ અહીં તથા અન્યત્ર આપી છે, અને એમનો પરિચય એમના જ શબ્દોમાં—


સૌરાષ્ટ્રમાં હડિયાણા ગામમાં ઇ. ૧૯૩૪-માં જન્મ. પિતાનો વસવાટ અને પ્રિન્ટિંગ પ્રેસનો વ્યવસાય મુંબઇમાં એટલે મારું શિક્ષણ મુંબઇમાં જ થયું. બચપણથી ચિત્રકળાનો ખૂબ શૉખ. અભ્યાસકાળ દરમિયાન ડ્રૉઇંગની પ્રાથમિક બે પરીક્ષાઓ પણ આપી દીધી હતી, પરંતુ કૉલેજકાળ દરમિયાન હું ફોટોગ્રાફી તરફ ઢળી ગયો. કારણ આરંભમાં મોટાભાઇ પાસેથી ચિત્રકળા શીખવાનો જે લાભ મળેલો તેને મર્યાદા બંધાઇ ગઇ, અને એમનો પોતાનો વ્યવસાય ફોટોગ્રાફીનો એટલે એમને મદદ કરવામાંથી એ કળાનો વધુ ને વધુ પરિચય મળતો ગયો. ધીરેધીરે ફોટોગ્રાફીમાં ફાવટ આવતી ગઇ અને અનુભવ પણ વધતો ગયો. ફોટોગ્રાફી વિષેનાં અવનવાં સામયિકો પણ જોવા મળતાં અને જહાંગીર આર્ટ ગૅલેરીમાં પ્રદર્શનો પણ જોતો. કૉલેજકાળમાં મિત્રો સાથે પ્રવાસ-પર્યટનોમાં મારે ભાગે ફોટોગ્રાફી






△


જમણી બાજુ મથાળે : સોલરાઇઝેશનની ટૅકનિકથી બનાવેલું એક દૃશ્યચિત્ર. (નીચે) બે નૅગેટિવોનો ઉપયોગ કરીને તૈયાર કરેલું નાટયાત્મક ફોટોચિત્ર.



△ એક જ નેગેટિવના પુનરાવર્તનથી પ્રકટાવેલી ચરતા અશ્વની ભાત. જમણી બાજુ મથાળે : સોલરાઇઝેશન વડે દર્શાવેલા માછીમારો. જમણી બાજુ ઉપર : બરફીલું છાપરું, તેની નીચે : ગુનેગાર હાથ અને છેક જમણી બાજુ : ટીખળી નજર.









કરવાનું આવી જતું ને તે રીતે ...એનાથી હું વધુ ને વધુ જાણકાર બનતો ગયો.

સીનીઅર બી.એ.ની પરીક્ષા આપ્યા પછી મને 'ટાટા ઇન્સ્ટિટયૂટ ઑવ ફન્ડામેન્ટલ રિસર્ચ'માં ફોટોગ્રાફી ડિપાર્ટમેન્ટમાં નોકરી મળી ગઇ, ચિત્રકાર બનવાને બદલે હું ફોટોગ્રાફર બની ગયો. અહીં મને ભારતીય ફોટોગ્રાફરોમાં ગુરુ ગણાતા વિખ્યાત શ્રી આર. આર. ભારદ્વાજનો પરિચય થયો. એમના કામમાંથી મને ઘણી પ્રેરણા મળી છે.

ઇ. ૧૯૬૬માં હું ફોટોગ્રાફિક સોસાએટી ઑવ ઇન્ડિયામાં જોડાયો. અહીં મને અનેક સુખ્યાત અને અનુભવી ફોટોગ્રાફરોનો પરિચય થયો. એમના દ્વારા પણ મને ઘણું શીખવા મળ્યું. એ સૌની સાથે કરેલા પ્રવાસ-પર્યટનોમાં પણ મેં ખૂબ ફોટોગ્રાફી કરી ઘણો અનુભવ મેળવ્યો. એ જ વર્ષે નવી દિલ્હીના એક ફોટો-પ્રદર્શનમાં ગિરનાર પર પાડેલું મારું એક ફોટો-ચિત્ર પણ સ્થાન પામ્યું એટલે મારો ઉત્સાહ વધ્યો અને પછી તો ફોટો-પ્રદર્શનોમાં પણ મેં વારંવાર ભાગ લેવા માંડયો. આ રીતે લગભગ બસો જેટલાં પ્રદર્શનોમાં મારાં ચારસોથી વધુ ફોટો-ચિત્રો સ્થાન પામ્યાં છે. અલબત્ત, શરૂશરૂમાં ક્વચિત્ મારા ફોટોગ્રાફો પ્રદર્શનને યોગ્ય ન પણ ઠરતા, પરંતુ એથી નિરાશ ન થતાં મેં મારા કામને વધુ સારું બનાવવાના પ્રયત્નો જારી રાખ્યા ને મને તેનાં સુફળ પણ મળ્યાં જ.

ઇ. ૧૯૬૮માં મારા એક ફોટો 'સ્ટીલલાઇફ'-ને પારિતોષિક મળ્યું. અને પછી તો દેશમાં તથા પરદેશમાં મારા ફોટોગ્રાફોને પ્રમાણપત્રો તેમજ પારિતોષિકો મળવા લાગ્યાં. આ રીતે ઑસ્ટ્રેલિયા, તાઇવાન, ફ્રાન્સ, યુગોસ્લાવિયા, હોંગકૉંગ, ઝામ્બિયા, કોરિયા, શ્રીલંકા વગેરે દેશોમાં યોજાએલા આંતરરાષ્ટ્રીય ફોટો-પ્રદર્શનોમાં મેં ભાગ લીધો છે. ૧૯૭૯માં જાપાનમાં યોજાએલા દ્વિતીય એશિયન કલ્ચર સેન્ટર ફૉર યુનેસ્કોની ફોટો-હરીફાઇમાં મને રોકડ ઇનામ મળેલું. '૮૨માં કોરિયામાં મને બીજા ઇનામનો 'સિલ્વર મૅડલ' મળ્યો હતો. આ ઉપરાંત, અનેક સામયિકો, ફોટોગ્રાફીના કૅટલૉગ, વર્તમાનપત્રો તેમજ પ્રવાસીઓ માટેના સચિત્ર સાહિત્યમાં પણ મારા અનેક ફોટોગ્રાફો પ્રસિદ્ધ થયા છે.

છેલ્લાં બારેક વર્ષથી ફોટોગ્રાફિક સોસાએટી ઑવ ઇંડિયાની મૅનેજિંગ કમિટીનો હું સભ્ય રહ્યો છું, અને એક વર્ષથી તેનું મંત્રીપદ સંભાળું છું. મુંબઇની ભવન્સ કૉલેજમાં ચાલતા ફોટોગ્રાફીના વર્ગમાં પણ હું વિદ્યાર્થીઓને ફોટોગ્રાફીની સોલરાઇઝેશન, પોસ્ટરાઇઝેશન, વગેરે વિવિધ ટેકનિક શીખવું છું.

ફોટો લેવા માટે સવાર-સાંજનો પ્રકાશ મને વધુ પસંદ છે. 'નિકૉન' કૅમેરા અને ટેલિફોટો લેન્સનો ઉપયોગ ઠીકઠીક પ્રમાણમાં કરું છું. ઇ. ૧૯૭૯માં ભરતપુરના પક્ષી-વિહારધામની મેં મુલાકાત લીધી હતી, ત્યારથી 'નેચર'નું મને બહુ જ આકર્ષણ રહ્યું છે, અને એ દિશામાં મારી ફોટોગ્રાફીને ખૂબ વધુ આગળ વિકસાવવાની મને આકાંક્ષા છે. —જયંત સિદ્ધપુરા

દશ ૧૦ ૧૦ ૧૦ ૧૦ ૧૦

રતિલાલ હરિભાઈ નાયક

આપણા ધર્મગ્રંથો, પ્રાચીન સાહિત્ય, ધાર્મિક ક્રિયાકાંડો, વૈદક વગેરે શાસ્ત્રો, સુભાષિતો, કહેવતો અને બોધવાક્યો ઇત્યાદિમાં અનેક રીતે વિવિધ અંકસંખ્યાઓ સંકળાએલી છે. એની જાણકારી જ્ઞાનને સમૃદ્ધ બનાવવા સાથે સમજવામાં સરળતા આણે છે, આ સંખ્યાઓ સાથે વણાએલાં સૂત્રો, બોધવાક્યો, કહેવતો વગેરેનું આ સંકલન રસપ્રદ અને માહિતીપ્રદ બની રહેશે. આમાં ઘણું ઉમેરણ થઈ શકે પણ સકારણ તથા વિસ્તારભયે કેટલુંક જતું કર્યું છે.

દશાવતાર : વિષ્ણુ ભગવાનના દશ અવતાર—મત્સ્ય, કૂર્મ, વારાહ, નૃસિંહ, બલિ (વામન), પરશુરામ, રામ, કૃષ્ણ, બુદ્ધ અને (ભવિષ્યમાં) કલ્કિ, અથવા રામ પછી બલરામ, કૃષ્ણ અને કલ્કિ, અથવા રામ પછી બલરામ, બુદ્ધ અને કલ્કિ.

દશ દિશાઓ : (દશ દિગંતરો, દશ દિક્પાલો, દશ દિગ્ગજો, દશ દિગ્ ગજેન્દ્રો અધિપતિ દેવો સાથે : પૂર્વ (ઈન્દ્ર), પશ્ચિમ (વરુણ), ઉત્તર (કુબેર), દક્ષિણ (યમ), ઈશાન (ઈશ), અગ્નિ (અગ્નિ), નૈઋત્ય (નૈઋતી), વાયવ્ય (વાયુ), આકાશ (બ્રહ્મા), ને પાતાલ (અનંત).

દશ મહાવિદ્યા(દેવી)ઓ : કાલિ, તારા, દુર્ગા, છિન્નમસ્તા, ત્રિપુર ભૈરવી, મહામાયા, ધૂમાવતી, બગલા, ત્રિપુર સુંદરી અને શ્રીવિદ્યા; અથવા કાલિ, તારા, ત્રિપુરાસુંદરી, ભુવનેશ્વરી, ભૈરવી, ત્રિપુરા, ધૂમાવતી, બગલા, માતંગી અને કમલા.

અભ્યાસયોગ્ય દશ વિષયો : ઇતિહાસ, સાહિત્ય, કલા, નીતિશાસ્ત્ર, તત્ત્વજ્ઞાન, ધર્મ, વિજ્ઞાન, સમાજશાસ્ત્ર, રાજકારણ અને વનસ્પતિશાસ્ત્ર.

દશ પ્રાણો : પ્રાણ, અપાન, સમાન, ઉદાન, વ્યાન, નાગ, કૂર્મ કૃકલ, દેવદત્ત ને ધનંજય.

દશ ઇન્દ્રિયો : કાન, ત્વચા, ચક્ષુ, જીભ, નાસિકા, વાણી, હાથ, પગ, લિંગ-યોનિ, ગુદા.

દશ અર્થો : સર્ગ, વિસર્ગ, સ્થાન, પોષણ, ઊતિ, મન્વંતર, ઈશાનુકથા, નિરોધ, મુક્તિ અને આશ્રય.

બ્રહ્માના દશ પુત્રો (લોક-રચનામાં કારણભૂત ઉત્પન્ન થયેલા પુત્રો : અથવા મનુએ સર્જેલા પ્રથમ પ્રજાપતિ મહર્ષિઓ) : મરીચિ, અત્રિ, અંગિરસ, પુલસ્ત્ય, પુલહ, ભૃગુ, વસિષ્ઠ, દક્ષ અને નારદ.

દશ ભોગો (વિલાસો) : શય્યા, આસન, વસ્ત્ર, આભૂષણ, સ્નાન, વિલેપન, ભોજન, સ્ત્રી, સુગંધિત દ્રવ્ય અને સંપત્તિ.

શ્રીકૃષ્ણના દશ પ્રકારના મનુષ્યોમાં પ્રકટ દશ રસરૂપ : મલ્લોમાં રૌદ્ર રસ રૂપે, પુરુષોમાં અદ્ભુત રસ રૂપે, સ્ત્રીઓમાં શૃંગાર રૂપે ગોવાળિયાઓમાં હાસ્યરસ રૂપે, દુષ્ટ રાજાઓમાં વીર રસ રૂપે, માતાપિતાઓમાં દયા રસ રૂપે, કંસમાં ભયાનક રસ રૂપે, અજ્ઞાનીઓમાં બીભત્સ રસ રૂપે, યોગીઓમાં શાંતરસ રૂપે અને યાદવોમાં ભક્તિરસ રૂપે શ્રીકૃષ્ણ પ્રકટયા હતા.

દશ નાડીઓ : શરીરની જમણી બાજુ પિંગલા, ડાબી બાજુ ઈડા, મધ્યમાં સુષુમ્ણા, જમણી આંખમાં હસ્તિજીહ્વા, ડાબી આંખમાં ગાન્ધારી, જમણા કાનમાં પૂષા, ડાબા કાનમાં યશસ્વિની, લિંગમાં કુહુ, ગુદામાં શંખિની અને મૂળમાં અલમ્બુષા.

દશ સંધ્યા-ક્રિયાઓ (સંધ્યા સમયે બ્રાહ્મણે કરવાની) : આસનશુદ્ધિ, માર્જન, આચમન, પ્રાણાયમ, અઘમર્ષણ (ભૂતશુદ્ધિ), અર્ઘ્યદાન, સૂર્યોપસ્થાન, ન્યાસ, ધ્યાન અને જપ.

આ દસ જાગતા રહે છે : ધનવાન, ચિંતાતુર, ચોર, દીકરીનો બાપ, માથે વેરવાળો, દેવાળિયો, કુટિલ નારી, રોગી, યોગ-સાધક, અને ચોકીદાર.

દશ લક્ષણક : (ધર્મનાં દશ લક્ષણો) : ધૃતિ, ક્ષમા, દમ, અસ્તેય, શૌચ, ઇન્દ્રિયનિગ્રહ, બુદ્ધિ, બ્રહ્મવિદ્યા, સત્ય અને અક્રોધ.

આ દશ સમાન કોઈ નથી : વેદ સમાન શાસ્ત્ર, શાંતિ સમાન સુખ, સૂર્ય સમાન જ્યોતિ, વિદ્યા સમાન ધન, ગંગા સમાન તીર્થ, માતા સમાન ગુરુ, વિષ્ણુ સમાન દેવ, રામાયણ સમાન ગ્રંથ, સત્ય સમાન ધર્મ, અને અસત્ય સમાન પાપ.

આ દશ સાથે વિવાદ કરવો નહિ : બ્રાહ્મણ, આચાર્ય, અતિથિ, બાળક, વૃદ્ધ, રોગી, વૈદ (દાક્તર), માતાપિતા, કુળવધૂ અને દાસ.

દશ વ્યસનો : શિકાર, જુગાર, દિવસે ઊંઘ, કૂથલી, સ્ત્રીઓમાં આસક્તિ, મદ્યપાન, સંગીત, નાચ, ગાન અને વ્યર્થ રખડપાટ.

ગુણ વધવા-ઘટવાનાં દશ કારણો; શાસ્ત્ર, પાણી, દેશ, કાળ, કર્મ, જન્મ, ધ્યાન, મંત્ર, પ્રજા અને સંસ્કાર.

આ દશ મકાર ઘણા જ ચંચળ છે : મન, મધુકર (ભમરો), મેઘ, માનિની (સ્ત્રી), મદન, મરુત (પવન), મા (લક્ષ્મી), મદ, મર્કટ અને મત્સ્ય.

સમુદ્રનાં દશ નામો : પાથોધિ, જલધિ, પયોધિ, ઉદધિ, વારાનિધિ, વારિધિ, અંબુધિ, સલિલધિ, પાનીયધિ, અને તોયધિ.

વૃદ્ધાવસ્થાનાં દશ દુઃખો : રોગગ્રસ્ત દેહ, પથારીવશ જીવન, પત્નીનું મૃત્યુ, પાગલ પુત્ર, વિધવા પુત્રી, કસમયે ભોજન, પુત્ર પાસે યાચના, અળખામણું જીવન, મિત્રોનો અભાવ અને સંતાનોનું દુષ્કૃત્ય.

દશનામ : તીર્થ, આશ્રમ, વન, અરણ્ય, ગિરિ, પર્વત, સાગર, સરસ્વતી ભારતી અને પુરી, આ દશ સંન્યાસીનાં વર્ગ નામ.

દશબલ : દાન, શીલ, ક્ષમા, વીર્ય, ધ્યાન, પ્રજ્ઞા, બલ, ઉપાય, પ્રણિધિ અને જ્ઞાન – બુદ્ધનાં એ દશબલ.

દશમૂત્રક : વૈદકમાં ઉપયોગી દશ પ્રાણી—ગાય, ભેંસ, બકરી, ઘેટી, ઘોડી, હાથણી, ગધેડી, મૃગલી અને સ્ત્રીનાં મૂત્ર. □

જલન (અનુ. પૃ. ૬૪) પુસ્તકનું તેમણે સંપાદન કરેલું. તેનાં લગભગ ૭૨ જેટલા શાયરોનો તેમણે પરિચય કરાવ્યો છે. પણ તેમાં આસાન હોવા છતાં પોતાનો પરિચય કે ફોટો મૂકવા જેટલો ય લોભ તેમણે નથી કર્યો. સારાસારનો વિચાર કરનાર તે એક જાગ્રત કવિ છે.

ગઝલનો અર્થ પ્રેમિકા સાથે પ્રેમની વાતો કરવી એવો થાય છે ને કેટલાક કવિઓ તો ગઝલનો આ અર્થ જાણ્યા પછી જ ગઝલ તરફ વળ્યા છે. જ્યારે ભાઈ જલનની ગઝલો જુદો જ મિજાજ લઇને આવે છે. તેમની ગઝલમાં પ્રેમને બદલે આક્રોશ, વ્યંગ, શંકા, ફરિયાદ ને ખુદ્દારીનાં દર્શન થાય છે ગઝલની પરંપરાના રાજમાર્ગથી ઉફરા ચાલીને તેમણે પોતાની એક જુદી જ કેડી કંડારી છે. તેમની પાસે પોતાના આગવા ખયાલો છે, જે તાજગીથી ભરપૂર છે. ભાષા પણ આડંબર વગરની સાદી ને સચોટ છે. તે ખુદા, અલ્લાહ, શંકર, કૃષ્ણ, કુબેર વચ્ચે કોઈ ભેદ નથી રાખતા, બધાને એક સરખા ગુનેગાર માને છે. તેમનો આ શેર જુઓ :

'હવે તો દોસ્તો ભેગા મળી વહેંચીને પી નાખો,
જગતનાં ઝેર પીવાને હવે શંકર નહિ આવે.'


હમણાં જાણવા મળ્યું કે જલને સંત જલારામ પર ૨૨ ભજનો લખ્યાં છે, જે એફ. આર. છીપાએ સંગીતમાં સ્વરબદ્ધ કર્યાં છે. મેં જલનને પૂછ્યું : 'ભાઈ જલન, સંત જલારામનાં ભજનો તમે કેવી રીતે રચ્યાં ?' તે કહે : 'સંત, સૂફી ને ઓલિયા આમ તો એક જ ને ? એ બધાનું સાથે સ્મરણ કરીને આ સંત પર લખવા બેઠો ને ભજનો લખાઈ ગયાં... મને કોઈ તકલીફ ના પડી. બધું ગોઠવાઈ ગયું... આ જ તેમની આસ્તિકતા.

સાંભળ્યું છે કે તેઓ પોતાનો પ્રથમ ગઝલસંગ્રહ પ્રકટ કરી રહ્યા છે. જોઇએ શું પહેલું વેચાય છે, એમનો એ સંગ્રહ કે એમની ઘરવખરી! □

ટેસ્ટ-શતાબ્દીની વિશ્વ-એકાદશ-૯

ડેનિસ કેઈથ લિલી





ભરત ના. ભટ્ટ

શતાબ્દીની વિશ્વ-એકાદશ વતી કોને ઓપનિંગ બોલિંગ સોંપાય તે તો બાર્નેસે બતાવ્યું, પણ તેમાંથી આપણે માટે એક પ્રશ્ન ઊભો થયો કે બાર્નેસના જોડીદાર કોણ? નજર ફરતીફરતી 'લ-વર્ણ' પર ઠરી: લિંડવૉલ અને લિલી. બાર્નેસે ઝડપી બોલિંગમાં વૈવિધ્ય અને વેધકતા આણ્યાં તો લિંડવૉલ એ વૈવિધ્ય જાળવીને ઝડપી બોલિંગને એક કલાત્મક અખંડિતતા આપી. તેમની બોલિંગ જોઇને વૉર્નરે એક જ શબ્દ વાપરેલો: 'Poetry.' લિંડવૉલ ઝડપી બોલરનાં રુક્ષતા ને ઢેપીલાપણાથી એટલા દૂર કે તેમના દડાને કામદેવના બાણ સાથે જ સરખાવી શકાય. તેમાં વેધકતા વધુ કે માધુર્ય તે જ નક્કી ન થાય. અનેક બાહ્ય કારણો થકી લિંડવૉલની બોલર તરીકેની સત્યશીલતા અને સિદ્ધિ વચ્ચે સમતુલા ન જળવાઈ શકી. આથી લિંડવૉલની બોલિંગ કલાએ લિલીમાં પુનર્જન્મ લઈ સત્ત્વ અને સિદ્ધિની અભિન્નતા સાધી. પરિણામે, લિંડવૉલની પૂર્ણ-પૂર્વકદર સાથે લિલીને અત્રે સ્થાન આપું છું.

ડેનિસ કેઈથ લિલીનો જન્મ ૧૮ જુલાઈ ૧૯૪૯ના રોજ પશ્ચિમ ઑસ્ટ્રેલિયાના વડામથક પર્થ ખાતે થએલો. નાની વયથી જ લિલીને ક્રિકેટનું આકર્ષણ તેમાંય વધુમાં વધુ ઝડપથી બૉલ કેમ નાખી શકાય તે જ તેમની રટણા. તેઓ અગિયાર વર્ષના હતા ત્યારે તેમણે ખ્યાત વેસ્ટ ઇન્ડિઝ બોલર વેસ્લી હૉલને (૧૯૬૦-'૬૧ની અલૌકિક શ્રેણી દરમિયાન) પર્થના 'વાકા' મેદાન પર ઝડપી બોલિંગ કરતા જોયા. લિલી વાડ ટેકીને હૉલને નિહાળવા પહોંચી ગએલા. પોતાના સમયના મહાન ઝડપી બોલર વેસ્લી હૉલ આમ બહુ સુયોગ્ય રીતે લિલીની પ્રેરણામૂર્તિ બન્યા હતા.

લાંબા સ્પેલમાં બોલિંગ કરવા માટેની સજ્જતાનું મહત્ત્વ આ ગાળામાં લિલીને તેમના દાદા હોલીફેફ્સે સમજાવેલું અને તેને લગતી થોડી તાલીમ પણ આપેલી. લગભગ આ જ ગાળાથી લિલી હાથને સતત ગોળ ઘુમાવવાની તેમજ અન્ય શારીરિક સજ્જતા માટેની અનેક કસરતો કરતા.

જ્યારે તેઓ ૧૫-૧૭ વર્ષના થયા ત્યારે તેમની પાસે આ નેમ હતી: શક્ય તેટલી વેગીલી ગતિએ દડો ફેંકવો અને એક દિવસ ઝડપી બોલર તરીકે પોતાના રાજ્ય વતી રમવા પસંદ થવું. ૧૯૬૯માં, વીસ વર્ષની વયે. જ્યારે તેઓ પશ્ચિમ ઑસ્ટ્રેલિયા વતી રમવા મેદાને પડ્યા ત્યારે એક બોલર તરીકે તેઓ કેવા હતા તે એમના જ શબ્દોમાં જોઇએ: **I was still little more than a tearaway kid who ran in perhaps too for and pounded the ball down just as hard as he could.**

જો કે તેઓ માત્ર સાવ શિખાઉ ઝડપી બોલર હોવા છતાં લિલી પોતાની પ્રથમ સીઝનમાં જ ૮ મૅચમાં ૩૨ વિકેટ ઝડપીને સફળ રહ્યા. પરિણામે સીઝનને અંતે ન્યૂઝીલૅન્ડના પ્રવાસે જતી દ્વિતીય ઑસ્ટ્રેલિયન એકાદશમાં તેઓ પસંદ થયા. અહીં તેઓ ઝડપી બોલિંગને કાંઈક સાચા અર્થમાં સમજતા થયા. આથી પાછા આવ્યા પછી તેમણે ઝડપી બોલિંગના બે સિદ્ધહસ્ત કલાકારો-લિંડવૉલ અને મિલરની સલાહ લીધી. કોઇને ખબર નહોતી કે આ ગુરુ-શિષ્યનો નાતો પરમહંસ-વિવેકાનંદ જેવો વિરલ સિદ્ધ થશે.

લિલીના પ્રશ્નો અને પેલા બંને તજ્જ્ઞોના તૈયાર જવાબો. લિલીને ઘણું મળ્યું પણ સૌથી મોટી પ્રતીતિ તો, તત્ત્વજ્ઞ સૉક્રેટિસની પદ્ધતિ પ્રમાણે કહીએ તો, એ થઇ કે ઝડપી બોલિંગ વિશે હું કશું જાણતો નથી, 'પરિશ્રમ, પરિશ્રમ અને વળી પરિશ્રમ'નો મંત્ર લિલીએ લીધો.

એક બાજુ લિલીને લિંડવૉલ-મિલરની સલાહ મળી ને બીજી બાજુ ઑસ્ટ્રેલિયાને ઝડપી બોલરની તાતી જરૂર પડી. મૅકેન્ઝી હવે અસરકારક નહોતા અને 'ફ્રૅન્ક' ટૉમસન (જૅફ ટૉમસન નહિ) પરની આશાઓ ઠગારી નીવડી હતી. ગૃહશ્રેણીમાં ઇંગ્લૅન્ડના બૅટ્સમેનોને હંફાવવા હવે કોઈકની જરૂર હતી. આવી તાતી માંગ વચ્ચે ૨૯ જાન્યુઆરી ૧૯૭૧ના રોજ એડીલેઇડ ઓવલ ખાતે ટૉમસન સાથે લિલીએ ઓપનિંગ બોલિંગ સંભાળી ટેસ્ટ પ્રવેશ કર્યો. છઠ્ઠી (હકીકતમાં પાંચમી) ટેસ્ટ સુધીમાં સધ્ધર બની ગયેલા ઇંગ્લિશ બૅટ્સમેનોએ ૪૭૦નો જુમલો ખડક્યો, પરંતુ લિલિએ ૮૪ રનમાં પાંચ વિકેટો લીધી. આ સિદ્ધિ જ નહિ, તેમની સમગ્ર બોલિંગ-પદ્ધતિ જાણકારોને એક મહાન ઝડપી બોલરનાં એંધાણ આપી ગઇ.

હજી તેમને ઘણું મેળવવાનું હતું. અસામાન્ય ઝડપી બોલર બનવા આતુર લિલી ૧૯૭૧માં લૅંકેશાયર લીગ વતી રમવા ઇંગ્લૅન્ડ આવ્યા. બસ ત્યારથી હજી હમણાં તેઓ નિવૃત્ત થયા ત્યાં સુધી ઝડપી બોલિંગના કલાકાર અને સિદ્ધ એવા આ બોલરે સિદ્ધિમાં કે શીખવામાં કદી વૃદ્ધત્વ નથી દેખાવા દીધું.

ઈ. ૧૯૭૧-૭૨ની સીઝનમાં સોબર્સની રાહબરી નીચે વિશ્વ-એકાદશ ઑસ્ટ્રેલિયા આવી ત્યારે પર્થ ખાતેની બીજી ટેસ્ટમાં ઝડપી

વિકેટ પર લિલીએ ૭ ઓવરમાં ૨૯ રન આપી ૮ વિકેટો ખેરવી અને તેમનું નામ ક્રિકેટજગતને ખૂણેખૂણે પહોંચી ગયું.

ઇ. ૧૯૭૨માં ઑસ્ટ્રેલિઅન ટીમ ઇંગ્લૅન્ડના પ્રવાસે આવી ત્યારે સૌની નજર બે નવોદિત ઑસ્ટ્રેલિયનો પર હતી : ડૅનિસ લિલી અને ગ્રેગ ચૅપલ. ત્યારના ઇંગ્લૅન્ડના પ્રસિદ્ધ ક્રિકેટ-માસિક 'પ્લેફેર ક્રિકેટ મન્થલી'એ મુખપૃષ્ઠ પર લિલીનો એકશન-ફોટો આપી લખેલું : 'Is he to be another genuine bowler in the Ray Lindwall class? એક બાજુ આવો મદાર હતો તો કેટલીક નજરોમાં ટીકાત્મકતા હતી, 'ઑસ્ટ્રેલિયન ફાસ્ટ વિકેટ પર લિલી ફાવ્યા તેવા શું તે ઇંગ્લિશ હવામાન અને વિકેટ પર ફાવશે?' લિલિનો જવાબ હતો– પાંચ ટેસ્ટમાં ૩૧ વિકેટોનો ઑસ્ટ્રેલિયન વિક્રમ. છેલ્લી ટેસ્ટમાં ૧૦ વિકેટ! પ્રવાસને અંતે ફાસ્ટ બોલર તરીકે લિલીએ ટેસ્ટ-ઇતિહાસનાં પાનાં પોતાને માટે અનામત રાખી લીધાં હતાં.

ઇ. ૧૯૭૨-૭૩માં પાકિસ્તાન ૩ ટેસ્ટ રમવા ઑસ્ટ્રેલિયા ગયું ત્યારે લિલીએ પોતાનું કૌવત તો બતાવ્યું, પરંતુ સોબર્સની ટીમ સામે પેલી યશસ્વી ટેસ્ટમાં આઠ વિકેટો લેતી વખતે તેમને પીઠના જે દુખાવાનો અનુભવ થયેલો તેણે અહીં દેખા દીધી, અને ૧૯૭૩ની વેસ્ટ ઇન્ડિઝની યાત્રાની પ્રથમ ટેસ્ટમાં જ લિલીને મેદાન છોડવા મજબૂર કર્યા. અહીં બોલિંગ કરતાં લિલીએ વાંસાને પોતાની ઇચ્છા મુજબ વાળતાં તીવ્ર પીડાનો અનુભવ કર્યો. તપાસ કરાવી તો કરોડરજ્જુના નીચલા મણકામાં ભાંગ-તૂટ હતી. લિલી હવે નહિ રમી શકે તેવું લગભગ નક્કી થઇ ગયું. એક વિરલ કારકિર્દી પર જાણે શ્યામપટલ પડી ગયો.

પરંતુ લિલીએ આમાંથી જે અદ્ભુત પુનરાગમન કર્યું છે! તેમની બોલિંગની ક્ષમતા કરતાં પણ વધુ નોંધપાત્ર તો તેમની આ નિશ્ચયશક્તિ હતી. કમ્મરને પ્લાસ્ટરમાં બાંધી તેમણે પૂરેપૂરી તકેદારીથી સારવાર લીધી અને સાજા થઇ નેટ પર પાછા આવ્યા. લગભગ દોઢ વર્ષ પછી ૧૯૭૪-'૭૫માં ઇંગ્લૅન્ડ ઑસ્ટ્રેલિયાના પ્રવાસે આવ્યું ત્યારે લિલીએ ક્રિકેટ મેદાનો પર દેખા દીધી. કાઉન્ટી મૅચોમાં તેમની બોલિંગનું નિરીક્ષણ થયું, પણ પહેલાં જેવી વિદ્યુતગતિ તેમાં ન લાગી. આમ છતાં તેમની ઉપર સૌને વિશ્વાસ હોવાથી ટેસ્ટમાં લેવાયા. હવે તેમના જોડીદાર હતા અલ્પખ્યાત અને નવા જેફ ટૉમસન. છ ટેસ્ટની સીરીઝ ઇંગ્લૅન્ડ ૪-૧થી હાર્યું. અને લિલી-ટૉમસનની જોડી અદ્વિતીય બની ગઇ. બંને જણ છેલ્લી રમતમાં ન રમી શકયા એટલે (જ) ઇંગ્લૅન્ડ એ ટેસ્ટ જીત્યું.

ઈ. ૧૯૭૫માં વિશ્વકપ ટુર્નામેન્ટ વખતે લિલીનો દેખાવ સંતોષકારક રહ્યો, પરંતુ તેઓ ખરા ચમકયા એ પછીની ઇંગ્લૅન્ડ સામેની ચાર ટેસ્ટમાં. અહીં તેમણે બંને પક્ષે સૌથી વધુ (૨૧) વિકેટો લીધી. આ જ સીરીઝમાં તેમણે પોતાનો સર્વોચ્ચ ટેસ્ટ-સ્કોર ૭૩ નોંધાવ્યો હતો.

ઈ. ૧૯૭૫-૭૬માં વિશ્વકપ વિજેતા વેસ્ટ ઇન્ડીઝની ટીમ ઑસ્ટ્રેલિયાના પ્રવાસે ગઈ ત્યારે ખરાખરીના જંગની સૌને અપેક્ષા હતી, પણ લિલી-ટૉમસનની જોડીએ વેસ્ટ ઇન્ડીઝના બૅટિંગને નામ:શેષ કરી નાખ્યું. ટૉમસને ૬ ટેસ્ટમાં ૨૯ અને લિલીએ પાંચ ટેસ્ટમાં (એકમાં તેઓ બીમાર હતા)૨૭વિકેટ લઈ ઑસ્ટ્રેલિયાને ૫-૧થી વિજય અપાવ્યો. જો કે આ સીરીઝ પછી બંને પૂર્ણકળાએ કદી સાથે નથી આવ્યા, પણ ઝડપી બોલરની ખ્યાત જોડીઓમાં તેમનું નામ મોખરે સ્થિર થઈ ગયું.

ઈ. ૧૯૭૭ની સાલ આરંભથી જ લિલી માટે શુકનવંતી બની. ટૉમસન જોકે હવે તેમના નિયમિત સાથીદાર ન રહ્યા, પણ લિલીએ અદ્ભુત કલા-પ્રદર્શન ચાલુ કર્યું. જાન્યુઆરીમાં પાકિસ્તાન સામે મેલબોર્ન ખાતે ૧૩૫ રનમાં ૧૦ વિકેટ લીધી ત્યારે લાંબા સમય પછી જાણે લિલી પોતાની ચરમ સીમાએ પહોંચ્યા. ફેબ્રુઆરીમાં ઓકલૅન્ડ ખાતે ન્યૂ ઝીલૅન્ડને હરાવ્યું—૧૨૩ રનમાં ૧૧ વિકેટ લઇને અને માર્ચમાં વામનનું ત્રીજું પગલું : મેલબોર્ન ખાતે ઇંગ્લૅન્ડ સામે શતાબ્દી ટેસ્ટમાં ૧૬૫ રનમાં ૧૧ વિકેટ સાથે ઑસ્ટ્રેલિયાને ઐતિહાસિક વિજયની ભેટ! આ મૅચના પ્રથમ દાવમાં લિલીએ જ્યારે ૨૬ રનમાં ૬ વિકેટ લઇ ઇંગ્લૅન્ડને માત્ર ૯૫ રનમાં આઉટ કર્યું ત્યારે ઇંગ્લૅન્ડના ભૂતપૂર્વ ઝડપી બોલર લોડરે એ વિશે લખેલું : Most remarkable piece of guts and stamina I've ever seen. The wicket did not suit him.

ઈ. ૧૯૭૭નો ઇંગ્લૅન્ડનો પ્રવાસ તેમણે, હું ભૂલતો ન હોઉં તો, તબિયતને કારણે છોડી દીધો. આ પછી બે વર્ષ તેઓ પેકર સીરીઝમાં જોડાયા ને ટેસ્ટ ક્રિકેટથી દૂર રહ્યા. ૧૯૭૯-૮૦ની ઑસ્ટ્રેલિયન સીઝનથી પાછા તેઓ ટેસ્ટમાં આવ્યા અને વેસ્ટ ઇન્ડીઝ સામે મધ્યમ સફળતા મેળવી ઇંગ્લૅન્ડ સામે ત્રાટકયા. ત્રિકોણી સીરીઝની ઇંગ્લૅન્ડ સામેની ત્રીજી અને છેલ્લી ટેસ્ટમાં ૧૩૮ રનમાં ૧૧ વિકેટો. ૧૯૮૧માં ઇંગ્લૅન્ડ આવ્યા ને ૬ ટેસ્ટમાં ૩૯ વિકેટો – યાદ રહે તેમની ઉમર ૩૨ વર્ષની થઈ હતી અને છેલ્લા ૧૧ વર્ષથી તેઓ લગભગ નિયમિત રીતે ઉચ્ચતમ કક્ષાએ ઝડપી બોલિંગ કરી રહ્યા હતા. આ સીરીઝમાં પણ ઓવલની છેલ્લી ટેસ્ટમાં ૧૫૯ રનમાં ૧૧ વિકેટ!

ઈ. ૧૯૮૧ના ડિસેમ્બરમાં મેલબોર્ન ખાતેની ટેસ્ટમાં વેસ્ટ ઇન્ડીઝની ટીમ સામે તેમણે ૧૨૭ રનમાં ૧૦ વિકેટો લઇ એ દેશ પર ઐતિહાસિક વિજય મેળવ્યો. વળી, ૧૯૮૨-૮૩ની ઇંગ્લૅન્ડ સામેની સીરીઝમાં ઘૂંટણની તકલીફને કારણે ન રમી શકયા. છેલ્લે હમણાં તેઓ ૩૩ વર્ષની વયે પાકિસ્તાન સામે પાછા રમ્યા અને ૨૦ વિકેટો લીધી. પાંચમી ટેસ્ટને અંતે—તા. ૬-૨-૮૪ના રોજ તેમણે બધા પ્રકારના ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધી.

અનેક જન્મજાત ક્રિકેટ પ્રતિભાઓની જેમ લિલી પણ જાતે જ બધું શીખ્યા છે. સાવ આરંભમાં તેમણે ગતિ પર ભાર આપેલો, પરંતુ ટેસ્ટમાં આવ્યા પછી તેમજ ઇંગ્લૅન્ડમાં ૧૯૭૧માં લીગમાં રમ્યા પછી તેમને પ્રતીતિ થઈ કે ગતિની સાથે જ મહત્ત્વના છે લાઇન અને લેંગ્થ. બૅટ્સમૅનને જેટલા બૉલ વધુ રમવા પડે તેટલું સારું. અપાર જહેમત કરીને તેમણે પાંચ ટકા ગતિના ભોગે પણ લાઇન અને લેંગ્થ પરનો કાબૂ મેળવ્યો. આટલું બનતાં તેઓ લખે છે કે, 'હવે હું ઝડપી બોલરમાંથી મહાન બોલર બન્યો.' આ પછી તેમણે સ્વિંગનું શસ્ત્ર હસ્તગત કર્યું. આઉટસ્વિંગ તેમને જલદી ફાવ્યા, પણ ઇનસ્વિંગમાં વાર લાગી. આ માટે તેમણે ક્રીઝને છેડેથી અને વિશિષ્ટ ઍંગલથી બૉલને નાખવાનું કરી તેના પર પણ હથોટી મેળવી.

બાઉન્સર અને યૉર્કર ઉપર તેમણે ખૂબ પ્રૅક્ટિસ કરી. તેમાં પણ દિશા અને પીચનું મહત્ત્વ સ્વીકારી એ બંને પર પણ કાબૂ મેળવ્યો.

લિલીનો કોઈ ખાસ બૉલ નથી. તેમની મહાનતા તેમની સંપૂર્ણતામાં છે. ઉત્તમ-સંપૂર્ણ ઝડપી બોલરના તેઓ ૧૧ લક્ષણો માને છે, ને તે એકેએક પાસાને કોણે સર્વોત્તમ રીતે અજમાવ્યું તે જણાવતાં તેઓએ લખ્યું છે કે, 'વેસ હૉલની શ્વાસ થંભાવી દેતી દોડ, લિંડવૉલની રેશમ જેવી મુલાયમ ડીલિવરી, જેફ ટૉમસનની સુસવાટા કરતી ગતિ, ટ્રુમેનનું જ્વાલા સમું આક્રમણ, ડૅવિડસનના ઓજસ્વી સ્વિંગ, જ્હૉન સ્નૉના સર્વનાશી કટ, સ્ટેથામની અવિરત એકયુરેસી, ગ્રિફિથના પ્રાણઘાતક બાઉન્સર, રૉબર્ટ્સના હતોત્સાહ કરતા યૉર્કર, પ્રૉકટરની અમર્યાદ તાકાત અને મિલરની નિર્ભેળ તેજસ્વિતા : આ બધાં લક્ષણો જેને લાગુ પડતાં હોય તેવો માણસ મને બતાવો તો હું સર્વસંપૂર્ણ ઝડપી બોલર તમને બતાવું.'

આમ, લિલીનો આદર્શ જ અલૌકિક હતો. આવા સંપૂર્ણ બોલર

બ્રિજ અને શતરંજ

— સુરેશ મોદી —

આ વખતના કોયડામાં પહેલી નજરે જ સાત હાથ (ત્રણ કાળી, ત્રણ લાલ અને કુલ્લીનો એક્કો) દેખાય છે. આઠમા હાથ માટે પૂર્વને લાલ અને કુલ્લીમાં Squeeze કરીને કે કુલ્લીમાં પૂર્વને રાજાનો હાથ આપીને તે ભાતમાં એક વધુ હાથ કરવા પ્રયત્ન કરવો રહ્યો. ઊતર ઉત્તર કે દક્ષિણના હાથમાં હોત તો આ ઘણું સરળ થાત, પણ આ કોયડામાં પશ્ચિમની ચોકટની રાણીની ઊતર પછી ઉત્તર-દક્ષિણને આઠ હાથ કરવાના છે.

S K J 5
H A K Q 3
D —
C J 6 5

S Q 9 8 H 2 D Q J 10 9 8 C 8		S 10 7 6 H J 10 9 8 D 3 C K 10

S A 4 2
H 7 6 5 4
D 5
C A 2

હુકમ : કાળી

કોયડો : પશ્ચિમની ચોકટની રાણીની ઊતર પછી ઉત્તર-દક્ષિણના આઠ હાથ કરવાના.


પશ્ચિમની ચોકટ ઊતરીને ઉત્તર કાપે તો હુકમમાં એક હાથ વધુ મેળવવાની તક તેમને માટે ઊભી થઈ હોય તેવું લાગે છે. પણ એ રીતે કાપવું ભૂલભર્યું ગણાશે. કારણ કે ઉત્તર કાપે તો સફળ રીતે પૂર્વ-પશ્ચિમના હુકમ પડાવવા દક્ષિણના હાથમાં બે વખત જવું પડે જ્યારે તેના હાથમાં ફક્ત એક જ entry છે. માટે ચોકટની રાણી ઉત્તર કાપી ન શકે; તે કુલ્લી ફેંકે તો કુલ્લીમાં ત્રીજા પાનાનો હાથ મેળવવાની શક્યતા જતી રહે, માટે તે લાલ ફેંકે છે. પશ્ચિમ ચોકટ સિવાય કંઈ પણ ઊતરે તો ઉત્તર-દક્ષિણ તે હાથ કરીને બધા હુકમ પડાવી લઈ પૂર્વને કુલ્લીના રાજાનો હાથ આપી દે, અને કુલ્લીના ત્રીજા પાનાનો હાથ મેળવે. આ રીતે તેના ત્રણ કાળી, ત્રણ લાલ અને બે કુલ્લીના મળી આઠ હાથ થાય.

બીજી ઊતરમાં પણ પશ્ચિમ ચોકટ જ ઊતરે તો ઉત્તરે કુલ્લીનું પાનું ફેંકવું રહ્યું. પૂર્વ પોતાના ભાગીદારના ગુલામને ન કાપે તો શું ફેંકે? તે લાલ કે કુલ્લી ફેંકે તો તે ભાતમાં ઉત્તર-દક્ષિણ વધુ હાથ સરળતાથી મેળવી શકે. માટે તે કાપે છે. દક્ષિણ પણ તે જ મૂંઝવણમાં છે. તેણે લાલ તેમજ કુલ્લીનાં પાનાં તે ભાતમાં વધારાના હાથ બનાવવાની શક્યતા જાળવી રાખવા માટે સાચવવા રહ્યા. તે ભારે પાનાથી કાપીને હાથ લે તો તો હુકમનો કાબૂ ગુમાવી બેસે અને તેમ કરવું એ પશ્ચિમને ચોકટના હાથ આપવા જેવું જ થાય. માટે તે આ ઊતર પર હુકમનું હળવું પાનું નાખી દે (under-ruff કરે). હવે તે લાલ કે કાળી ઊતરે (કુલ્લી ઊતરવાથી તે ભાતમાં ઉત્તર-દક્ષિણના બે હાથ થઈ જાય છે). ઉત્તર-દક્ષિણ હુકમ કઢાવે. હુકમની ત્રીજી ઊતરે પૂર્વ squeeze થાય છે. તે લાલ ફેંકે તો દક્ષિણ કુલ્લી ફેંકે અને તે કુલ્લી ફેંકે અને બાકીના બધા હાથ મેળવે.

આ સરળ દેખાતા કોયડામાં under-ruff અને squeezeનો સુંદર ઉપયોગ જોવા મળે છે. □

છેલ્લા બે અંકમાં આપણે smothered mateનાં ત્રણ દૃષ્ટાંત જોયાં. તેમાં રાજાની આગળનાં ખાનાં ઉપર તેનાં પ્યાદાં જ હતાં, ક્યારેક મોટાં મ્હોરાં પણ તે ખાનાં પર હોય છે. તે અને બીજા એક-બે ફેરફારને લીધે આ વખતનું દૃષ્ટાંત નવીનતાપૂર્ણ અને આકર્ષક રહે છે.

May



Tierz

સફેદે રમવાનું

1 N×P, QN×N; 2 R×N, N×R; 3 R×N, Q×R.

આ પૂર્વતૈયારીમાં સફેદે બે હાથી અને એક ઘોડાનો, બે ઘોડા અને એક પ્યાદાના બદલામાં ભોગ આપ્યો.

4 K–N5 !

કાળાના વજીર પર હુમલો કરે છે. કાળો વજીર b1–h7ની ત્રાંસી લાઈન છોડે તો સફેદ 5 Q×Pથી મ્હાત કરે છે. માટે 4 ..., Q–N3; 5 Q×Pch, Q×Q; ફરજિયાત ! 5 N–B7 મ્હાત.

કાળો જવાબમાં 5 ..., R×N રમી શકે તેમ નથી, કારણ દૂર QN2(b2) પરથી ઊંટ હાથીને અણુઊઠ કરી રાખ્યો છે.

આ મ્હાતની પરિસ્થિતિ Trjumph of mind over matter' ના ઉદાહરણરૂપ ઠરે છે. કાળા રાજાની સેવામાં બે હાથી અને વજીર જેવા ભારે કિંમતનાં મ્હોરાં હોવા છતાં ઘોડા જેવું નાનું મ્હોરું (અલબત્ત, બીજાં નાનાં મ્હોરાં ઊંટની થોડી મદદથી) તેને મ્હાત કરે છે. આવી બુદ્ધિકસ ખૂબીઓને લીધે તો શતરંજ વર્ષોથી આટલા બધા લોકો માટે એક આકર્ષક રમત રહી છે. □

બનવાનો તેમનો સતત પ્રયત્ન હતો ને તેઓ કહે છે કે કોઈ બોલર આમાંથી ચાર-પાંચ બાબતોને પોતામાં સંકલિત કરી શકે તો પણ તે મહાન બોલર ગણાય. વાસ્તવમાં આવા સંપૂર્ણ બોલરની નજીક જો કોઈ હોય તો તે લિલી પોતે જ. બાર્કલેએ 'એ વર્લ્ડ ઑાવ ક્રિકેટ'માં લખ્યું છે : No player in resent years has epitomised unmistakeably as Dennis Lillee, the allround skill and the air of latent saragery inbred in world-class cricket.

પડછંદ, સશક્ત અને ચપળ દેહની લિલીને બક્ષીસ. મજબૂત હાથ અને પગ, પહોળી છાતી અને ભરાવદાર સ્કંધ. લાંબાં-મજબૂત આંગળાં. આ બધું ખરું, પણ તેમાં સૌથી મહત્ત્વની વસ્તુ તે જહેમત. આત્મબળ અપરંપાર. બે-બે મોટી શારીરિક પ્રતિકૂળતાઓમાંથી બેઠા થઈ પાછા ટોચ પર પહોંચવું તેમાં જ લિલીની મહત્તા છે. જો હૃદયરોગનો દરદી પગે ચાલીને ગિરનાર ચડી શકે તો કરોડરજ્જુનો દર્દી વિશ્વનો શ્રેષ્ઠ ઝડપી બોલર બની શકે. લિલીએ આ સાબિત કરી બતાવ્યું.

લિલીમાં સ્પર્ધાત્મક માનસ ખરું. આથી તેઓ મરણિયા થઈ શકે ને ગમે તેને ભારે પડે. શતાબ્દી ટેસ્ટમાં ઈંગ્લૅન્ડે ટૉસ જીતીને દાવ આપ્યો અને ધરખમ ઑસ્ટ્રેલિયા ૧૩૮ રનમાં ખખડી ગયું. ઈંગ્લૅન્ડના બૅટ્સમેનો સરસાઇની અપેક્ષા રાખી સેટ થવાનો પ્રયત્ન કરે તે પહેલાં તો વિકેટો ઊડવા લાગી ને ૯૫ રનમાં ઑલ-આઉટ! એક વાર ઑસ્ટ્રેલિયન ભૂમિ પર પાકિસ્તાન પોતાનો પ્રથમ વિજય નોંધાવવાની અણી પર હતું. તેને બીજો દાવ લઇ માત્ર ૩૨ રન કરવાના હતા, પણ ત્યાંય લિલીએ તો પૂરી ધગશથી બોલિંગ કરી અને બે વિકેટો પાડી. લાંબા અને વિકેટહીન સ્પેલમાં લિલી થાકે ખરા પણ હતાશ ન થાય. હાર સ્વીકારી લેવી તે તેમના લોહીમાં જ નહિ. તેમની બોલિંગમાં કેવું એકધારાપણું કે એકાગ્ર થયેલો અને સદી નજીક પહોંચેલો સધ્ધર બૅટ્સમેન પણ અચાનક તેમની બોલિંગમાં ક્લિન બોલ્ડ થાય! અને માનશો? લિલીનો એ સ્પેલ સંભવ છે કે બે-ત્રણ કલાકથી એકધારો ચાલુ જ હોય અને અંતે આવું બને! જેમ બ્રૅડમૅન પોતાનો ૨૦૧મો રન પ્રથમ જેટલી આતુરતાથી લે તેમ લિલીનો ૧૦૦ વિકેટહીન બૉલ પછીનો ૧૦૧મો બૉલ પણ વિકેટની ખાત્રી સાથે જ નખાયો હોય!

લિલીને અદ્ભુત સાથી બોલરો મળ્યા છે છતાં સાત-સાત વખત તેમણે ટેસ્ટમાં ૧૦ કે તેથી વધુ વિકેટ લીધી છે. પ્રસંગોપાત્ત તેઓ કેવા અજોડ બને છે તેનું આ દ્યોતક છે. પરંતુ તેમના બૉલ-કૌશલની વાત હું ટાળવા નથી માગતો. ગતિ એ તેમનું પાયાનું શસ્ત્ર. તેમણે પોતાનાં શ્રેષ્ઠ વર્ષોમાં બૉયકોટ-એમિસને હતા ન હતા કરી દીધા તે આ શસ્ત્રથી. આની સાથે સ્વિંગ, કટ, બમ્પર અને યૉર્કર ઉપરનો કાબૂ, દિશા અને પીચનો કાબૂ અને સાથે જ ગતિનું વૈવિધ્ય. આ બાબતમાં તેઓ જ માત્ર લિંડવૉલની બરાબરી કરી શકે. નોંધપાત્ર તો એ છે કે બમ્પરમાં પણ તેમણે ગતિનું વૈવિધ્ય હસ્તગત કરેલું. છેક ૧૯૭૧-૭૨માં હૂક-નિષ્ણાત સોબર્સને આવા બમ્પરનો કડવો પરિચય થયેલો. લિલી બે બમ્પર નાખે. પહેલો ધીમો આવે ને કદાચ આસાનીથી ચોગ્ગો જાય. બીજો આવે તે પહેલાં કરતાં ઝડપી હોય ને હૂક માટે બૅટ ઘૂમે તે પહેલાં બૅટને સ્પર્શીને કાં ચૂકીને વિકેટકીપરના હાથમાં જાય.

વળી લિલીની એક ત્રીજી બાજુ તે તેમની આકર્ષક દોડ ને તેમનું નમૂનેદાર બોલિંગ-સંચલન. તેમની દોડ, ધીરેધીરે વધતી ગતિ, છેલ્લે તેમના શરીરની દિશા-સ્થિત, બંને હાથ તેમજ નજરની સ્થિતિ અને હાથોનો ઘુમાવ, બોલિંગ વખતે ઉપર જતો હાથ અને બોલિંગ પછીનું ફૉલોથ્રૂ. આ બધું જ આદર્શ. તેઓ માત્ર શ્રેષ્ઠ ઝડપી બોલર જ નથી, યુવાનો માટે જંગમ બોલિંગ-વિદ્યાપીઠ છે.

આમ, બધા પ્રકારની માનસિક અને શારીરિક સજ્જતા; વિવિધ પ્રકારના બૉલ પર ગજબની હથોટી અને આકર્ષક પદ્ધતિ. લિલી એટલે જાણે સંપૂર્ણતા. રમતના વિચારક પણ અદ્ભુત. ભૂલો, યુક્તિ અને પરિસ્થિતિ એ બધાંનો સતત અભ્યાસ ચાલુ જ. એકાગ્રતા પણ બેનમૂન. તેઓએ પોતે જ એકાગ્રતાને અગ્રસ્થાન આપ્યું છે. સાતમા દાયકાનો ઉત્તમ બૅટ્સમૅન કોણ તેમાં વિવાદ કદાચ જાગે, પણ ઉત્તમ બોલર તો સર્વાનુમતે લિલી જ હોય.

તો એક બોલર તરીકે લિલી, સ્પોફોર્થ, રિચાર્ડસન, બાર્નેસ અને લિંડવૉલની પરંપરાની પરાકાષ્ઠા. પ્રથમ મહાન ઝડપી બોલર સ્પોફોર્થની જેમ લિલીને ઉત્તમ હરીફ બૅટ્સમૅનો દ્વારા 'ડેમન'નું ઉપનામ મળ્યું છે તે સૂચિત છે. આમ છતાં તે સૌથી વધુ યાદ આપે લિંડવૉલની. તે બંનેની સમાનતા અને વિવિધતા વ્યક્ત કરતાં 'ઑસ્ટ્રેલિયન ક્રિકેટ'ના તંત્રી ફિલ ટ્રેસિડરનો આ ફકરો (તે લાંબો હોવા છતાં) હું અત્રે ન મૂકું તો એક સમીક્ષક તરીકે હું દિલચોર ઠરું:

Lindwall and Lillee have much in common but differ spactaculorly in makeup. Lindwall simply flowed to bowlind crease, his delivery was precisian timed, his accuracy impeccable and he went about his job with quiet, cold afficieney. Lillee brings a sense of raw power from the moment he moves off from his mark. In full stride, he is as impressive as an olympic quartermiler. He climbs high for his delivery projection and he is a study of fiery belligerence. Yet in the heat of a Test Match, Lillee, like Lindwall before him, is a thinker and a schemer.

એક બૅટ્સમૅન તરીકે લિલીને તદ્દન પૂછડિયા ન ગણી શકાય. તેમનો ટેસ્ટ સર્વોચ્ચ જુમલો ૭૩નો તો છે જ, ઉપરાંત જાન્યુ, '૭૦માં સીડની ખાતે પાકિસ્તાન સામે ઑસ્ટ્રેલિયાના ધબડકા વખતે તેઓએ પ્રથમ દાવમાં બાવન રનની ને બીજા દાવમાં બાસઠ રનની ભાગીદારી કરેલી. પ્રથમ વિશ્વકપની ફાઇનલમાં ઑસ્ટ્રેલિયા માત્ર ૧૯ રનથી હાર્યું તે પહેલાં લિલી-ટૉમસને છેલ્લી વિકેટની ભાગીદારીમાં જે જમાવટ કરી છે! ૯૦ દાવમાં ૯૦૦ ઉપર તેમના ટેસ્ટ રન નોંધ તો માગે જ છે.

એક વ્યક્તિ તરીકે લિલીએ મેદાન પર અશોભનીય વર્તન કર્યાના દાખલા જાહેર છે. તેઓનો ખુલાસો એ છે કે ઝડપી બોલર પરિશ્રમ એટલો કરે છે કે તેનું આમ ઉશ્કેરાવું સ્વાભાવિક છે. બૅટ્સમૅન અને અમ્પાયર સાથે જીભાજોડી પણ કરે. પણ જીવનમાં તેઓ એવા નહિ. પ્રતિસ્પર્ધીના મિત્ર બની રહે તેવા મળતાવડા અને આવડતની કદર કરે તેવા ઈર્ષારહિત. કાયમ નવું જાણવા આતુર અને ગમે તેને શીખવાડવા તત્પર એવા પોતાના ક્ષેત્રના ગ્રંથિરહિત કલાકાર.

વચ્ચે નાની મોટી ઇજાઓને કારણે તેમજ પેકર સીરીઝને કારણે લિલી ૩૦ જેટલી ટેસ્ટો ન રમ્યા, નહીંતર ટેસ્ટ દીઠ તેમની પાંચ વિકેટની સરાસરી જોતાં તેઓ ૫૦૦નો આંકડો સિદ્ધ કરત એમ માની શકાય. પોતાના પ્રથમ દાવમાં પાંચ વિકેટથી આરંભ કરનાર લિલી પોતાની છેલ્લી ટેસ્ટમાં ૮ વિકેટો લે છે એટલું જ નહિ, છેલ્લા બૉલે વિકેટ લે છે. ઔચિત્યનું ભાન કદાચ ઇશ્વર જેટલું કોઇને નહિ હોય!

બધા પ્રકારની વિકેટો પર લિલી સર્વોત્કૃષ્ટ છે તેમ લોડર માને છે અને એ બાબતમાં તેઓ લિંડવૉલથી આગળ છે તેમ સ્વીકારે છે. ઑસ્ટ્રેલિયાના બીજા એક વર્તમાન મહાન ઝડપી બોલર એલન ડૅવિડસન લિલીની આક્રમકતાને અજોડ ગણાવી, લિંડવૉલ-લિલીની સરખામણીનો પ્રશ્ન ચતુરાઇથી ટાળતાં જે કહે છે તે દાદ માગી લે તેવું છે: **Both were marvellous bowlers. Let me say I would have been honoured to be first change to them, or even to be twelth man in their team.** □

ચરિત્ર-નિબંધ

જમાલ ધોબી

'આનંદશર્મન્'

જમાલિયો, જમાલ અને જમાલ ધોબી. જમાલ નામના આ ત્રણની મને પહેચાન. બે જીવંત, એક નવલકથાનું પાત્ર.

જમાલિયો અમારા ગામનો ગુંડો હતો. સલિયો-જમાલિયો એ બે ભાઈ હતા. એક મારામારીમાં જમાલિયો માર્યો ગયો, સલિયો જીવે છે. 'જમાલ' એટલે 'કંઈક અનિષ્ટ' એવો અર્થ મારા મનમાં ઠસી ગયો હતો. હવે તો સમજાયું છે કે નામ માત્ર સંસ્કારનું દ્યોતક નથી. બધા જમાલ એવા ન હોય. પણ જમાલ નામના પ્રથમ સંસ્કાર એવા હતા, અને એ સંસ્કાર દીર્ઘકાળ સુધી રહ્યા હતા. આજે પણ છે, પરંતુ સમયના પ્રવાહમાં સારું વાંચવાનું સમજ્યો ત્યારે 'સરસ્વતીચંદ્ર' નવલકથા વાંચી. તેના પ્રથમ ભાગમાં અલકકિશોરી પર મોહિત થઇને રાત્રે તેના શયનખંડમાં પેસીને તેના પર બળાત્કાર કરવાની ઈચ્છાવાળા જમાલખાન નામનું એક પાત્ર છે, એનું ચિત્રણ એવું છે કે મારા પૂર્વના સંસ્કારને પોષણ મળે. બસ. જમાલ મનમાં જડાઈ ગયો. જમાલ–નામસ્મરણ સાથે શયતાનનું પાત્ર સજીવ થતું.

ત્રીજો જમાલ તે જમાલ ધોબી. શયતાન રૂપે જમાલ નામ બરાબર ઠસી ગયું ત્યાર પછી જમાલ ધોબીની ઓળખાણ થઈ. ક્યાંય સુધી એની સાથે બેસવાનું મન થયું નહિ. કપડાં આપું અને લઉં એટલો જ વ્યવહાર. ધીમેધીમે એની રીતભાતથી પરિચય થયો. અગાઉના બે જમાલથી આ ભિન્ન લાગવા માંડ્યો. છતાં ય અવારનવાર જમાલને જોતાં પેલા બે જમાલ માનસપટ પર ઝબકી જતા. એટલી ઘડી સુધી આ જમાલ ધોબી અણગમતો બની જતો. પછી એની વૃત્તિ-પ્રવૃત્તિ પામતાં અભિપ્રાય બદલાતો. ઠીકઠીક કાળ લગી એની અસર રહી. પરંતુ અંતે સારાપણું ઝબક્યું. જમાલ ધોબી મન પર છવાઈ ગયો. એની જ છબિ પૂર્ણપણે માનસમાં અંકિત થઈ ગઈ. 'જમાલ' નામ નવા જ સંસ્કારને સજીવન કરવા લાગ્યું. જમાલ એટલે માનવતાની મૂર્તિ; જમાલ એટલે દયાનો દરિયો; જમાલ એટલે સૌજન્ય-સજ્જનતા; જમાલ એટલે માનવ – સાચો માનવ.

ખાસ્સી લાંબી યાદી થાય તેટલા ગુણો તેનામાં હતા. કદાચ એટલે એ વહેલો ચાલ્યો ગયો આ જગત પરથી! સ્વર્ગને ઇશ્વરનું નિવાસસ્થાન માનીએ તો સ્વર્ગની શોભા આવા માનવથી જ ટકી રહી લાગે છે. અને ઇશ્વર કંઈ ઓછો સ્વાર્થી નથી કે એની શોભા ટકાવવા આવા માણસને આપણી પાસેથી ઝૂંટવી ન લે, ઈસ્ત્રીનાં કપડાં આપવા-લેવા જતો, તેમાં એક દિવસ જમાલે પૂછ્યું, 'એક કામ કરીશ?'

'શું?'

'આ કપડાં તળાવે બચુભાઇને આપી આવીશ?'

'હા.' મેં જવાબ આપ્યો. કોઇને ના ન પડાય એવા ઘરના સંસ્કાર એટલે હકારાત્મક જવાબ તો આપ્યો, પરંતુ મન બરાબર માનતું નહોતું, છતાંય ગયો. ગંગાસરની સામી પાળે કપડાં ધોતા ધોબીઓમાંથી બચુભાઇને શોધીને કપડાં આપ્યાં; પાછો ફર્યો અને જમાલને કહી આવ્યો. બસ તે દિવસથી તેની સાથે વાતચીતનો શુભારંભ થયો. પરિચય પાંગરતો ગયો. પછી તો એ મને અવારનવાર કામ ચીંધતો, ને હું કરતો. મારી અને એની ઉમરમાં ખાસ્સો તફાવત, તો ય સંબંધ ઘટ્ટ થતો ગયો. હવે ક્યારેક કપડાં આપવા-લેવાનાં ન હોય તો પણ હું એની દુકાને જતો. મોટાં બારણાંની એની દુકાન હતી. આગળના ભાગમાં ટેબલ રાખીને તે ઇસ્ત્રી કરતો. આગળ બે બાજુ લાકડાનાં બે ખોખાં પડ્યાં હોય. તેના ઉપર બેસવાનું. ઈસ્ત્રી કરતો-કરતો એ વાતો કરતો જાય. પિક્ચર બદલાય ત્યારે અચૂક રાતના શોમાં જોવા જાય. બીજે દિવસે એની 'સ્ટોરી' કહે. ઘણી સ્ટોરી સાંભળી છે જમાલ પાસેથી. ઘરમાં ફિલ્મ જોવાની મનાઈ, એટલે સ્ટોરી સાંભળીને મન મનાવ્યું છે મેં. આથી જ ઘણી વાર જમાલ જ ઍક્ટર જેવો લાગતો.

બચુ, જમાલ અને અકબર, એ ત્રણ ભાઇઓ. બચુ સહુથી મોટો, અકબર નાનો, જમાલ વચેટ. બરાબર વચેટ–વચ્ચે, બે ય બાજુથી દબાએલો. સેન્ડવિચ થઈ ગએલો જાણે! વચેટ ભાઇઓની દશા લગભગ બધે મેં આવી જ જોઈ છે. આ દબાએલા જમાલની સ્થિતિનો આજે વિચાર કરું છું ત્યારે દુઃખ સહન કરવાની માણસની માત્રા કેટલી હોય તે પામી શકું છું. છતાં ય આ જમાલની બાહ્ય આકૃતિ દુઃખી નહોતી જણાતી. મોટા ભાગે એ હસતો જ રહેતો.

ક્યારેક ઉદાસ થઈ જતો, ક્યારેક પ્રફુલ્લતા એના ચહેરા પર ફેલાઈ જતી. પરંતુ એ બે ય સ્થિતિ સામેની દાળિયાની દુકાન પર નિર્ભર રહેતી. ઉભયનું મૂળ ત્યાં હતું. ત્યાં એનું જીવન હતું. એ દુકાન પર એક 'ખૂબસૂરત હસીના' બેસતી. અવતરણમાંના શબ્દો મારા નહિ, જમાલના છે. અને એ કેવળ લાગણીભાવના આવેગયુક્ત શબ્દો નહોતા. અતિશયોક્તિ પણ નહિ, નર્યું સત્ય હતું. મારી કુમારાવસ્થાનો એ કાળ. એ શબ્દોનો મર્મ નહિ પામેલો. કોઈક ફિલ્મનું નામ લાગેલું. પણ એક દિવસ જમાલે પોતાની પ્રેમકહાણી મને કહી ત્યારે એનો અર્થ મનમાં જડાઈ ગયો. ત્યારથી આજ સુધી મને પેલી સ્ત્રી 'ખૂબસૂરત હસીના' લાગી છે. આજે તો એ વનમાં પ્રવેશી ગઈ છે, છતાં એને જોઉં છું અને જમાલના પેલા શબ્દો સાંભરી આવે છે.

જમાલને ઓળખવા માટે એની કોઈ આગવી ખાસિયત એની પાસે નહોતી. ખૂબ સ્મૃતિ ખોતરું છું છતાં ય કોઈ વિશેષતા હાથ આવતી નથી. કેવળ સામાન્ય માણસ. સામાન્ય એનું જીવન, સામાન્ય વ્યવહાર અને સામાન્ય આચાર. અસામાન્ય માત્ર એક શૉખ. માથાના વાળને અસ્તવ્યસ્ત રાખવા. એક દિવસ મેં પૂછ્યું તો મને કહે: 'ઉસને કહા થા'.

'આ તો પિક્ચરનું નામ છે.'

'મૈં તો સામનેવાલી કી બાત કરતાં હૂં'. આટલું કહેતાં એના ચહેરા ઉપર પ્રફુલ્લતા છવાઈ ગઇ. વળી કહે. 'વો તો કલ કી બાત હૈ'.

'આજ કી ક્યા હૈ?' મેં મજાક કરી.

'આજ તો જીતા હું–ઉનકી યાદોં કે સહારે.' ઈસ્ત્રી કરતાંકરતાં એના હાથ થંભી ગયા. એકી નજરે એ સામે નીરખી રહ્યો. હું કશું જ ન બોલ્યો. બહારનો કોલાહલ અમને જરાય ન સ્પર્શ્યો. જો કે જમાલના અંતરનો કોલાહલ હું ત્યારે જરાય નહોતો કળી શક્યો. પામી શક્યો માત્ર ઈસ્ત્રી નીચે બળતું શર્ટ. મેં જમાલને ચેતવ્યો. આખો કોલર ખલાસ. જમાલ એ જોતો રહ્યો. પછી હસતોહસતો કહે: 'ખલાસ! બધું જ ખલાસ!' એ બોલતો'તો ત્યાં જ હું ત્યાંથી નીકળી ગયો. કેમ? એમ જ. આજે યે એનું કારણ શોધું છું. જડતું નથી. મન પણ ક્યારેક કશા ય કારણ વગર પ્રવૃત્ત હોય છે, ક્યારેક સાવ નિવૃત્ત. પ્રવૃત્તિનિવૃત્તિ મને ક્યારેક માત્ર આભાસ રૂપે જ લાગી છે.

જમાલ પાકો ધૂની. ત્રણેય ભાઇઓમાં ભારે રમતિયાળ. દુકાનેથી સહેજ પણ બહાર જવાનું હોય તો યે પેન્ટને ઈસ્ત્રી કરે. ક્યારેક કોઇકનું પહેરીને જાય. એની દુકાનમાંના કાચના કબાટમાં (અનુ. પૃ. ૫૯)







બ્રિટનની નવી ખાસ ટિકિટો

'હેરલ્ડ' એટલે કુળસંજ્ઞા, અને તેનું શાસ્ત્ર તે 'હેરલ્ડ્રી'. રાજસમ્માનિત ઉમરાવો, સેનાપતિઓ વગેરે જેવા ઉચ્ચ પદાધિકારીઓ, અને યુનિવર્સિટી જેવી સંસ્થાઓ વગેરેની ખાસ ઓળખ આપતી આવી સંજ્ઞાઓની રચના પણ એક આગવી કળા છે. હેરલ્ડના પ્રત્યેક આકાર-આકૃતિઓનું તથા તેના રંગોનું સહેતુક સંયોજન તેમાં કરેલું હોય છે, અને તે તેના ધારકોની સમ્માનનીય સિદ્ધિઓનું, તેમના દરજ્જાનું, તેમણે સ્વીકારેલા આદર્શોનું ને તેમના કુળની વિશિષ્ટતા વગેરેનું સૂચક હોય છે. આ માન ધરાવનારા પોતાનાં બખ્તર, ધ્વજપતાકા, આવાસો વગેરે પર તેનો ઉપયોગ કરતા અને હજી યે કરે છે. આ હેરલ્ડ્સ અંગેના ઐતિહાસિક દસ્તાવેજો, તેના ધારકોના કુળનો વિસ્તૃત પરિચય,

મના વંશજોની યાદી અને તે દરેકની વ્યક્તિગત લાક્ષણિકતાઓ ઇત્યાદિ બધી જ માહિતીનો દુનિયાભરમાં અજોડ એવો સંગ્રહ તથા નવા હેરલ્ડ્સ અંગેનું બધું જ કાર્ય લંડનમાં વિક્ટોરીઆ સ્ટ્રીટમાં આવેલી 'કૉલેજ ઑવ આર્મ્સ'ને હસ્તક છે. (ઈઆન ફ્લૅમિંગ કૃત 'જેઇમ્સ બૉન્ડ'ની કથાઓના ચાહકોને ખ્યાલમાં હશે કે તેની એક કથા 'ઑન હર મૅજેસ્ટિઝ સિક્રેટ સર્વિસ'માં આ સંસ્થાનાં કાર્યો તથા બ્રિટિશ પ્રજામાં હેરલ્ડ્સ અંગેનું કેટલું ગૌરવ અને ઘેલછા છે તે તેમાં વિસ્તારથી વર્ણવ્યું છે.) કિંગ રિચાર્ડ ત્રીજાએ આ 'સ્કૂલ ઑવ આર્મ્સ'ની સ્થાપના કરી હતી. ગયા વર્ષની આખરમાં તેને પાંચસો વર્ષ પૂરાં થયાં એ નિમિત્તે ગઈ ૧૭ જાન્યુઆરીએ બ્રિટનની આ વર્ષની પ્રથમ ચાર ખાસ ટિકિટો બહાર પાડવામાં આવી છે. તેના ઉપર દર્શાવવામાં આવેલા હેરલ્ડ્સના આકાર સાથે સુંદર મેળ સાધવા બ્રિટને આ પહેલી જ વાર પોતાની ખાસ ટિકિટો ચોરસ આકારમાં બનાવી છે. અહીં મથાળે ડાબી બાજુ આપેલી એ ચાર ટિકિટોમાં તેના મૂલ્યાનુક્રમ પ્રમાણે પ્રથમ ટિકિટ ઉપર આ 'કૉલેજ ઑવ આર્મ્સ'ની પોતાના અને બીજી ઉપર કિંગ રિચાર્ડ ત્રીજાના પોતાના આર્મ્સની રજૂઆત કરી છે. ત્રીજી ટિકિટ ઉપર અર્લ માર્શલ – ધ ડ્યૂક ઑવ નૉરફૉકના આર્મ્સનું આલેખન છે. આ અર્લ માર્શલ આ સંસ્થાના અધિકારીઓના પ્રમુખ તરીકેની ફરજો બજાવે છે. ચોથી ટિકિટ ઉપર, સદીઓથી આ કૉલેજ જેની હદમાં છે અને જેની સાથે અનેક રીતે સંકળાએલી છે તે લંડન શહેરની સંજ્ઞા છે.

● દૂધ-ઉત્પાદન અને માંસાહાર સારુ ઉત્તમ પશુઓના ઉછેર અંગે બ્રિટનની આગવી ખ્યાતિ છે. અન્ય દેશોમાં પણ બ્રિટિશ પશુઓની મોટી માગ રહે છે. આ ક્ષેત્રે ત્યાંની 'રૉયલ હાઇલૅન્ડ ઍન્ડ ઍગ્રિકલ્ચરલ સોસાએટી'નું કાર્ય ખાસ નોંધનીય રહ્યું છે. આ સંસ્થાની ૨૦૦મી જયંતી નિમિત્તે આ માર્ચની પાંચમી તારીખે બ્રિટને જે પાંચ ખાસ ટિકિટો બહાર પાડી છે તેના ઉપર યુનાઇટેડ કિંગડમના વિવિધ પ્રદેશોના ખ્યાતનામ વંશના પશુઓનાં ચિત્રો આપ્યાં છે. (યોગાનુયોગ આ વર્ષે ત્યાંની આવી જ બીજી સંસ્થા 'હાઇલૅન્ડ કૅટલ સોસાયટી'ની શતાબ્દીનું પણ છે.) અહીં જમણી બાજુ આ પાંચ ટિકિટો આપી છે જેમાં અનુક્રમે હાઇલૅન્ડની ગાય, ચિલિંગહામનો વનવૃષભ, હરફર્ડનો આખલો, વેલ્સનો કાળો ખૂંટ અને આઇરિશ મૉઇલ્ડ ગાયની રજૂઆત છે. હાઇલૅન્ડનાં આ પશુઓ અજાણ ભૂમિમાં પણ ટકી શકવાની ક્ષમતાવાળાં, ખડતલ અને સ્વભાવે સાલસ હોઈ દેશાવરોમાં પણ ખ્યાતિ અને માગ રહે છે.

● આવતા એપ્રિલની દસમી તારીખે બહાર પડનારી બ્રિટનની બીજી ચાર ખાસ ટિકિટો સામે ડાબી બાજુ નીચે દર્શાવી છે. તેના ઉપરનાં આલેખનોનો વિષય છે બ્રિટનનાં મોટાં શહેરોના મહત્ત્વના વિસ્તારોની પુનર્રચના અને સુંદરતા. 'બ્રિટિશ આર્કિટેક્ટ્સ ઍન્ડ ચાર્ટર્ડ ઇન્સ્ટિટ્યૂટ ઑવ બિલ્ડિંગ'ની ૧૫૦મી જયંતી, તથા આવતા મે માસની બીજી તારીખે બ્રિટનનાં રાણી જેનું ઉદ્‌ઘાટન કરવાનાં છે તે પ્રથમ આંતરરાષ્ટ્રીય ઉદ્યાન-ઉત્સવના પ્રસંગનો યોગ સાધી આ ટિકિટો બહાર પાડવામાં આવશે.

આ ઉત્સવનું જ્યાં આયોજન થયું છે એ વિસ્તાર એક સમયે હોડીઓ લાંગરવાના ધક્કા તરીકે વપરાતો. સમય બદલાતાં એનો ઉપયોગ બંધ થઈ તે સાવ વેરાન બની ગયો. હવે વિચારપૂર્વકના સુધારા કરીને આ ભાગને નવું સુંદર રૂપ અપાઈ રહ્યું છે, પરિણામે આવતા દિવસોમાં ફરી અહીં વિધવિધ પ્રવૃત્તિઓ ધમધમતી થઈ તેનો નવો જ વિકાસ થશે. આ ઉત્સવ-ફેસ્ટિવલ નિમિત્તે જે ભવ્ય હૉલ બંધાયો છે તે તેનું મુખ્ય આકર્ષણ બની રહેશે. પ્રસંગ પતી ગયા પછી રમતગમતો વગેરે માટે તેનો ઉપયોગ થશે. ચારમાંની પહેલી ટિકિટ પર તેનું આલેખન છે. બીજી ટિકિટ ઉપર ડરહામના મિલબર્નગેટ શોપિંગ સેન્ટરનું આલેખન છે. તેની આજુબાજુની અસલ ઢબની જૂની ઇમારતોની વચ્ચે તે અલગ અતડું ન લાગે તે સારુ તેની બાંધણી ઈંટોની અને છાપરા પર સ્લેટ પથ્થરનો ઉપયોગ કરેલા છે.

ત્રીજી ટિકિટ ઉપર બ્રિસ્ટલનો હવે નહિ વપરાતો ડૉક-વિસ્તાર બતાવ્યો છે. અહીં સ્થાનિક રેડિયો સ્ટેશન, પ્રદર્શન, ખંડ, કલાવિધિ, સંગ્રહસ્થાન અને ખાસ દુકાનો વગેરેની સગવડ સાથે થઈ રહેલી પુનર્રચના એકાદ દાયકામાં પૂર્ણ વિકાસ પામી એક નવું જ રૂપ ધારણ કરવા સાથે આ વિસ્તારને પુનઃ ગુંજતો કરી દેશે.

ચોથી ટિકિટમાં પર્થ કાઉન્સિલ દ્વારા પુનર્રચિત કૉમર્શિયલ સ્ટ્રીટ, હાઉસિંગ સ્કીમમાં બનેલાં અને બનતાં મકાનોની રજૂઆત છે. એની અસલી ઢબછબ જાળવવા આ મકાનોની ઊંચાઈ, દિશા, આકાર વગેરે એકબીજાથી ભિન્ન રાખીને તેના લાક્ષણિક સૌંદર્યને વધુ સગવડો સાથે તેનો નવવિકાસ સાધ્યો છે. (ટિકિટો : શ્રી રમણિકલાલ સોલંકી-લંડન દ્વારા પ્રાપ્ત)

સાહિત્યસંપર્ક

શ્રેષ્ઠ હાસ્યરચનાઓ

વિનોદ ભટ્ટ ગુજરાતી સાહિત્યના પ્રથમ પંક્તિના હાસ્યલેખક છે એ સમાચાર બહુ જૂના થઇ ગયા ગણાય. ઝાઝું લખવાથી ગુણવત્તા જોખમાય છે એવી (કદાચ ઓછું લખનારાઓએ ફેલાવેલી) માન્યતા વિનોદ ભટ્ટ ખોટી પાડી રહ્યા છે. એ ખૂબ લખે છે છતાં સારું લખે છે. એમના નામે અગિયાર ગુજરાતી પુસ્તકો, એક હિંદી પુસ્તક અને નવ સંપાદનો નોંધાયાં છે. આ નવમું સંપાદન તે એમની પોતાની 'શ્રેષ્ઠ હાસ્યરચનાઓ.'

લેખકના જુદાંજુદાં પુસ્તકોમાંથી ચૂંટીને સંપાદિત કરેલી 'શ્રેષ્ઠ રચનાઓ' તરીકે રજૂ કરવાની પરંપરા લગભગ દરેક ભાષામાં છે. લેખકની પ્રતિનિધિ રચનાઓ એક જ પુસ્તકમાં એકસાથે વાંચવા મળે તેનો એક જુદો જ આનંદ હોય છે. લેખકના વ્યક્તિત્વનો આમાં સમગ્રતયા પરિચય થાય છે. કોઈ અભ્યાસી સંપાદક આવી કૃતિઓ ચૂંટે છે. ક્યારેક લેખક પોતે પણ પોતાની ઉત્તમ રચનાઓ પસંદ કરે છે—આ પુસ્તકમાં થયું છે તેમ. લેખકની માનીતી રચનાઓ વાંચવામાં આનંદ પડે છે.

આ પુસ્તક વાંચતાં હાસ્યલેખક તરીકેની વિનોદની શક્તિનો પૂરો પરિચય થાય છે. શ્રી રઘુવીર ચૌધરી વિનોદના વિનોદને 'વિનોદ ખાતરનો વિનોદ' ગણે છે. રઘુવીરભાઇએ વિનોદ ખાતર જ આમ કહ્યું હોય કદાચ! વિનોદનું વ્યક્તિત્વ એ રીતે થોડું છેતરામણું છે. પોતે કોઈ વાતમાં ગંભીર છે જ નહિ એવી ગેરસમજ તેણે ભારે કુશળતાથી ઊભી કરી છે. આ પણ એના વિનોદનો એક ભાગ છે! બાકી આપણા સામાજિક અને રાજકીય જીવનમાં જે દંભ, દોંગાઇ, બાધાઇ, જૂઠ વગેરે પ્રવર્તી રહ્યાં છે તે એને એકદમ અકળાવી મૂકે છે. પણ એ અકળામણનું હાસ્યકલામાં રૂપાંતર થાય છે ત્યારે એમાં સર્જકનું તાટસ્થ્ય અનુભવાય છે. સર્જક જ્યારે હૃદયથી કામ લે છે ત્યારે કરુણરસનું સાહિત્ય સર્જાય છે, ને બુદ્ધિથી કામ લે છે ત્યારે હાસ્યરસનું સાહિત્ય સર્જાય છે એમ કહેવાય છે. પરંતુ હૃદયવાળો લેખક બુદ્ધિવાળો ન હોય તો ચાલે કદાચ, પણ બુદ્ધિવાળો લેખક હૃદયવાળો ન હોય તો ચાલે જ નહિ. હાસ્યરસનો લેખક બુદ્ધિની મદદથી 'તટસ્થતા' કેળવે છે ને હૃદયની મદદથી

કરુણા વહાવે છે .વિનોદની કૃતિઓમાં બુદ્ધિ અને હૃદય બંનેનું સામંજસ્ય સરસ રીતે અનુભવાય છે.

શ્રી દિગીશ મહેતાએ વિનોદને યોગ્ય રીતે જ એક ઉત્તમ પ્રતિકૃતિકાર તરીકે વર્ણવ્યા છે. પ્રતિકૃતિના સ્વરૂપમાં જ હાસ્ય માટે પૂરતો અવકાશ છે; પણ તેથી કંઇ પ્રતિકૃતિ સર્જવાનું સહેલું બની જતું નથી. બરાબર મૂળનું ખોખું અકબંધ સાચવી અંદર પોતાની પ્રતિભાના બળે સાહિત્યકૃતિનું નિર્માણ કરવાનું હોય છે. પ્રતિકૃતિ મહાલવા માટે વાચકે પણ મૂળથી માહિતગાર હોવું ઘટે. 'ઇદમ્ તૃતીયમ્' અને 'ઇદમ ચતુર્થમ્'ની રચનાઓના લેખકની પ્રતિકૃતિકારની શક્તિ ઉત્તમ રીતે પ્રગટ થઇ છે.

જૂના સંદર્ભોનું નાવીન્યપૂર્ણ અર્થઘટન કરીને હાસ્ય નિષ્પન્ન કરવાની કળા પણ લેખકને સહજસાધ્ય છે. 'અને હવે ઇતિહાસ'માં ઐતિહાસિક પાત્રોનાં કાર્યોને આધુનિક સંદર્ભમાં મૂકી આપીને લેખકે સરળ રચનાઓ આપી છે. 'ગ્રંથની ગરબડ'માં સાહિત્યવિષયક હાસ્યરચનાઓ છે તો 'વિનોદની નજરે'માં ગુજરાતના સાહિત્યસર્જકોનાં વિનોદી રેખાચિત્રો છે: 'સુનો ભાઇ સાધો'માં મુખ્યત્વે 'સંદેશ'માં પ્રસિદ્ધ થયેલી રચનાઓમાંથી સૌને ગમેલી એવી કેટલીક રચનાઓ લીધી છે. 'વિનોદ ભટ્ટના પ્રેમપત્રો' એવું શીર્ષક અને વિનોદનું છેતરામણું વ્યક્તિત્વ – એ રીતે જોતાં કોઇને પહેલી નજરે સસ્તું લાગે એમ બને. પણ વિનોદને આ રીતે વાચકોની મજાક કરવાનું ગમે છે. વાસ્તવમાં જુદીજુદી અનેક વ્યક્તિઓની એમના ક્ષેત્રની પરિભાષામાં રચાયેલું આ પુસ્તક વિનોદની સર્જક પ્રતિભાનો સારો નમૂનો છે. જુદાંજુદાં ક્ષેત્રોની વિનોદની જાણકારી કેટલી બધી છે તેની જાણ જ્યારે આપણને થાય છે ત્યારે સાનંદાશ્ચર્ય અનુભવાય છે, અને છતાં આ માણસ વિદ્યાર્થી અવસ્થામાં ડોઠ હતો એવું એની શૈક્ષણિક કારકિર્દી કહે છે! 'આંખ આડા કાન'માં એવી હાસ્યલઘુકથાઓ સંગૃહીત થઇ છે. ટૂંકીટૂંકી વાર્તાઓ તો વિનોદનું હોમગ્રાઉન્ડ છે.

આ બધાં પુસ્તકોમાંથી લેખક પોતે પસંદગી કરીને આપણને ઉત્તમ વાનગીઓ ચખાડે ત્યારે એક વિશિષ્ટ અનુભવ થાય છે. 'લોકમિલાપે' વાંચવા અને વસાવવા જેવાં બાર પુસ્તકોમાં આ પુસ્તકનો સમાવેશ કર્યો છે તે સર્વથા ઉચિત થયું છે. વાચકો વિનોદ ભટ્ટની 'શ્રેષ્ઠ રચનાઓ' જરૂર આવકારશે.

—રતિલાલ બોરીસાગર

(પ્રકાશક : આદર્શ પ્રકાશન, જુમ્મા મસ્જિદ સામે, અમદાવાદ - ૧, કિ. રૂ. ૨૦/-)

ગોતા મારા સિંધુ મેં, મોતી લાયે પેઠ;
વે કયા મોતી પાયંગે, જો રહે કિનારે બેઠ.

યુદ્ધના વ્રણથી રણક્ષેત્ર પર મરણકાંઠે પડેલા ગુજરાતના મંત્રીશ્વર ઉદયનની અંતકાળની ઇચ્છા પૂરવા, કોઈ સાધુની શોધમાં ગએલો તેનો પુત્ર વાહડ નિષ્ફળ થઈને અંતે એક ભવાયાને સાધુનો વેશ પહેરાવી લાવ્યો અને ઉદયને તેનો ચરણસ્પર્શ કરી સંતોષમાં પ્રાણ છોડયા.

વાહડે એ ભવાયાને તેના કામ બદલ સુવર્ણમુદ્રા આપવા માંડતાં તેણે આંખમાં આંસુ સાથે કહ્યું કે, 'એ કંકર લઈને હું હવે આ રત્નનો ત્યાગ કરવા માગતો નથી. ગુર્જરેશ્વર ઉદયન મંત્રી જેવાના મૃત્યુને ધન્ય કરનાર આ વેશ પાછળનું સાચું સાધુજીવન જ હવે હું જીવીશ.'

કહેવતોના અર્થ: 'ભોંય પડયા બમણા' –જે દેખીતા નુકસાનને અંતે લાભ થવાનો હોય તેને નિર્દેશતી આ કહેવતનો અધ્યાહારાર્થ એ છે કે દાણા વેચતાં વેપારી ભોંય વેરાતા અનાજની બહુ પરવા નથી કરતો, કેમ કે તે વાળી લે ત્યારે અંદર ધૂળ ભરેલી હોવાથી વજનમાં વધવાના જ છે!

તમિળ ભાષા લગભગ બે હજાર વર્ષનો પોતાનો અખંડ ઇતિહાસ ધરાવે છે.

અલબત્ત, ચાલવું એ એક ઉત્તમ કસરત છે, પણ પેટ ભરીને ખાધા પછી તુરત બહુ ચાલવું નુકસાનકારક છે.

ઑસ્ટ્રેલિયામાં સીડની શહેરમાં ઈ. ૧૯૬૯ની ૨૦ નવેમ્બરની સવારે માથા પર પાઘડી અને કમરે એક લૂગડું માત્ર વિંટાળી બાકીના આખા ઉઘાડા શરીરે એક ફકીરે ૭-૭ ઈંચ લાંબા અને બબ્બે ઈંચને અંતરે ખોડેલા તીક્ષ્ણ અણિયાળા ખીલાની પથારી પર પૂરા ૨૫ કલાક અને ૩૦ મિનિટ સુધી સૂઈ રહેવાનો પ્રયોગ કરી બતાવ્યો હતો.

સામાન્યતઃ આયખા દરમિયાન માણસનું હૃદય ૨,૫૦,૦૦,૦૦,૦૦૦, વખત ધબકે છે. કોઈ પણ જાતની દેખભાળ માગ્યા વિના સતત કાર્યરત રહેતી કુદરતની આ મુઠ્ઠી જેવડી કરામત માનવસર્જિત ગંજાવર યંત્રોને મહાત કરી દે તેવી નથી?

પાછા જતા મહેમાનને સ્ટેશને મૂકવા યજમાને પોતાની ગાડી મોકલી હતી. માર્ગમાં—

મહેમાન : ભાઈ જરા જલ્દી ચલાવ. ક્યાંક મારી ગાડી ઊપડી જશે તો મોટી ઉપાધિ થશે.

ડ્રાઈવર: ઉપાધિ તો મને થાય તેમ છે, સાહેબ! આપની ગાડી ઊપડી ગઈ હશે તો શેઠાણી મને પાણીચું પકડાવી દેશે.

પત્ની: મારી બધી સાડીઓ પડોશણો જોઈ ચૂકી છે. હવે તો એક નવી સાડી લાવી દો.

પતિ : એ કરતાં આપણે મકાન જ બદલી લઇએ તો? ત્યાં નવી પડોશણોને તારી આ છે તે બધી સાડીઓ નવેસરથી બતાવી શકાશે.

શિક્ષક : મેં પૂછ્યું કે ટેબલ ઉપર ત્રણ સકરજન હતાં તેમાંથી એક તેં ખાધું તો બાકી કેટલાં રહે, અને તું કહે છે એક પણ ન રહે; એ કેમ બને?

વિદ્યાર્થી : સાહેબ, એક ખાવાથી શું વળે? હું ખાઉં તો ત્રણેય ખાઈ જ જઉં. પછી ક્યાંથી કંઈ વધે?



કલાકણિકા : પાછલી પચાસ સદીઓ દરમિયાનની પોતાના દેશની સુંદર કલા-કારીગરીનો બહારના દેશોને પરિચય કરાવવા ૩૩૫ જેટલા ચુનંદા નમૂનાઓના એક ફરતા પ્રદર્શનનું કોરિયાએ આયોજન કર્યું છે. હાલ લંડનમાં રજૂ થઈ રહેલા એ પ્રદર્શનમાં રત્નજડિત પ્રાચીન અલંકારોથી માંડી વિધવિધ પદાર્થોમાંથી બનાવેલી રોજિંદા ઉપયોગની કલામય કૃતિઓનો સમાવેશ છે. આ બખ્તરધારી અશ્વસવાર એમાંની જ એક કલાકણિકા છે, જે છઠ્ઠી સદીના કોરિયન કલાકૌશલની દ્યોતક છે. ચીની માટીની આ કૃતિ એક પાત્ર છે, જેમાં અશ્વની પીઠ પર રાખેલા વાટકી જેવા માર્ગે રેડેલું પ્રવાહી ઘોડાના પેટમાં સંઘરાય છે અને જરૂર પડયે તેની છાતી પાસે ગોઠવેલા નાળચા દ્વારા બહાર કાઢી શકાય છે.

STATEMENT of ownership and other particulars about the newspaper 'Kumar'

as required to be published under rule 8 of the Registration of Newspapers (Central) Rules 1956.

1. Place of Publication . . .	Kumar Printery, 1454 Raipur, Ahmedabad-1
2. Periodicity of its Publication . .	Monthly
3. Printer's Name & Nationality . .	Ashokbhai B. Rawat (For Kumar Karyalaya Ltd.) Indian
Address	1454 Raipur, Ahmedabad-1
4. Publisher's Name & Nationality . .	Ashokbhai B. Rawat (For Kumar Karyalaya Ltd.) Indian
Address	1454 Raipur, Ahmedabad-1
5. Editor's Name & Nationality . .	Biharilal J. Tank Indian
Address	1454 Raipur, Ahmedabad-1

6. Names and addresses of individuals who own the newspaper and are partners or share holders holding more than one per cent of the total capital. (1) Chinubhai C. Shah and Mangalagauri Chinubhai Shah, 22 B.N. Kapol Nivas, Vincent Road, Bombay-19 (2) Chhotalal Jivraj Sheth 125 Medows Street, Bombay-1 (3) Indumati Chaitanyaprasad Diwanji, 'Paradise', Shahibag, Ahmedabad-4 (4) Mahendrabhai Shantilal Shah, Shahibag, Ahmedabad-4 (5) Kusumben Champaklal Banker, Kochrab, Opp. Kagdiwad, Ahmedabad-6 (6) Dhirendra Nanjibhai Mehta, Swastik Bhuvan, Uganda Road, Porbandar (7) Lady Tanumati Chinubhai, Shanti Kunj, Shahibag, Ahmedabad-4 (8) Parshuram Premshanker & Rameshchandra P. Raval, C/o Raval Bros., 185 Princess St., Bombay-2 (9) Isuf Abdul Qaiyum Faizullabhai, Karim Bag, Athva Lines, Surat (10) Bhartiben Ramakant Mehta, Moti Mahal, Churchgate Reclamation, Bombay-1 (11) Jadavlaxmi R. Kamani and Poonamchand R. Kamani, Kamani Chambers, Bombay-1 (12) Bai Triveni, Widow of Pranjivan K. Desai, 47 C. P. Tank, Madhav Bag, Bombay-4 (13) Narendra Ravishanker Raval, Brahmin Mitra Mandal Society, Ahmedabad-6 (14) Gajendra Ravishanker Raval, Brahmin Mitra Mandal Society, Ahmedabad-6 (15) Kanak Ravishanker Raval, Brahmin Mitra Mandal Society, Ahmedabad-6 (16) Mrs. Rashmibala D. Trivedi & Miss Rajanibala K. Pandya, 587, 18th Road, Khar, Bombay-21 (17) Prabhudas Balubhai Patwari & Smt. Savita Prabhudas Patwari, 46 Parimal Society, Ahmedabad-6 (18) Girdharlal Damodardas, 'Prerana', Ambavadi, Ellis Bridge, Ahmedabad-6 (19) Janardan Pranshanker Raval, Mahashanker Bhuvan, Takhteshvar, Bhavnagar (20) Lt. Col. (Retd.) Balvantrai J. Bhatt, Maun Appartments, Near Bhatt Mevada Chhatralaya, Mithakhali Char Rasta, Ellis Bridge, Ahmedabad-6 (21) Purushottam G. Mavalankar & Purnima P. Mavalankar, 'Gopika' Maharashtra Society, Ellis Bridge, Ahmedabad-6 (22) Bachubhai P. Rawat, Brahmin Mitra Mandal Society, Ahmedabad-6 (23) Hiralal Harilal Bhagwati, 169 New Cloth Market, Ahmedabad-2 (24) Biharilal Popatlal Shah, Jagabhai Park, Lala Lajapatray Road, Maninagar, Ahmedabad-2 (25) Vyomeshchandra R. Trivedi C/o J. A. Trivedi Bors. Balaghat (M.P.) (26) Kirankumar R. Trivedi C/o. J. A. Trivedi Bros. Balaghat (M. P.) (27) Hitenkumar B. Trivedi C/o. J. A. Trivedi Bros. Balaghat (M. P.) (28) Rajivkumar B. Trivedi C/o. J. A. Trivedi Bros. Balaghat (M. P.) (29) Bhuvnesh M. Trivedi C/o. J. A. Trivedi Bros. Balaghat (M. P.) (30) Nikhilish M. Trivedi C/o. J. A. Trivedi Bros. Balaghat (M. P.) (31) Shri Bhalchandra Ratilal Shah, ABC Nursery Compound, Near Nagri Hospital, Ellis Bridge, Ahmedabad-6

I, Ashok B. Rawat, hereby declare that the particulars given above are true to the best of my knowledge and belief. Dated this 27th day of Feb. 1984

Sd./ A. B. Rawat, Publisher

ગેલન (અનુ. પૃ. ૫૪થી) ૧૨૪ જેટલા તો ફિલસૂફી અને વિવેચનના ગ્રંથો હતા. પ્રાચીન 'કૉમેડી' પર પણ એણે પાંચ નિબંધો લખેલા. આમાંનું બહુ ઓછું લખાણ હાલ પ્રાપ્ય છે. એના નામનું જે લખાણ છે, તેમાં ૯૮ કૃતિઓ તો એની છે જ, ૧૯ અંગે શંકા છે, ૪૫ કદાચ બનાવટી છે, અને ૧૯નો માત્ર અંશ જ લભ્ય છે. ઈ. ૧૯૧માં રોમમાં લાગેલી એક આગમાં એનું ઘણું લખાણ નાશ પામ્યાની નોંધ મળે છે.

પ્રાયોગિક ફિઝિયોલૉજી (દેહધર્મ-શાસ્ત્ર)ના સ્થાપક તરીકે તેની ખ્યાતિ છે. પ્રાચીન વૈદ્યોમાં હિપોક્રેટિસ પછી ગેલનનું સ્થાન છે. ચોકસાઈની પૂર્ણતાની દૃષ્ટિએ શરીરરચના સંબંધી એની શોધો એ કાળના આ ક્ષેત્રમાં અદ્વિતીય રહી છે. સંવેદન વિનાના પ્રસ્વેદની તેને સમજ હતી. કંઠનાળના જ્ઞાનતંતુઓને તેણે સફળતાથી સાંધી જોયા હતા. કરોડરજ્જુના વિવધિ સ્થાને તેણે છેદન કરી જોયાં હતાં. સંવેદનાવાહક જ્ઞાનતંતુઓ, કામવિકાર વગેરે વિષે તેણે નિરીક્ષણો કર્યાં હતાં. ઉદરપટલના જ્ઞાનતંતુઓ કપાતાં જે પરિણામ આવે તેની તેણે સાચી તારવણી કરેલી. જેને તેણે સ્નાયુ કહેલા તે હૃદયના તંતુઓના ત્રણ સ્તરોનું તેણે સાચું વર્ણન કરવા સાથે એણે સામાન્ય માંસપેશીઓ કરતાં તે ભિન્ન હોઈ તેનું કાર્ય સંકલ્પથી સ્વતંત્ર હોવાનું એણે જ પ્રથમ બતાવેલું. હૃદયના વાલ્વનું પણ એણે વર્ણન આપેલું અને કદાચ ધમનીઓની રચનાની પણ તેને જાણ હતી. રક્તવાહિનીઓમાં પેદા થતી ક્ષતિઓ પણ તેણે વર્ણવી છે, અને મૂત્રવહન કરાવવા 'કૅથેટર'નો ઉપયોગ પણ એ જાણતો હતો. ધર્મ અને તત્ત્વજ્ઞાનના ઇતિહાસમાં પણ તેને ઊંડો રસ હતો. જગતના સર્જનહાર તરીકે ઈશ્વરમાં તેને ઊંડી શ્રદ્ધા હતી, અને ઈશ્વરના ઉદ્દેશોને પામવા માટે તેનાં સર્જનોનો ઊંડો અભ્યાસ જરૂરી હોવાની તેની માન્યતા એ કાળે આગવી જ હતી. તત્કાલીન વિચારધારા અંગે એણે આગવાં તારણો કર્યાં હતાં. બાઈબલના ગ્રંથો પણ તેણે વાંચેલા, ને એકેશ્વરવાદી હોવા છતાં તેણે ખ્રિસ્તી ધર્મના પક્ષમાં પણ ઘણું લખેલું છેવટ કદાચ તેણે એ ધર્મ અંગિકાર પણ કર્યો હતો. ઈ. ૨૦૦માં સિસિલીમાં તેનું અવસાન થયાનું મનાય છે.

એણે પોતે જ કરેલી ફરિયાદ પ્રમાણે એનું કાર્ય એના સમયમાં કદાચ યોગ્ય સ્વીકૃતિ પામ્યું ન પણ હોય, એના ધાર્મિક પૂર્વગ્રહો અને આવેગયુક્ત વક્તવ્યો ત્યારે અવૈજ્ઞાનિક ગણાયાં હોય. ગૂઢ અધ્યાત્મવાદ તરફ ઢળતી જતી પ્રજાને એ વેળા એનાં સંશોધનોમાં કદાચ રસ ન પડયો હોય એવું યે બન્યું હશે. પરંતુ તે પછીની પેઢીઓએ આ અન્યાય સુધારી લીધો હતો. —બિ.